દૈનિક
મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 308 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ સુદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 December 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
R.N.I. No. 1563/1957 ★
મંગળવાર, ૩૦ ડિસેમ્બર ૨૦૨૫,(૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭

(ના)રાજીનામાની સંગીત ખુરશી

બીએમસી ચૂંટણીમાં ટિકિટ ન મળતાં ભલભલા ઉમેદવારોની એક પક્ષમાંથી બીજામાં કૂદાકૂદની શરૂઆત થઈ ગઈ છે

બળવાના ભયે પક્ષો પણ ચૂપચાપ 'એબી' ફૉર્મ આપી રહ્યા છે

બીજી તરફ, બળવાખોરને બીજો પક્ષ ટિકિટ આપવા તત્પર બેઠો હોય એવું લાગે છે

આજે ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચૂંટણી જાહેર થયા પછી રાજકીય પક્ષો અને કાર્યકરોના ધમપછાડા ચાલુ થયા હતા, જે હવે ચરમસીમાએ પહોંચી રહ્યા છે. મહાનગરપાલિકાઓની ચૂંટણી માટે પક્ષો દ્વારા ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરવામાં આવી એની સાથે ભલભલા ઉમેદવારોની એક પક્ષમાંથી બીજામાં કૂદાકૂદ ચાલુ થઈ ગઈ છે. ભાજપ, શિંદેસેના અને મનસે દ્વારા તો હજુ સત્તાવાર યાદીની જાહેરાત પણ નથી કરાઈ ત્યાં જ નારાજ ઉમેદવારો વચ્ચે રાજીનામાંની સંગીત ખુરશી રમાવા લાગી છે. બળવાના ભયે પક્ષો દ્વારા ચૂપચાપ 'એબી' ફૉર્મ આપવામાં આવી રહ્યા છે તો બીજી બાજુ, બળવાખોરોને પોતાના (જુઓ પાનું ૨) ▸▸

પુણે, નાશિકમાં ભાજપ સાથે શિંદેના છૂટાછેડા

મુંબઈઃ મહાપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાનો મંગળવારે છેલ્લો દિવસ છે ત્યારે નાશિક બાદ હવે પુણેમાંથી પણ આંચકાજનક સમાચાર આવી રહ્યા છે. મહાયુતિમાં સામેલ શિંદેસેના અને ભાજપ વચ્ચે છેલ્લા અનેક દિવસોથી ચાલતી ચર્ચા નિષ્ફળ જતાં પુણેમાં યુતિમાં ભંગાણ પડ્યું છે. ભાજપ તરફથી સન્માનજનક સીટો ન મળી હોવાનું કારણ દર્શાવી હવે એકનાથ શિંદે (જુઓ પાનું ૨) ▸▸

અરવલ્લીઃ સુપ્રીમ કોર્ટની ગુલાંટ, પોતાના આદેશ પર સ્ટે આપ્યો

કેન્દ્ર-રાજ્ય સરકારોને નોટિસ મોકલીઃ ફેંસલા પહેલા નિષ્ણાતોની નિષ્પક્ષ ને સ્વતંત્ર તપાસની જરૂર હોવાનું કહ્યું

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે અરવલ્લી પર્વતમાળા મામલે ૨૦ નવેમ્બરના રોજ આપેલા પોતાના નિર્ણય પર સ્ટે મૂક્યો હતો. કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને નોટિસ જાહેર કરીને તેમના જવાબો માગ્યા છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતના નેતૃત્વ હેઠળની ત્રણ સભ્યોની બેન્ચે આ કેસની સુનાવણી કરી હતી. આ કેસની આગામી સુનાવણી ૨૧ જાન્યુઆરીએ થશે. અરવલ્લી પર્વતમાળાને લગતા એક મહત્ત્વપૂર્ણ કેસમાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી સ્પષ્ટતા માગી છે અને વર્તમાન પરિભાષા પર સવાલ ઉઠાવ્યા હતા. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે જણાવ્યું હતું કે વર્તમાન વ્યાખ્યા પર્યાવરણીય સંરક્ષણના અવકાશને સંકુચિત કરી શકે છે. કોર્ટે ૨૦ નવેમ્બરના તેના આદેશના અમલીકરણ પર રોક લગાવી હતી. આદેશમાં કહ્યું હતું કે કોઈપણ નિર્ણય લેતા પહેલા નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસ જરૂરી છે. નિષ્ણાતોની બનેલી ઉચ્ચ નિષ્ણાત સમિતિ બનાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને જસ્ટિસ જે. કે. મહેશ્વરી અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બનેલી વેકેશન બેન્ચે આ મુદ્દાની સંપૂર્ણ અને સર્વાંગી તપાસ કરવા માટે ડોમેન નિષ્ણાતોની બનેલી ઉચ્ચ-શક્તિવાળી સમિતિની રચના કરવાનો પ્રસ્તાવ મુક્યો હતો. બેન્ચે સુનાવણી દરમિયાન કહ્યું હતું કે અમે એવું માનીએ છીએ કે સમિતિ દ્વારા રજૂ કરાયેલી ભલામણો ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના ચુકાદામાં આ અદાલત દ્વારા નિર્ધારિત તારણો અને નિર્દેશો સાથે (જુઓ પાનું ૨) ▸▸

ભાંડુપમાં બેસ્ટની બસે અનેકને કચડ્યાઃ ચાર મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પાલિકા દ્વારા સંચાલિત બેસ્ટ બસ સેવાની એક બસની નીચે સોમવારે મોડી રાતે દસ લોકો કચડાઈ ગયા હોવાનો હિચકારો બનાવ નોંધાયો હતો. આ બનાવમાં ચાર લોકોનાં મોત થયાં હોવાનું મોડી રાતે જાણવા મળ્યું હતું. જોકે, આ કેસમાં મરણાંક વધવાની શક્યતા જોવાઈ રહી છે.

સોમવારે રાતે ભાંડુપના સ્ટેશન રોડ વિસ્તારમાં બેસ્ટની બસ રિવર્સમાં લેતી વખતે નોંધાયેલા આ ગમખ્વાર અકસ્માતમાં ડ્રાઈવરે ઝડપથી બસ પાછળ લેવામાં પાછળ ઊભેલા ઘણાં લોકોને અડફેટે લીધા હતા.

આ વિસ્તારમાં મોટા ભાગના સમયે ભારે માત્રામાં રાહદારીઓની અવરજવર રહેતી હોય છે.

પ્રાથમિક માહિતી અનુસાર, બસ રિવર્સ કરતી વખતે રાહદારીઓ સાથે અથડાઈ હતી. ચોક્કસ માહિતી મોડે સુધી મળી શકી નહોતી. પોલીસના જણાવ્યાં મુજબ તપાસ કરવામાં આવી રહી છે.

ડીસીપી હેમરાજ સિંહે આપેલી માહિતી અનુસાર કુલ નવ લોકો બસ નીચે કચડાયા હતા અને તેમાંથી બે મહિલા સહિત ચાર લોકોનાં મોત થયાં હતાં. જ્યારે બાકીના લોકોને નજીકની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. આ અકસ્માત માટે જવાબદાર બેસ્ટના ડ્રાઈવરને પોલીસ દ્વારા કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને બનાવની તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ■

ઉન્નાવ રેપ કેસ

સેંગરને સુપ્રીમ કોર્ટનો ઝટકો

આરોપીને જામીન આપવા તથા સજા સસ્પેન્ડ કરવાના હાઈ કોર્ટના આદેશ સામે મનાઈહુકમ

રેપ-પીડિતાની માતા

કુલદીપ સેંગર

નવી દિલ્હીઃ ઉત્તર પ્રદેશમાં ઉન્નાવ બળાત્કાર કેસની આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. સુપ્રીમ કોર્ટે ૨૦૧૭ના ઉન્નાવ બળાત્કાર કેસમાં દોષિત કુલદીપ સેંગરને મોટો ઝટકો આપતા દિલ્હી હાઈ કોર્ટના જામીન આપવાના અને આજીવન કેદની સજા સ્થગિત કરવાના નિર્ણય પર રોક લગાવી દીધી હતી. આમ તો સેંગરે જેલભેગા થવું પડશે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, જસ્ટિસ જે. કે. મહેશ્વરી અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની વેકેશન બેન્ચે સેંગરને નોટિસ જાહેર કરીને હાઈ કોર્ટના આદેશને પડકારતી સીબીઆઈની અરજી પર તેનો જવાબ માગ્યો હતો. સીબીઆઈ તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ હાઈ કોર્ટના આદેશ પર રોક લગાવવાની બેન્ચને વિનંતી કરી હતી. ખંડપીઠે કહ્યું હતું કે તે આ મામલાની તપાસ કરશે કારણ કે તેના પર વિચારણાની જરૂર છે. ખંડપીઠે કહ્યું હતું કે ૨૩ ડિસેમ્બરના હાઈ કોર્ટના આદેશ બાદ સેંગરને કસ્ટડીમાંથી મુક્ત કરવામાં આવશે નહીં.

ખંડપીઠે કહ્યું હતું કે આ મામલે કાયદાના મહત્ત્વપૂર્ણ (જુઓ પાનું ૨) ▸▸

ટી-૯૦ ટેન્કથી એમઆઈ-૧૭ હેલિકૉપ્ટરઃ ૭૯,૦૦૦ કરોડનાં શસ્ત્રો ખરીદશે ભારત

નવી દિલ્હીઃ ભારતીય સશસ્ત્ર દળોની મારક ક્ષમતા અને આધુનિકીકરણને નવી ઊંચાઈ પર લઈ જવા માટે ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલએ ૭૯,૦૦૦ કરોડ રૂપિયાના મેગા ડીફેન્સ સોદાઓને લીલી ઝંડી આપી દીધી છે. સંરક્ષણ પ્રધાનની અધ્યક્ષતામાં મળેલી આ ઉચ્ચસ્તરીય બેઠકમાં ત્રણેય સેનાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નવા હથિયારોની ખરીદી અને જૂના સંસાધનોના અપગ્રેડેશન પર મહોર મારવામાં આવી છે. આ નિર્ણય માત્ર સેનાને આધુનિક બનાવશે એટલું જ નહીં, પરંતુ 'આત્મનિર્ભર ભારત' અભિયાન હેઠળ સ્વદેશી ટેક્નોલોજીને પણ મોટું પ્રોત્સાહન પૂરું પાડશે. આ મંજૂરી હેઠળ ભારતીય ભૂમિસેનાના શક્તિશાળી 'ટી-૯૦ ભીષ્મ' ટેન્કોને અપગ્રેડ કરવામાં આવશે. આ સાથે જ વાયુસેનાના કરોડરજ્જુ સમાન 'એમઆઈ-૧૭' હેલિકોપ્ટરનું પણ મિડ-લાઈફ અપગ્રેડેશન કરવામાં આવશે.

ભારત આ સિવાય અવાક્સ રડાર અને લેસર ગાઈડેડ મિસાઇલોની પણ ખરીદવાની તૈયારી કરીને લશ્કરને વધુ આધુનિક બનાવવાની ફિરાકમાં છે. ■

ચાંદીમાં જબરી અફડાતફડી

વાયદામાં ભાવ ૨,૫૪,૧૭૪થી ૨,૩૨,૬૩૩ સુધી ગગડ્યાઃ અંતે વાયદામાં આગલા બંધ સામે ૭,૧૨૪નો કડાકો અને હાજરમાં ૭,૩૩૩નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ તાજેતરમાં વૈશ્વિક સ્તરે ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારો તથા કેન્દ્રવર્તી બૅન્કોની પ્રબળ માગ ઉપરાંત એક્સચેન્જ ટ્રેડેડ ફંડોનાં આંતરપ્રવાહને ટેકે ગત શુક્રવારે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં ચાંદીના ભાવ વધીને એક તબક્કે ઔંસદીઠ ૮૩.૬૨ ડૉલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચીને પાછા ફર્યા હતા. તેમ જ ચાંદીના માર્ચ વાયદામાં પણ ભાવ જે વધીને ઔંસદીઠ ૮૨.૬૭ ડૉલર સુધી પહોંચ્યા હતા તે આજે ૪.૫૧ ટકા ઘટીને ઔંસદીઠ ૭૩.૭૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિકમાં આજે એમસીએક્સ ખાતે સત્રના આરંભે ચાંદીના વાયદામાં (જુઓ પાનું ૨) ▸▸

તાઈવાન પર આક્રમણની ચીનની તૈયારીઃ જંગી લશ્કરી કવાયત

બેઇજિંગઃ જાપાન સાથે વધતા રાજદ્વારી તણાવ વચ્ચે ચીની સેનાએ સોમવારે તાઇવાન સામુદ્રધુનીના મધ્ય ક્ષેત્રોમાં નવી લશ્કરી કવાયત શરૂ કરી છે. ચીન તાઇવાન પર પોતાના અધિકારનો દાવો કરે છે. જેને લઇને ચીન અને જાપાન વચ્ચે તણાવ છે.

સરકારી સમાચાર એજન્સી શિન્હુઆએ જણાવ્યું કે ચીની પીપલ્સ લિબરેશન આર્મી(પીએલએ)ના પૂર્વીય થિયેટર કમાન્ડ સોમવારે તાઇવાન સામુદ્રધુનીના મધ્ય વિસ્તારોમાં પાણી અને હવાઇ કવાયત કરવા માટે ફાઇટર જેટ, બોંબર્સ અને માનવરહિત હવાઇ વાહનો(યુએવી)નું સંકલન કરી રહ્યા છે.

એજન્સીએ જણાવ્યું કે આ કવાયતનો ઉદ્દેશ્ય જમીની લક્ષ્યોને નિશાન બનાવવાનો અને મુખ્ય લક્ષ્યો પર ચોક્કસ પ્રહાર કરવાની સૈનિકોની ક્ષમતાનું પરીક્ષણ કરવાનો છે. ચીન તાઇવાનને તેની મુખ્ય ભૂમિનો ભાગ માને છે અને તેને પોતાની સાથે જોડવાનો પ્રયાસ કરે છે. જો કે તાઇવાન પોતાને સ્વતંત્ર રીતે શાસિત માને છે.

આ કવાયતોમાં ફાઇટર જેટ, લાંબા અંતરના રોકેટ અને યુએવીનો ઉપયોગ કરવામાં આવશે. આ કવાયતો એવા સમયે (જુઓ પાનું ૨) ▸▸

જીએસટી રેટ-કટની ઈફેક્ટ

ઔદ્યોગિક ઉત્પાદન જોરમાં, આઈઆઈપી બે વર્ષની ટોચે

નવી દિલ્હીઃ ભારતીય ઔદ્યોગિક ક્ષેત્રે છેલ્લાં બે વર્ષમાં નવેમ્બર મહિનામાં શાનદાર પ્રદર્શન કર્યું છે. વાસ્તવમાં નવેમ્બર ૨૦૨૫માં ઔદ્યોગિક ઉત્પાદનમાં મજબૂત વૃદ્ધિ નોંધાઈ હતી, જે વાર્ષિક ધોરણે ૬.૭ ટકા થઈ હતી, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં પાંચ ટકા હતી.

સોમવારે જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, આ વર્ષે નવેમ્બરમાં ભારતનું ઔદ્યોગિક ઉત્પાદન બે વર્ષની ટોચે ૬.૭ ટકા વધ્યું, જે મુખ્ય કારણ જીએસટી દરોમાં ઘટાડા બાદ ઓર્ડરની સંખ્યામાં વધારો થયાનું રહ્યું હતું. ઈન્ડસ્ટ્રિયલ પ્રોડક્શન ઈન્ડેક્સ (આઈઆઈપી)ના (જુઓ પાનું ૨)

'ચીની' કહી દહેરાદૂનમાં ત્રિપુરાના વિદ્યાર્થીની હત્યા

એ કેસ નથી વાંશિક ભેદભાવનોઃ પોલીસ

નવી દિલ્હીઃ ઉત્તરાખંડના દહેરાદૂનમાં ત્રિપુરાના ૨૪ વર્ષના વિદ્યાર્થી એન્જલ ચકમાની હત્યાને લઈને ઉત્તરાખંડ પોલીસે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. ઉત્તરાખંડ પોલીસે સોમવારે કહ્યું હતું કે તેમને અત્યાર સુધી એવા કોઈ પુરાવા મળ્યા નથી કે દેહરાદૂન ખાતે ૨૪ વર્ષીય ત્રિપુરાના વિદ્યાર્થીની હત્યા વંશીય ભેદભાવના કારણે કરવામાં આવી હતી. તેમણે એ વાત પર ભાર મૂક્યો હતો કે ધરપકડ કરાયેલા પાંચ આરોપીઓમાંથી એક મણિપુરનો છે. નોંધનીય છે કે એન્જલ ચકમાને કથિત રીતે 'ચીની' કહીને બોલાવવામાં આવ્યો હતો અને તેના પર હુમલો કરવામાં આવ્યો હતો જેમાં તેનું મોત થયું હતું.

તપાસ કરનાર પી.ડી. ભટ્ટે જણાવ્યું હતું કે એ આરોપ છે કે ચકમાની હત્યા પહેલા તેના પર વંશીય ટિપ્પણીઓ કરવામાં આવી હતી. હાલમાં આ આરોપો પાણાવિહોણા છે. તેમણે કહ્યું હતું કે અમને (જુઓ પાનું ૨) ▸▸

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

સેંગર પાછો જેલમાં, પણ ગમે ત્યારે છૂટી જાય એવું બને

સુપ્રીમ કોર્ટે ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્ય કુલદીપ સેંગરના કેસમાં દિલ્હી હાઈ કોર્ટે કરેલી ભૂલને હાલ પૂરતી સુધારી લીધી. દિલ્હી હાઈ કોર્ટે ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્ય કુલદીપ સેંગરને ૧૬ વર્ષની સગીરા પર બળાત્કારના કેસમાં થયેલી જનમટીપની સજાનો અમલ મોકૂફ રાખીને સેંગરને જામીન આપી દીધા હતા. આ ચુકાદા સામે સીબીઆઈ સુપ્રીમ કોર્ટમાં ગઈ હતી. દેશના ચીફ જસ્ટિસ સૂર્યકાંતની વડપણ હેઠળની બેંચે સેંગરની સજાનો અમલ મોકૂફ રાખવાના ચુકાદા સામે સ્ટે આપીને સેંગરને પાછો જેલમાં મોકલવા ફરમાન કર્યું છે. સીબીઆઈએ દલીલ કરેલી કે, સેંગરનો અપરાધ અતિ ગંભીર છે અને તેની સામે હજુ હત્યાનો કેસ તો ઊભો જ છે એ જોતાં તેને છોડી જ ના શકાય. આ દલીલ સ્વીકારીને સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે, સેંગરને જામીન મળ્યા છે તો પણ તેને જેલમાંથી નહીં છોડી શકાય.

ઉન્નાવ બળાત્કાર કેસ યોગી માર્ચ, ૨૦૧૭માં મુખ્યમંત્રી બન્યા તેના ત્રણ મહિના પછી બનેલો. ૨૦૧૭ના જૂન મહિનામાં ૧૬ વરસની છોકરીએ ભાજપ ધારાસભ્ય કુલદીપસિંહ સેંગર અને તેમના સાથીદારો પર બળાત્કારનો આક્ષેપ કરતી અરજી કરેલી. છોકરીના પરિવારને સેંગર સાથે કોઈ વાતે વાંધો પડ્યો હશે તેમાં આ છોકરીને ઉઠાવી જવાઈ ને તેના શરીરને ચૂંથીને બળાત્કાર ગુજારાયો. છોકરીને રસ્તા પર ફેંકીને હવસખોરો જતા રહેલા. છોકરી ફરિયાદ કરવા પોલીસ પાસે ગઈ તો પોલીસે ફરિયાદ ના લીધી. બીજા દિવસે છોકરી ગાયબ થઈ ગઈ.

છોકરીના પરિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવી પણ પોલીસને કશું કરવામાં રસ નહોતો તેથી વાત મીડિયા સુધી પહોંચી એટલે ફરિયાદ નોંધાવ્યાના ૯ દિવસ બાદ પીડિતા પાસેના ગામમાંથી મળી. છોકરી સેંગર સામે આક્ષેપો ના કરે એટલે તેના પરિવારને ગોંધી રખાયેલો. તેના કારણે પહેલાં છોકરીએ સેંગરનું નામ નહોતું આપ્યું પણ એક વાર બધાં મુક્ત થયાં પછી સેંગર સામે પરિવારે મોરચો માંડ્યો. સેંગરે છોકરીના પરિવારને ચૂપ રખાવવા તેના ભાઈને મરાવ્યો, તેના પિતાની હત્યા કરાવી ને પરિવારનાં બીજા સભ્યોને પણ મરાવી નાખેલાં એ જોતા તેનો અપરાધ અત્યંત ગંભીર છે તેમાં બેમત નથી.

સુપ્રીમ કોર્ટના ચુકાદાના કારણે હાલ પૂરતું ઘીના ઠામમાં ઘી પડી ગયું છે પણ સેંગર કંડે આપણા કાયદાઓમાં રહેલી ઊણપોને છતી કરી દીધી છે અને ન્યાયતંત્ર દૂધે ધોયેલું નથી એ સાબિત કરી દીધું છે. સેંગરની સજા સાવ વાહિયાત ટેક્નિકલ કારણોસર મોકૂફ રખાઈ છે અને જામીન પણ જજની મુનસફીને આધારે આપી દેવાયા છે. સેંગરને ઉન્નાવની ૧૬ વર્ષની છોકરી પર બળાત્કારના કેસમાં આજીવન કેદની સજા થઈ છે. આ ઉપરાંત છોકરીના પિતાની હત્યાનો કેસ પણ ચાલી રહ્યો છે. સેંગરે આજીવન કારાવાસની કેદની સજા સામે અપીલ કરેલી છે. સેંગરની અપીલનો કેસ બોર્ડ પર આવતો નથી. સેંગરે કેસ ઝડપથી ચાલે એ માટે હાઈ કોર્ટમાં અરજી નાંખેલી.

સેંગરે પોતાની સજા મોકૂફ રખાવવાની અરજીમાં દલીલ કરી છે કે, પોતાને લોકસેવક ગણીને આકરી સજા કરવામાં આવી છે પણ વાસ્તવમાં ધારાસભ્ય લોકસેવકની વ્યાખ્યામાં આવતા જ નથી. હાઈ કોર્ટના જજે આ બકવાસ દલીલને માન્ય રાખી દીધી અને સજા મોકૂફ રાખી દીધી. સેંગરને જામીન પણ ગળે ના ઉતરે એવા કારણસર આપી દેવાયા. હાઈ કોર્ટે એ આધાર પર ચુકાદો આપ્યો છે કે, સેંગર સાત વર્ષથી જેલમાં છે પણ તેમની સજા સામેની અપીલ પર સુનાવણીમાં બહુ વિલંબ થઈ રહ્યો છે. તેના કારણે સેંગરના અધિકારોને અસર થઈ રહી છે તેથી સેંગરને જામીન પર મુક્ત થવાનો અધિકાર છે.

હાઈ કોર્ટનો ચુકાદો બે રીતે આઘાતજનક છે. પહેલી વાત એ કે, હાઈ કોર્ટે સેંગરની સજા મોકૂફ રાખવા માટે એ નિર્દોષ છે એવા કોઈ નવા પુરાવા સેંગરની વકીલો દ્વારા રજૂ કરાયા હોય તો તેને ધ્યાનમાં લેવાના હોય. એવા કોઈ પુરાવા રજૂ કરાયા નથી ને માત્ર ને માત્ર ૧૯૮૪ના ચુકાદાને આધારે સેંગર લોકસેવક નથી એવી દલીલ કરાઈ તેને માન્ય રાખી દેવાઈ. ભલા માણસ, લોકસેવક હોય કે ના હોય તેનાથી શો ફરક પડે ? અપરાધી તો છે ને ? જે નરાધમે ૧૬ વર્ષથી પણ ઓછી ઉંમરની છોકરીને હવસનો શિકાર બનાવીને પીંખી નાંખી, પોતાના પાપને છૂપાવવા માટે ધમપછાડા કર્યા અને હત્યાઓ સુધ્ધાં કરાવી ને જેનો અપરાધ કોર્ટમાં સાબિત થયો છે એ માણસની સજા મોકૂફ રાખીને તેને કઈ રીતે છોડી શકાય ?

બીજું એ કે, હાઈ કોર્ટને સેંગરના કેસની સુનાવણીમાં થઈ રહેલા વિલંબની બહુ ચિંતા થઈ આવી. આ દેશની અદાલતોમાં લાખો કેસ પેન્ડિંગ છે ને તેમાંથી મોટા ભાગના કેસ એવા છે કે જેમની વરસોથી સુનાવણી નથી થતી. સેંગર તો દોષિત ઠરેલો અપરાધી છે પણ માત્ર આરોપી હોય એવા કાચા કામના કેદી હોય એવા હજારો લોકો વરસો સુધી જેલમાં સબડે છે. હાઈ કોર્ટે તેમાંથી કોઈની ચિંતા ના કરી ને સેંગર પર જ હેત કેમ ઊભરાઈ ગયું ? કેમ કે સેંગર પાસે પૈસો છે, પાવર છે ને આ દેશમાં જેની પાસે પૈસો અને પાવર છે એ ધારે એવા ચુકાદા લાવી શકે છે.

સુપ્રીમ કોર્ટે સેંગરને જેલમાં મોકલવાનો આદેશ આપીને હાઈ કોર્ટના જજના ખોટા ચુકાદા પર હાલ પૂરતો ઢાંકપિછોડો કરી દીધો પણ સુપ્રીમ કોર્ટનું વલણ પણ યોગ્ય નથી. ચીફ જસ્ટિસે ટિપ્પણી કરી છે કે, સેંગરની સજા રદ કરનારા અને જામીન આપનારા હાઈ કોર્ટના જજ સારા માણસ છે અને ભૂલ કોઈનાથી પણ થઈ શકે છે. આ ટીપ્પણી સાંભળીને સુપ્રીમ કોર્ટ ન્યાય તોળવા બેઠી છે કે કેરેક્ટર સર્ટિફિકેટ આપવા બેઠી છે એ જ ખબર પડતી નથી.

સેંગરની સજા કેમ મોકૂફ રખાઈ કે તેને કેમ જામીન આપી દેવાયા તેની તપાસ કર્યા વિના સુપ્રીમ કોર્ટ હાઈ કોર્ટના જજને સારા માણસ ગણાવે એ વાત જ ન્યાયના સિદ્ધાંતની વિરુદ્ધ છે. હાઈ કોર્ટના જજ આ કેસમાં શંકાના દાયરામાં છે ત્યારે ચીફ જસ્ટિસ તેમને કઈ રીતે ક્લીન ચિટ આપી શકે ? આપણા ચીફ જસ્ટિસની સારા માણસની વ્યાખ્યા શું હશે એ ખબર નથી પણ અત્યંત ઘૃણાસ્પદ અને અક્ષમ્ય અપરાધમાં દોષિત ઠરેલી વ્યક્તિના કેસમાં ન્યાયનો નહીં પણ દોષિતનો પક્ષ લેનારને કઈ રીતે સારો માણસ ગણાવી શકાય ?

સેંગર હાલ તો પાછો જેલભેગો થયો છે પણ ભવિષ્યમાં શું થશે એ ખબર નથી. ૧૬ વર્ષની છોકરી પર રેપ અને પરિવારની હત્યા કરાવ્યા પછી પણ સેંગર પૂરી સજા ભોગવ્યા વિના છૂટી જાય એવું બની શકે. આ દેશમાં ન્યાયતંત્ર ગમે તે કરી શકે કેમ કે ન્યાયતંત્રનો જવાબ માગનારું કોઈ નથી.

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ,
મંગળવાર, તા. ૩૦-૧૨-૨૦૨૫, પુત્રદા સ્માર્ત એકાદશી

- ભારતીય દિનાંક ૯, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ સુદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ સુદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૮મો રશ્ને, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૧મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર ભરણી મધ્યરાત્રિ પછી ક. ૨૭-૫૭ સુધી, પછી કૃત્તિકા
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૨, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૨, સ્ટા. ટા.

-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-

- ભરતીઃ રાત્રે ક. ૨૦-૫૮
- ઓટઃ બપોરે ક. ૧૩-૫૭, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૪૩ (તા. ૩૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, પૌષ શુક્લ – દસમી. પુત્રદા સ્માર્ત એકાદશી (છાશ), વૈકુંઠ એકાદશી (દક્ષિણ ભારત), મન્વાદિ, શાંબદસમી (ઓરિસ્સા), સૂર્ય પૂજા ઓરિસ્સા, ક્ષય તિથિ છે, ભદ્રા ક. ૧૮-૨૮થી ક. ૨૯-૦૦.
- શુભાશુભ દ્વિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, તર્પણ શ્રાદ્ધ, ઓરિસ્સામાં સૂર્યપૂજા પર્વનો મહિમા, યમદેવતાનું પૂજન, માલ વેંચવો, ધાન્ય ઘરે લાવવું.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ વફાદાર, ચંદ્ર-મંગળ ત્રિકોણ સાહસિક, વ્યવહારુ, બુધ-શનિ ચતુષ્કોણ સંકુચિત મનના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ, ચંદ્ર-મંગળ ત્રિકોણ, બુધ-શનિ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ-ધનુ, વક્રી ગુરુ-મિથુન, શુક્ર-ધનુ (શુક્ર અસ્ત), માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

અમેરિકામાં અકસ્માતઃ બે ભારતીય વિદ્યાર્થિનીનાં જીવ ગયાં

સેન ફ્રાન્સિસ્કો : અમેરિકામાં માર્ગ અકસ્માતમાં બે ભારતીય વિદ્યાર્થિની જીવલેણ અકસ્માતનો શિકાર બની હતી. આ બંને વિદ્યાર્થિની ભારતના તેલંગાણાની રહેવાસી હતી. અમેરિકામાં થયેલા માર્ગ અકસ્માતમાં આ બંને વિદ્યાર્થિનીના મોત થયાં છે. અકસ્માત અંગે આજે પરિવારજનોએ જાણકારી આપવામાં આવી છે. આ અકસ્માત કેલિફોર્નિયાના બિશપ શહેરમાં થયો હતો, જ્યારે બંનેની ઓળખ મેઘના રાની અને કે ભાવના તરીકે કરી છે. અમેરિકાના કેલિફોર્નિયામાં આ અકસ્માત થયો હતો. અકસ્માતમાં મૃત્યુ પામેલી એક વિદ્યાર્થિનીનું નામ મેઘના રાની અને ભાવના તરીકે થઈ છે. બંનેની ઉંમર ૨૪ વર્ષની આસપાસ છે. બંને તેલંગણાના મહબૂબાબાદ જિલ્લાના ગરલા અને મુલકાનુર ગામની વતની હતી. મેઘના અને ભાવના ઉચ્ચ શિક્ષણ માટે અમેરિકા ગઈ હતી. જોકે, અભ્યાસ પૂર્ણ થાય તે પહેલા જ જીવલેણ અકસ્માતનો શિકાર બનતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. જોકે, અમેરિકન સરકાર દ્વારા હજી આ મામલે કોઈ વિગતો આપવામાં આવી નથી.

એઆઈ એજન્ટ બની રહ્યા છે પાવરફુલ, સલામતી માટે ખતરારૂપઃ સેમ ઓલ્ટમેન

સેન ફ્રાન્સિસ્કોઃ ઓપનએઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેને ખુલ્લેઆમ સ્વીકાર્યું છે કે એઆઈ એજન્ટ્સ હવે એક ગંભીર સમસ્યા બનવા લાગ્યા છે અને તેઓ વાસ્તવિક દુનિયામાં જોખમો ઉભા કરી શકે તેટલા શક્તિશાળી બની રહ્યા છે. એક્સ પર એક તાજેતરની પોસ્ટમાં, ઓલ્ટમેને ચેતવણી આપી હતી કે આધુનિક એઆઈ એજન્ટ્સ હવે સુરક્ષાની ગંભીર ખામીઓ શોધી શકે છે, જો તેના પર ધ્યાન આપવામાં ન આવે તો તેનો દુરુપયોગ થઈ શકે છે. તેમણે ઈલોન મસ્કની માલિકીના આ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું છે કે, વધતી જતી ક્ષમતાઓને માપવા માટે આપણી પાસે મજબૂત પાયો છે, પરંતુ આપણે હવે એવી દુનિયામાં પ્રવેશી રહ્યા છીએ જ્યાં આપણે તે ક્ષમતાઓનો દુરુપયોગ કેવી રીતે થઈ શકે તે વિશે વધુ સૂક્ષ્મ સમજ અને માપદંડની જરૂર છે. આપણે આ નકારાત્મક પાસાઓને આપણા ઉત્પાદનો અને વિશ્વ બંનેમાં એવી રીતે મર્યાદિત કરવા પડશે કે જેથી આપણે સૌ તેના જબરદસ્ત ફાયદાઓનો આનંદ માણી શકીએ. આ પ્રશ્નો અઘરા છે.

દિલ્હીમાં પ્રદૂષણ અને ધુમ્મસનો આતંકઃ ટ્રેન, વિમાની સેવા ખોરવાઇ

નવી દિલ્હીઃ ઉત્તર ભારત ભયંકર ઠંડી અને ગાઢ ધુમ્મસની લપેટમાં છે. રવિવાર રાતથી જ દિલ્હી-એનસીઆર સહિતના મેદાની વિસ્તારોમાં વિઝિબિલિટી ઘટીને શૂન્ય સુધી પહોંચી ગઈ છે, જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે.

હવામાન વિભાગે સ્થિતિની ગંભીરતાને જોતા ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ સહિતના રાજ્યો માટે 'ઓરેન્જ અલર્ટ' જાહેર કર્યું છે. આ કુદરતી આફતની સાથે વધતા જતા પ્રદૂષણે સ્થાનિક લોકોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. આને કારણે વાહનવ્યવહારને તો અસર પડી જ છે પરંતુ ટ્રેનો મોડી પડી હતી તેમ જ વિમાની સેવા ખોરવાઈ ગઈ હતી.

ધુમ્મસની સાથે દિલ્હીની હવાની ગુણવત્તા ફરી એક વખત ગંભીર શ્રેણીમાં પહોંચી ગઈ છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના આંકડા મુજબ રવિવારે મોડી રાત્રે અને સોમવારે વહેલી સવારે એક્યૂઆઈ ૪૦૦ને પાર થયો હતો. નિષ્ણાતોના મતે વર્ષ ૨૦૧૯ પછી આ ડિસેમ્બર સૌથી વધુ પ્રદૂષિત સાબિત થઈ રહ્યો છે. પવનની ગતિ ધીમી હોવાને કારણે પ્રદૂષિત કણો જમીન નજીક જમા થઈ રહ્યા છે, જેના કારણે શ્વાસ લેવામાં તકલીફ પડવા જેવી સ્વાસ્થ્ય સમસ્યાઓ વધી શકે છે.

પ્રજામત

મુંબઈ થશે પાઘડી બિલ્ડિંગથી મુક્ત

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ તાજેતરમાં નિવેદન આપ્યું છે કે મુંબઈને પાઘડી બિલ્ડિંગ મુક્ત કરવામાં આવશે. વર્ષોથી પાઘડી બિલ્ડિંગોની સમસ્યા વકરી રહી છે. રિડેવલપમેન્ટનું કામ અટકી ગયું છે. પાઘડી બિલ્ડિંગ જર્જરિત થતા જાય છે. ભાડૂતોને વિવશ થઈને જીવના જોખમે એમાં રહેવું પડે છે. એવામાં આ તકલીફ વહેલાસર દૂર થઈ જાય તો સારું.

-રાજકુમાર ગાંગજી ગાલા (ઘાટકોપર)

ઈર્ષ્યા

ઈર્ષ્યા...ઈર્ષ્યા... બસ જ્યાં જુઓ ત્યાં ઈર્ષ્યા...
ઈર્ષ્યા 'મન'ને બાળે...તનને બાળે...દિલને બાળે...
ઘર...સમાજ ને પણ ઈર્ષ્યા બાળે...
દેશ આખાયને પણ ઈર્ષ્યા...ઈર્ષ્યા...બાળે...
બચી કોઈ શકે જ નહીં, ઈર્ષ્યાની આગમાં...
ક્ષણ એક આવે એવી કે વિશ્વ પણ ચપેટમાં આવે...
ઈર્ષ્યા...ઈર્ષ્યા...શું બચે? સર્વસ્વ બાળે...

-હર્ષદ દડિયા (ઘાટકોપર)

પત્ર મિત્રોને ખાસ સૂચના પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો.
E-mail: prajamat@bombaysamachar.com
ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં.

– તંત્રી

પહેલા પાનાનું ચાલુ

જીએસટી રેટ-કટની ઈફેક્ટ

સંદર્ભમાં માપવામાં આવતા ફેક્ટરી ઉત્પાદનમાં નવેમ્બર ૨૦૨૪માં પાંચ ટકાનો વધારો થયો હતો. છેલ્લો ઉચ્ચતમ સ્તર નવેમ્બર ૨૦૨૩માં ૧૧.૯ ટકા નોંધાયો હતો. તહેવારોની સીઝન અગાઉ દેશમાં માગ અને વપરાશમાં વધારા માટે ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫થી અનેક વસ્તુઓ પર જીએસટી દરોમાં ઘટાડો કરવામાં આવ્યો હતો.

નવેમ્બર ૨૦૨૫માં ભારતના ઔદ્યોગિક ઉત્પાદનમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો હતો. પાછલા વર્ષની તુલનામાં ઈન્ડેક્સમાં ૬.૭ ટકાનો વધારો થયો હતો. આઈસીઆરએના ચીફ ઇકોનોમિસ્ટ અને રિસર્ચ એન્ડ આઉટરીચના હેડ અદિતિ નાયરે જણાવ્યું હતું કે, અમેરિકન ટૅરિફ અને પેનલ્ટીની અસર કેટલાક ઉત્પાદન ક્ષેત્રો પર જોવા મળી શકે છે જે જીએસટી રેટમાં ફેરફારની સકારાત્મક અસરને કેટલાક અંશે ઘટાડશે.

ચાંદીમાં જબરી અફડાતફડી

સતત ચોથા સત્રમાં તેજીનું વલણ જળવાઈ રહેતાં ભાવ વધીને એક તબક્કે કિલોદીઠ રૂ. ૨,૫૪,૧૭૪ની ટોચે પહોંચ્યા હતા, પરંતુ ત્યાર બાદ વિશ્વ બજારમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં પીછેહઠ જોવા મળતાં સ્થાનિકમાં વાયદાના ભાવમાં અંદાજે ત્રણ ટકા જેટલો ઘટાડો આવ્યો હતો અને ભાવ ગગડીને ૨.૩૨ લાખ સુધી પહોંચ્યા હતા.

જોકે, આજે હાજર બજારમાં વાયદાથી વિપરીત ગત શુક્રવારના બંધ સામે સત્રના અંતે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૭૩૩૩ના સુધારા સાથે રૂ. ૨,૩૫,૪૪૦ના મથાળે બંધ રહ્યા હતા. આમ હાજર અને વાયદામાં સામસામા રાહ જોવા મળ્યા હતા.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે એમસીએક્સ ખાતે ચાંદીના વાયદામાં ભાવ એક તબક્કે વધીને કિલોદીઠ રૂ. ૨,૫૪,૧૭૪ના શિખરે પહોંચ્યા બાદ વિશ્વ બજારનાં નિરુત્સાહી અહેવાલે આગલા બંધ સામે કિલોદીઠ રૂ. ૭૧૨૪ અથવા તો ૨.૯૭ ટકાના ઘટાડા સાથે રૂ. ૨,૩૨,૬૬૩ના મથાળે બંધ રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત સપ્તાહે ચાંદીના વાયદામાં કિલોદીઠ રૂ. ૩૧,૩૪૮ અથવા તો ૧૫.૦૪ ટકાનો તોતિંગ ઉછાળો જોવા મળ્યો હતો.

આજે હાજરમાં ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર મધ્યસત્ર દરમિયાન ૯૯૯ ટચ ચાંદીમાં ગત શુક્રવારના વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે વેરારરહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૫,૩૭૬ ઉછળી આવ્યા હતા, પરંતુ ત્યાર બાદ વિશ્વ બજારમાં નફારૂપી વેચવાલીનું દબાણ જોવા મળતાં સત્રના અંતે ભાવ આગલા બંધ સામે માત્ર રૂ. ૭૩૩૩ના સુધારા સાથે રૂ. ૨,૩૫,૪૪૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ઊંચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી અને માત્ર ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી. વધુમાં આજે સત્રના અંતે વિશ્વ બજાર પાછળ હાજરમાં વેરારરહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૭૧ ઘટીને રૂ. ૧,૩૬,૨૩૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૧૭૫ના ઘટાડા સાથે રૂ. ૧,૩૬,૭૮૧ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં પણ ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સેંગરને સુપ્રીમ કોર્ટનો ઝટકો

સવાલ ઉઠે છે અને કેસની સુનાવણી ચાર અઠવાડિયા પછી કરવામાં આવશે. નોંધનીય છે કે ઉન્નાવ બળાત્કાર કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા સેંગરની જેલની સજાને દિલ્હી હાઈ કોર્ટે એમ કહીને સ્થગિત કરી દીધી હતી કે તે પહેલાથી જ સાત વર્ષ અને પાંચ મહિના જેલમાં રહી ચૂક્યો છે.

સેંગરની સજા હાઈ કોર્ટ દ્વારા બળાત્કાર કેસમાં તેમની દોષિત ઠરાવવા અને સજાને પડકારતી તેમની અપીલ પેન્ડિંગ રહે ત્યાં સુધી સ્થગિત કરવામાં આવી હતી. તેમણે આ કેસમાં ડિસેમ્બર ૨૦૧૯ના ટ્રાયલ કોર્ટના ચુકાદાને પડકાર્યો છે. જોકે, ભાજપમાંથી હાંકી કાઢવામાં આવેલો નેતા હાલમાં જેલમાં રહેશે કારણ કે તે પીડિતાના પિતાના કસ્ટોડિયલ ડેથ કેસમાં પણ ૧૦ વર્ષની સજા ભોગવી રહ્યો છે અને તે કેસમાં તેને જામીન આપવામાં આવ્યા નથી. સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર પહેલી ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ બળાત્કાર કેસ અને અન્ય સંબંધિત કેસોને ઉત્તર પ્રદેશની ટ્રાયલ કોર્ટથી દિલ્હી ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

(ના)રાજીનામાની સંગીત ખુરશી

પક્ષમાં સમાવી તેમને ટિકિટ આપવા પક્ષો તત્પર હોવાનું ચિત્ર ઊભું થયું છે.

મહાપાલિકાની ચૂંટણીને પગલે અનેક રાજકીય ઊથલપાથલ અને નાટ્યાત્મક ઘટમાળ જોવા મળી રહી છે. મહાયુતિ તરીકે માત્ર એક જ મહાપાલિકામાં સીટની વહેંચણીની ફોર્મ્યુલા ફાઈનલ થઈ છે. અન્ય મહાપાલિકાની વાત કરીએ તો ક્યાંક ચર્ચા ચાલુ છે તો ક્યાંક અલગ જ યુતિ જોવા મળી રહી છે.

છેલ્લા કેટલાક દિવસથી ઉમેદવારોની પસંદગી મુદ્દે તર્કવિતર્ક લગાવાઈ રહ્યા છે, પરંતુ સોમવારથી પક્ષો દ્વારા ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવતાં નારાજ ઉમેદવારો પોતાનો પક્ષ છોડી બીજા પક્ષો તરફ ભાગી રહ્યા છે. આમાં સૌથી મોટો ફટકો ભાજપને બોરીવલીમાં લાગ્યો હતો. ગુજરાતી બહુમતીવાળો વિસ્તાર ગણાતો બોરીવલી ભાજપનો ગઢ બની ગયો હતો, પરંતુ હવે આ ગઢના કાંગરા ખરવા લાગ્યા છે. બોરીવલીનાં ભાજપનાં ભૂતપૂર્વ નગરસેવિકા આસાવરી પાટીલને ટિકિટ ન મળતાં સોમવારે તે શિવસેના (યુબીટી)માં જોડાયાં હતાં અને સૌના આશ્ચર્ય વચ્ચે મહાપાલિકા માટે તેમને ઉમેદવારી પણ આપવામાં આવી હતી. અત્યાર સુધીમાં આસાવરી પાટીલ સહિત ઘાટકોપરના રાખી જાધવ અને વિક્રોલીનાં મનીષા રહાટેનું નામ સામે આવ્યું છે. એનસીપી (એસપી)નાં ભૂતપૂર્વ નગરસેવિકા રાખી જાધવ ભાજપમાં જોડાયાં હતાં તો મનીષા રહાટે અજિત પવાર જૂથમાં જોડાયાં હતાં. પક્ષમાં જોડાતાં જ તેમને ટિકિટ પણ મળી હોવાનું ચર્ચાતું હતું.

આ વખતની ચૂંટણીમાં ભાજપે મરાઠી અભિનેત્રી નિશા પરુળેકરને ઉમેદવારી આપતાં કાર્યકરો ચોંકી ઊઠ્યા હતા. પરુળેકરને વૉર્ડ નંબર-૨૫માંથી ટિકિટ આપવામાં આવી હતી.

આવા બીજા પણ ઉમેદવારો છે, જે નારાજ થવાને કારણે પોતાના પક્ષને બાય બાય કરી બીજા પક્ષમાં જોડાઈ રહ્યા છે.

અરવલ્લીઃ સુપ્રીમ કોર્ટની ગુલાંટ

સ્થગિત રાખવામાં આવે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કેટલાક મુદ્દાઓ છે જેના માટે સ્પષ્ટતાની જરૂર પડશે. તેમણે સુઓમોટો કેસની સુનાવણી દરમિયાન કેન્દ્ર અને અન્ય લોકોને નોટિસ ફટકારી અને ૨૧ જાન્યુઆરીના રોજ વધુ સુનાવણી માટે મુલતવી રાખી હતી.

નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટે ૨૦ નવેમ્બરના રોજ અરવલ્લી ટેકરીઓ અને પર્વતમાળાઓની એક સમાન વ્યાખ્યા સ્વીકારી અને નિષ્ણાતોના અહેવાલ જાહેર ના કરાય ત્યાં સુધી દિલ્હી, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતના તેના વિસ્તારોમાં નવી માઈનિંગ લીઝ આપવા પર પ્રતિબંધ મૂક્યો હતો. વિશ્વની સૌથી જૂની પર્વતમાળાના રક્ષણ માટે અરવલ્લી ટેકરીઓ અને પર્વતમાળાઓની વ્યાખ્યા અંગે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયની સમિતિની ભલામણો સર્વોચ્ચ અદાલતે સ્વીકારી હતી.

સમિતિએ ભલામણ કરી હતી કે અરવલ્લી પર્વતમાળાઓની આજુબાજુની જમીન કરતાં ૧૦૦ મીટર કે તેથી વધુની ઊંચાઈ ધરાવતો ડુંગર અથવા તો પર્વતનો ભાગ જ અરવલ્લી પર્વતમાળાનો ભાગ ગણવામાં આવશે. અરવલ્લી પર્વતમાળા એ એકબીજાથી ૫૦૦ મીટરના અંતરે બે કે તેથી વધુ ટેકરીઓનો સંગ્રહ હશે. સમિતિએ અરવલ્લી પર્વતોને વ્યાખ્યાયિત કરતી વખતે કહ્યું હતું કે, ''અરવલ્લી જિલ્લામાં સ્થિત કોઈપણ ભૂમિ સ્વરૂપ, જે સ્થાનિક ભૂપ્રદેશથી ૧૦૦ મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવે છે, તેને અરવલ્લી પર્વત સ્વરૂપ કહેવામાં આવશે.

પુણે, નાશિકમાં ભાજપ સાથે શિંદેના છૂટાછેડા

અજિત પવારની એનસીપી સાથે જોડાણ સાથે એવા સંજોગો ઊભા થયા છે. મહાપાલિકાની ચૂંટણી માટે રાજ્યમાં માત્ર કોલ્હાપુરમાં જ મહાયુતિ સફળ રહી છે. બાકીની મહાપાલિકાઓમાંથી ક્યાંક ચર્ચા શરૂ છે તો ક્યાંક બીજા પક્ષો દ્વારા યુતિ કરવામાં આવતી હોવાથી મતદારો વિમાસણમાં મુકાઈ ગયા છે. કોલ્હાપુરમાં જગ્યાની વહેંચણીમાં ભાજપ મોટો ભાઈ સાબિત થયો છે. અહીં ભાજપ ૩૬, શિવસેના ૩૦ અને અજિત પવારની એનસીપી ૧૫ જગ્યા પર ચૂંટણી લડવાની છે. બે દિવસ મૅરથન બેઠક પછી મહાયુતિના નેતાઓએ આની જાહેરાત કરી હતી.

અત્યારે મુંબઈ મહાપાલિકામાં પણ ભાજપ અને શિંદેસેના વચ્ચે સીટ મામલે ખેંચતાણ ચાલી રહી છે. ૨૦ જગ્યા પર અંતિમ નિર્ણય લેવાયો ન હોવાથી આ કોકડું વણઊકલ્યું છે. આવામાં પુણેના રાજકારણમાં મોટો ટ્વિસ્ટ જોવા મળ્યો છે. મુંબઈ બાદ બધાની નજર પુણે અને પિંપરી ચિંચવડ મહાપાલિકા પર હતી. પુણેમાં અજિત પવારની એનસીપી શરદ પવારની એનસીપી સાથે ચૂંટણી લડવાની છે ત્યારે હવે શિંદેસેના પણ અજિત પવાર સાથે ચર્ચા કરી રહી છે. શિંદેસેના દ્વારા અજિત પવારને એક પ્રસ્તાવ આપવામાં આવ્યો હોવાનું કહેવાય છે. એનસીપીને ૩૫થી ૪૦ સીટ આપવાની તૈયારી શિંદેસેનાએ બતાવી છે. જોકે આ યુતિના માધ્યમથી શિંદેસેના દ્વારા ભાજપ પર દબાણ લાવવામાં આવી રહ્યું હોવાની ચર્ચા પણ છે. શિવસેના પચીસ સીટ પર લડવા મક્કમ હતી, પણ બે દિવસથી ભાજપ તરફથી કોઈ સકારાત્મક જવાબ ન મળતાં સેનાએ અજિત પવાર સાથે ચર્ચા કરી હોવાનું સૂત્રોનું કહેવું છે.

એ કેસ નથી વાંશિક ભેદભાવના

અત્યાર સુધી આ ઘટનાને જાતિવાદ સાથે જોડતા કોઈ પુરાવા મળ્યા નથી. આવા આરોપોનો કોઈ આધાર નથી. ભટ્ટે કહ્યું હતું કે ચકમા પર એક દારૂની દુકાન નજીક હુમલો કરવામાં આવ્યો હતો જ્યાં મણિપુરનો આરોપી સૂરજ તેના પુત્રનો જન્મદિવસ ઉજવી રહ્યો હતો. ચકમા અને તેના ભાઈ માઈકલ પણ એ જ દુકાનમાંથી દારૂ ખરીદી રહ્યા હતા. ભટ્ટે કહ્યું હતું કે ''બંને પક્ષો વચ્ચે ઝઘડો થયો, જે બાદમાં હિંસક બન્યો હતો અને જેના કારણે ચકમાનું મોત થયું હતું.''

માઈકલે જણાવ્યું હતું કે તેઓ ૯ ડિસેમ્બરે કરિયાણાનો સામાન ખરીદવા માટે બહાર નીકળ્યા હતા ત્યારે નશામાં ધૂત લોકોના એક જૂથે ઝઘડો શરૂ કરી દીધો હતો, વંશીય ટિપ્પણીઓ પર કરી હતી અને ચકમા પર ચાકૂ વડે હુમલો કર્યો હતો. બાદમાં ચકમાને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં તેનું ૨૬ ડિસેમ્બરે મૃત્યુ થયું હતું. ભટ્ટે કહ્યું કે છઠ્ઠો આરોપી ફરાર છે, તે નેપાળનો છે. અમે તેને શોધી રહ્યા છીએ. અમારી ટીમો નેપાળમાં છે. તેની ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે.

તાઈવાન પર આક્રમણની ચીનની તૈયારી

થઇ રહી છે જ્યારે અમેરિકાએ તાઇપેઇ માટે ૧૧.૧ અબજ ડોલરના રેકોર્ડ હથિયાર પેકેજને મંજૂરી આપી છે. જેની ચીને આકરી ટીકા કરી છે. આ સાથે તાઇવાનને લઇને જાપાન સાથે પણ રાજદ્વારી તણાવ વધી ગયો છે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે તાઇવાન માટે ૧૧.૧ અબજ અમેરિકન ડોલરના હથિયાર પેકેજને મંજૂરી આપી દીધી છે.

ઠાકરે સેનાના ૧૦૦થી વધુ ઉમેદવારને ‘એબી’ ફોર્મ

ભૂતપૂર્વ નગરસેવકોની સાથે નવા ચહેરાઓને મળી તક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ૨૦૨૬માં થનારી ચૂંટણી આ વખતે ઉદ્ધવ ઠાકરેને તેમના પક્ષનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે બહુ મહત્ત્વની સાબિત થવાની છે. શિવસેનામાં ભાગલા થયા બાદ પક્ષના અનેક ભૂતપૂર્વ નગરસેવકો શિંદે સેનામાં જોડાઈ ગયા છે, તેથી ઉદ્ધવ ઠાકરે પાસે ગણ્યાગાંઠયા ભૂતપૂર્વ નગરસેવકો બચ્ચા હોઈ તેમની સાથે જ પક્ષના જૂના નિષ્ઠાવાન કાર્યકર્તાઓ અને પક્ષમાં રહેલા યુવા અને મહિલા ચહેરાને તક આપી છે. યુબીટીએ ૧૦૦થી વધુ ઉમેદવારને ‘એબી’ ફોર્મ વહેંચ્યાં હતાં. મોટાભાગના ઉમેદવારો આજે જઈને ઉમેદવારી દાખલ કરશે.

શિવસેના અને મનસે આ વખતની ચૂંટણી સાથે લડવાના છે અને બંને ભાઈઓ માટે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા ભાજપ અને શિંદે સેનાને મળીને સામનો કરવાના છે. બંને પક્ષો બેઠકની વહેંચણીને મુદ્દે ફાઈનલ થયા બાદ છેલ્લે સુધી સત્તાવાર રીતે ઉમેદવારના નામ જાહેર કરવામાં આવ્યાં નહોતાં. બળવાના ડરે છેલ્લે સુધી નામ જાહેર કરવાને બદલે ઉદ્ધવની યુબીટીએ માતોશ્રીમાં બોલાવીને સોમવાર સાંજ સુધીમાં ૧૦૦થી વધુ ઉમેદવારને ‘એબી’ ફોર્મ આપ્યાં હતાં, જેમાં અનેક યુવા નેતા અને મહિલાઓનો સમાવેશ થાય છે.

વર્ષોથી પક્ષ માટે કામ કરનારા અને શિંદે ગ્રૂપમાં અનેક લોકો જોડાઈ ગયા બાદ પણ ઉદ્ધવ સાથે રહેનારા લોકોએ ઉમેદવારી નહીં મળતા પક્ષના અનેક નિષ્ઠાવાન અને વરિષ્ઠ કાર્યકર્તાઓ તેમને ઉમેદવારી નહીં મળવાને કારણે જાહેરમાં નારાજગી દર્શાવી હતી. જોકે ઉદ્ધવ ઠાકરેએ નારાજ થયેલા લોકોને સમજાવ્યા હોવાનું કહેવાય છે.

‘એબી’ફોર્મ વહેંચ્યા તેમાં ભૂતપૂર્વ નગરસેવકોમાં વોર્ડ નંબર ૫૯ શૈલેશ ફણસે , વોર્ડ નંબર ૫૪માંથી અંકિત પ્રભુ જેઓ ભૂતપૂર્વ મેયર અને વિધાનસભ્ય સુનીલ પ્રભુના પુત્ર છે તેને ઉમેદવારી આપી છે. વોર્ડ નંબર ૬૨માંથી ઝીશાન ચંગેજ મુલતાની વોર્ડ નંબર ૬૩માંથી ભૂતપૂર્વ નગરસેવક દેવેન્દ્ર(બાળા) આંબેકર, વોર્ડ ૬૪માંથી સબા હારુન ખાન, વોર્ડ નંબર ૮૭માંથી ભૂતપૂર્વ દિવંગત મેયર વિશ્વનાથ મહાડેશ્વરના પત્ની પૂજા મહાડેશ્વર, ભૂતપૂર્વ મેયર વિશાખા રાઉત, ભૂતપૂર્વ નગરસેવક સચિન પડવળ, રમાકાંત નરહાડે, મિલિંદ વૈદ્ય વગેરેને સમાવેશ થાય છે. ■



સજ્જતાઃ પાલિકાની ચૂંટણી માટે ચૂંટણીપંચ દ્વારા રાજ્યના કર્મચારીઓને છેલ્લી ઘડીની તાલીમ આપવામાં આવી હતી. (અમય ખરાડે)

તીવ્ર સત્તાસંઘર્ષમાં ગુજરાતી સમુદાયનું વલણ બનશે નિર્ણાયક

શહેરની ૭૦ બેઠક પર બહુમતી ધરાવતા ગુજરાતીઓ ઠાકરે બંધુઓની યુતિ, કૉંગ્રેસ-વંચિતનું ગઠબંધન સામે ભાજપનું રક્ષાકવચ બનશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણીઓ - ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ યોજાવાની છે અને એક દિવસ પછી મતગણતરી થવાની છે. ચૂંટણી નજીક આવી રહી હોવાથી શહેરમાં રાજકીય તાપમાન સતત વધી રહ્યું છે. લગભગ ત્રણ વર્ષના વિરામ પછી, મુંબઈની મ્યુનિસિપલ ચૂંટણીઓ આખરે કેલેન્ડર પર પાછી ફરી છે, જે મુખ્ય રાજકીય દળો વચ્ચે તીવ્ર સત્તા સંઘર્ષ થવાના એંધાણ આપે છે અને મુખ્ય મતદારો પર નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં ઘણા મહત્વપૂર્ણ વોર્ડમાં લાંબા સમયથી પરિણામો ફેરવનારા ગુજરાતી મતદારોનો સમાવેશ થાય છે.

૭૪,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું બજેટ ધરાવતી એશિયાની સૌથી ધનિક પાલિકા ફક્ત એક સ્થાનિક મનપા કરતાં ઘણું વધારે મહત્ત્વ ધરાવે છે. ૨૦૨૯ની વિધાનસભા અને ૨૦૨૯ની સામાન્ય ચૂંટણીઓ પહેલા શહેરના મૂડ અને રાજકીય ગતિનું બેરોમીટર હોવાનું માનવામાં આવી રહ્યું છે.

ગુજરાતી મતદારોઃ આખી રમતમાં મુખ્ય દાવેદાર

મુંબઈનો ગુજરાતી સમુદાય - દક્ષિણ મુંબઈના ભાયખલા, ગ્રાન્ટ રોડ, મરીન લાઇન્સ, પરેલ, માટુંગા અને પૂર્વના ઉપનગરો મુલુંડ, ઘાટકોપર, ભાંડુપ અને પશ્ચિમના ઉપનગરો બોરીવલી, કાંદિવલી, મલાડ, સાંતાક્રુઝ, વિલેપાર્લે જેવા વિસ્તારોમાં કેન્દ્રિત - શહેરના સૌથી રાજકીય રીતે મહત્વપૂર્ણ અને સામાજિક રીતે ગતિશીલ મતદાતા વિભાગોમાંનો એક છે. ઐતિહાસિક રીતે, ગુજરાતી મતદારોએ સ્થાનિક શાસનના મુદ્દાઓમાં મજબૂત જોડાણ દર્શાવ્યું છે, ઉમેદવારો અને પક્ષોને સમર્થન આપ્યું છે જે વ્યવસાયિક વિશ્વાસ, માળખાકીય સુવિધા વિતરણ, સ્વચ્છતા સુધારણા અને નાના ઉદ્યોગોના સમર્થન માટે વાત કરી શકે છે.

રાજકીય વ્યૂહરચનાકારો નોંધે છે કે વેપાર, છૂટક અને વાણિજ્યિક ક્ષેત્રોમાં સંકળાયેલા ઘણા ગુજરાતી રહેવાસીઓ, શેરી બજારોથી લઈને વ્યવસાય-મૈત્રીપૂર્ણ નીતિઓ સુધી પ્રભાવ ધરાવે છે અને પાલિકા સંબંધિત મુદ્દા પર અત્યારે તેઓ સંભવિત દાવેદારોનું મૂલ્યાંકન કરી રહ્યા છે. મોટી ગુજરાતી વસ્તી ધરાવતા કેટલાક વોર્ડ ચૂંટણીલક્ષી રીતે સ્પર્ધાત્મક હોવાથી, પક્ષો વ્યવસાય સુવિધા, સાંસ્કૃતિક પ્રતિનિધિત્વ અને શહેરી સેવાઓ પર કેન્દ્રિત આઉટરીચને અનુરૂપ બનાવી રહ્યા છે.

જ્યારે રાષ્ટ્રીય અને રાજ્ય પક્ષના કથાઓ હેડલાઇન્સ પર પ્રભુત્વ ધરાવે છે, ત્યારે પાણી પુરવઠો, કચરો વ્યવસ્થાપન, નાના વ્યવસાયો માટે નિયમનકારી સ્પષ્ટતા અને રહેણાંક માળખા જેવા સ્થાનિક મુદ્દાઓ ગુજરાતી મતદારોની ભાવનાને પ્રભાવિત કરી રહ્યા છે. વિશ્લેષકો સૂચવે છે કે આ સમુદાય - તેના ગાઢ પડોશી નેટવર્ક અને વ્યવસાય સંગઠનો સાથે - નજીકના વોર્ડમાં નિર્ણાયક પરિબળ બની શકે છે જ્યાં માર્જિન પાતળું હોવાની અપેક્ષા છે.

ગઠબંધનનું રાજકારણ અને સ્પર્ધાત્મક ભૂપ્રદેશ

ભારતીય જનતા પાર્ટી અને એકનાથ શિંદેની શિવસેના (શિંદે જૂથ)ના નેતૃત્વમાં શાસક મહાયુતિએ વિગતવાર બેઠક વાટાઘાટો અને ઉમેદવારોનું આયોજન શરૂ કર્યું છે. શિવસેના જેવા ભાગીદારો દ્વારા વધુ સારું પ્રતિનિધિત્વ મેળવવા માટે દબાણ વચ્ચે બેઠક વહેંચણી પર ચર્ચા ચાલુ છે.

બીજી બાજુ, ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી), કોંગ્રેસ અને અન્ય સાથી પક્ષો સહિત મહા વિકાસ આઘાડી (એમવીએ) સ્થાનિક જવાબદારી, માળખાકીય સુવિધા અને પારદર્શક શાસન પર કેન્દ્રિત નેરેટિવ રજૂ કરી રહી છે. મહારાષ્ટ્રમાં તાજેતરની નગરપાલિકા-નગરપંચાયતની ચૂંટણીઓમાં મહાયુતિના મજબૂત પ્રદર્શન બાદ વિપક્ષ મુંબઈને એક મહત્વપૂર્ણ કસોટી તરીકે જુએ છે.

સ્પર્ધામાં એક નવો વળાંક ઉમેરતા, આમ આદમી પાર્ટી (આપ)એ જાહેરાત કરી છે કે તે તમામ ૨૨૭ વોર્ડ પર ઉમેદવારો ઉભા રાખશે, જે મત માટેની સ્પર્ધાને વધુ તીવ્ર બનાવશે.

જમીની વાસ્તવિકતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું

૨૮ ડિસેમ્બર સુધીમાં, ૩૦ ડિસેમ્બરની સમયમર્યાદા પહેલા નામાંકન ફાઇલિંગ સતત આગળ વધી રહ્યું છે, જેમાં રાજકીય સ્પેક્ટ્રમના ઉમેદવારો ચૂંટણી લડવા માટે નોંધણી કરાવી રહ્યા છે. ડુપ્લિકેટ એન્ટ્રીઓ અંગેની ચિંતાઓને પગલે ચૂંટણી આયોજનમાં મતદાનની પહોંચ વધારવા, ચૂંટણી કર્મચારીઓને તાલીમ આપવા અને મતદાર યાદીની ચોકસાઈની આસપાસ ચર્ચા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.

એક એવા શહેરમાં જ્યાં નાગરિક કામગીરી રોજિંદા જીવન પર સીધી અસર કરે છે, ત્યાં ગુજરાતી મતદારો સક્રિય રાજકીય ભાગીદારી અને મુદ્દા-આધારિત મતદાન વર્તન માટે જાણીતા છે. મુંબઈની આગામી પાલિકા સત્તાને આકાર આપવામાં અપ્રમાણસર પ્રભાવશાળી ભૂમિકા ભજવવા માટે ગુજરાતીઓ તૈયાર છે. આગામી અઠવાડિયામાં ખબર પડશે કે પરંપરાગત રાજકીય દળો તેમનો ટેકો મેળવી શકશે કે પછી ગુજરાતીઓ નવા કોઈ પક્ષને પસંદગીની માળા પહેરાવીને શહેરના રાજકારણમાં કોઈ નવો ચમકારો દેખાડે છે. ■

કિશોરી પેડણેકરને હાશકારો

શિવસેના (યુબીટી)એ સોમવારે ૧૦૦થી વધુ ઉમેદવારને ‘એબી’ ફોર્મ આપ્યાં હતાં પણ ભૂતપૂર્વ મેયર અને સેનાના પ્રવક્તા કિશોરી પેડણેકરનું નામ સાંજ સુધી જાહેર થયું નહોતું મોડી સાંજ સુધી તેમને એબી ફોર્મ મળ્યું નહોતું, તેથી તેમના સહિત તેમના સમર્થકોની ધકધક વધી ગઈ હતી. છેક મોડી સાંજ બાદ તેમને ‘એબી’ ફોર્મ મળતા હાશકારો અનુભવ્યો હતો. ૨૦૧૭ની પાલિકાની ચૂંટણીમાં કિશોરી દક્ષિણ મુંબઈના વોર્ડ નંબર ૧૯૯માંથી ચૂંટણી લડયાં હતાં અને ત્યારબાદ તેઓ મેયર પણ બન્યાં હતાં. ■

પ્રભાદેવી-દાદરમાં બે સેના વચ્ચે રસાકસીનો જંગ થશે

શિવસેનામાં ભંગાણ પડયા બાદ મરાઠીઓની બહુમતી ધરાવતા પ્રભાદેવી-દાદર વિસ્તારમાં શિંદે-ઉદ્ધવ સેના વચ્ચે બરોબરની ટક્કર જોવા મળે એવી શકયતા છે. વોર્ડ નંબર ૧૯૨ અને ૧૯૪ માટે ઉદ્ધવ સેના અને મનસે બંને પોતાની પાસે ઈચ્છતા હતા. છેવટે ભારે ચર્ચા બાદ ૧૯૨ વોર્ડ મનસેને તો ૧૯૪ સેનાને ફાળે ગયો છે. ઉદ્ધવ સેનાએ અહીં વિધાન પરિષદના સભ્ય સુનીલ શિંદેના ભાઈ નિશિકાંત શિંદેને એબી ફોર્મ આપ્યું છે. સુનીલ શિંદેએ આદિત્ય ઠાકરે માટે પોતાનો વરલી મતદાર સંઘ છોડયો હતો અને તેના ઈનામરૂપે તેમને શિવસેનામાંથી વિધાનપરિષદમાં મોકલવામાં આવ્યા હતા. એ બાદ તેમણે પોતાના ભાઈ માટે ૧૯૪ બેઠક માટે ઉમેદવારી માગી હતી. એકનાથ શિંદે તરફથી આ વોર્ડમાં સમાધાન સરવણકરને ઉમેવારી પાક્કી માનવામાં આવે છે. સેનામાં ભાગલા પડયા ત્યારે એક સમયે આદિત્ય ઠાકરેના ખાસ ગણાતા સમાધાન સરવણકર શિંદે સેનામાં જોડાઈ ગયા હતા. ■

ભાજપમાં પહેલા દિવસે ૮૪થી વધુ ઉમેદવારને ‘એબી’ ફોર્મ આપ્યાં

આયાતી ઉમેદવારોને ટિકિટ - પહેલા દિવસે પક્ષમાં બળવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારને નામ સત્તાવાર જાહેર કરીને પક્ષમાં બળવાખોરી થાય નહીં તે માટે અન્ય પક્ષોની મારફત જ ભાજપે પણ નામ જાહેર કરવાને બદલે ઉમેદવારોને ‘એબી’ ફોર્મ આપ્યા હતા. સોમવાર મોડી સાંજ સુધીમાં ૮૪થી વધુ ઉમેદવારને ‘એબી’ ફોર્મ આપ્યા હતા, જેમાં માત્ર આઠ ગુજરાતી ઉમેદવારના નામ જોવા મળ્યા હતા. ભાજપની યાદીમાં અનેક આયાતી ઉમેદવારોના નામ હતા તેઓ ફોર્મ પણ જઈને ભરી આવ્યા હતા, તેનાથી પક્ષના જૂના નિષ્ઠાવાન કાર્યકર્તા નારાજ થઈને પક્ષપલટો કરીને અન્ય પક્ષમાં જતા રહેતા ભાજપને ફટકો પડયો હતો.

આ વખતે મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં પોતાનો મેયર બેસાડવા કમર કસી રહેલી ભાજપે મુંબઈની ૨૨૭ બેઠકની ચૂંટણી શિંદે સેના સાથે લડી રહી છે. બળવાને ડરે ભાજપે સત્તાવાર નામ જાહેર કરવાને બદલે ‘એબી’ ફોર્મ આપી દીધા હતા અને સંબંધિત લોકોએ જઈને પોતાના ઉમેદવારી પત્રક પણ ભરી દીધા હતા. જોકે શિંદે સેના સાથેની બેઠક વહેંચણીમાં અનેક બેઠકો શિવસેનાને જવાને કારણે ભાજપમાં અનેક જૂના ભૂતપૂર્વ નગરસેવકોની સાથે જ વર્ષોથી પોતાને ટિકિટ મળે તેની રાહ જોઈ રહેલા કાર્યકર્તાઓને ફોર્મ નહીં મળતા તેમનામાં નારાજગી જોવા મળી હતી.

પોતાનું પત્તુ કપાઈ જવાથી નારાજ થયેલા અનેક ભૂતપૂર્વ નગરસેવકો અને ઈચ્છુકોએ બળવો કરીને અન્ય પક્ષમાં પ્રવેશ કર્યો હતો, જેમાં ગુજરાતી વિસ્તાર ગણાતા વોર્ડ નંબર ૧૪ના ભૂતપૂર્વ નગરસેવિકા આશાવરી પાટીલે પક્ષમાં બળવો કરીને ઉદ્ધવ ઠાકરેના સેનામાં જોડાઈ ગયા હતા. ભાજપે વોર્ડ નંબર ૧૪માંથી સીમા શિંદેને ટિકિટ આપતા આશાવરી પાટીલ નારાજ થઈ ગયા હતા અને તેઓએ કમળને ટાટા કહીને ઉદ્ધવની મશાલને હાથમાં લીધી હતી અને અમુક મિનિટોમાં જ તેમને ઠાકરે તરફથી ‘એબી’ ફોર્મ પણ મળી ગયું હતું.

અનેક આયાતી ઉમેદવારોને ભાજપે ટિકિટ આપી હતી તેમાં કૉંગ્રેસમાંથી આવેલા રવિ રાજા, રાખી જાધવ, તેજસ્વી ઘોસાળકર, યુબીટીમાંથી ભાજપમાં આવનારી અર્ચના ભાલેરાવ વગેરેનો સમાવેશ થાય છે. ■

સગાવાદને ભાજપમાં સ્થાન નથીઃ ફડણવીસ

ભાજપમાં સગા-સંબંધીઓને ચૂંટણીમાં ટિકિટ આપવામાં આવશે નહીં એવી નીતિ અપનાવી હોવા છતા મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે ભાજપે અનેક લોકોને સોમવારે ‘એબી’ ફોર્મ આપ્યા હતા, જેમાં મુંબઈ ભાજપ અધ્યક્ષ અમિત સાટમના સંબધી રોહન રાઠોડ, ભૂતપૂર્વ સાંસદ કિરીટ સોમૈયાના પુત્ર નીલ સોમૈયા, મુંબઈના પૂર્વ અધ્યક્ષ અને રાજ્યના પ્રધાન આશિષ શેલારના ભાઈ વિનોદ શેલાર સહિત વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરના ભાઈ, ભાભી અને બહેનને ટિકિટ આપવામાં આવી હતી, જેમાં હર્ષિતા નાર્વેકર, મકરંદ નાર્વેકર, ગૌરવી શિવલકર-નાર્વેકરનો સમાવેશ થાય છે.

મહારાષ્ટ્ર વિધાનસભા અધ્યક્ષના ભાઈ-ભાભી બીએમસી ચૂંટણી લડશે

ભાજપે બંનેને ટિકિટ આપી

મુંબઇ : મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી નજીક છે ત્યારે પક્ષો તેમના ઉમેદવારોની પસંદગી કરી રહ્યા છે. ભાજપે બીએમસી ચૂંટણી માટે ૬૬ ઉમેદવારની પહેલી યાદી જાહેર કરી છે, જે ઉમેદવારોને નામાંકિત કરવામાં આવ્યા છે તેમાં મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરના પરિવારના બે સભ્યનો સમાવેશ થાય છે. રાહુલ નાર્વેકરના ભાઈ અને તેમની પત્ની આ ચૂંટણી લડી રહ્યા છે. ભાજપે દક્ષિણ મુંબઈના કોલાબાના વોર્ડ નંબર ૨૨૬માંથી રાહુલ નાર્વેકરના ભાઈ મકરંદ નાર્વેકરને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે રાહુલ નાર્વેકરની ભાભી હર્ષિતા નાર્વેકરને ભાજપે વોર્ડ નંબર ૨૨૭માંથી ટિકિટ આપી છે.

આ યાદીમાં પીઢ રાજકારણી કિરીટ સોમૈયાના પુત્ર નીલ સોમૈયાનો પણ સમાવેશ થાય છે. ભાજપે નીલને મુલુંડ પશ્ચિમના બીએમસી વોર્ડ ૧૦૭ થી નોમિનેટ કર્યા છે. રાહુલ નાર્વેકર મુંબઈના કોલાબા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય છે. તેઓ અગાઉ શિવસેનામાં હતા, પરંતુ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં તેમને ટિકિટ ન મળતા તેઓ એનસીપીમાં જોડાયા હતા. જો કે, તેઓ એનસીપીની ટિકિટ પર માવલ બેઠક હારી ગયા હતા, પરંતુ ત્યારબાદ તેઓ પાર્ટી સાથે રહ્યા અને તેમને સ્પીકરનું મહત્ત્વપૂર્ણ પદ આપવામાં આવ્યું.

ટિકિટ વિતરણને લઈને ઘમસાણ

મુંબઇ : મહારાષ્ટ્રમાં નાગરિક ચૂંટણી માટે ભાજપે મોટાભાગની બેઠકો પર શિવસેના સાથે જોડાણ જાળવી રાખ્યું છે. અજિત પવાર સ્વતંત્ર રીતે ચૂંટણી લડી રહ્યા છે. તેમણે કેટલીક બેઠકો પર શરદ પવાર જૂથ સાથે ગઠબંધન પણ કર્યું છે.

બીજેપીની પહેલા અજિત પવારની એનસીપીએ ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી હતી. મુસ્લિમ ઉમેદવારોની ટિકિટ ફાળવણીને લઈને એનસીપીમાં જ અસંતોષ જોવા મળી રહ્યો છે. પાર્ટીના ઘણા કાર્યકરો નવાબ મલિકથી નારાજ છે. મોટી સંખ્યામાં મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપવા બદલ એનસીપીની યાદીથી તેઓ નારાજ છે. તેવી જ રીતે, ઘણા ભાજપના કાર્યકરો પણ નારાજ છે. ■

શરદ પવારની રાષ્ટ્રવાદીને મુંબઈમાં મોટો ફટકો

મુંબઈ અધ્યક્ષની છેલ્લી ઘડીએ ભાજપમાં એન્ટ્રી

મુંબઈઃ ઘાટકોપરમાં છેલ્લા અનેક દિવસોથી ચાલી રહેલી ચર્ચા મુજબ છેવટે રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (શરદ પવાર) ગ્રૂપના મુંબઈ અધ્યક્ષ રાખી જાધવે સોમવારે પક્ષ સાથે છેડો ફાડીને ભાજપમાં પ્રવેશ કર્યો હતો. અપેક્ષા મુજબ જ ભાજપ તરફથી તેમને વોર્ડ નંબર ૧૩૧ માટે ઉમેદવારી પણ આપવામાં આવી હતી. ઉમેદવારી દાખલ કરવામાં માંડ બે દિવસ રહ્યા હોઈ છેલ્લી ઘડીએ રાખી જાધવે પક્ષ પલટો કરતા શરદ પવારની એનસીપીને મોટો ફટકો પડયો હોવાનું માનવામાં આવે છે. જોકે ઘાટકોપરમાં રાજકીય સ્તરે છેલ્લા અનેક દિવસોથી એવું ચર્ચાઈ રહ્યું હતું કે બેઠકોની વહેંચણીને લઈને તેઓ નારાજ હતા. રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (શરદ પવાર) ઠાકરે બંધુ સાથે યુતિ કરે તો આ બેઠક તેમના હાથમાંથી નીકળી જવાની શકયતા છે. તેથી તેઓએ પક્ષના અગ્રણી સાથે ચર્ચા પણ કરી હતી અને એ બાદ તેઓએ નારાજગી પણ વ્યક્ત કરી હતી અને ભાજપે તકનો લાભ લઈને તેમને પક્ષમાં આમંત્રણ આપ્યું હોવાનું માનવામાં આવે છે અને તેઓએ છેવટે રાષ્ટ્રવાદી કૉંગ્રેસને છોડીને ભાજપમાં પ્રવેશ કર્યો હતો. રાષ્ટ્રવાદી કૉંગ્રેસને આ બીજો મોટો ફટકો માનવામાં આવે છે. થોડા દિવસ પહેલા જ રાષ્ટ્રવાદીના પુણે શહેરના અધ્યક્ષે પણ પક્ષ પલટો કરીને કૉંગ્રેસમાં પ્રવેશ કર્યો હતો.

અવિભાજિત રાષ્ટ્રવાદી કૉંગ્રેસ હતી ત્યારે તત્કાલીન અધ્યક્ષ નવાબ મલિકની ધરપકડ થયા બાદ મુંબઈ અધ્યક્ષપદનું રાજીનામું આપ્યું હતું. એ બાદ રાખી જાધવને મુંબઈ અધ્યક્ષપદની જવાબદારી સોંપવામાં આવી હતી. રાષ્ટ્રવાદી કૉંગ્રેસમાં ભંગાણ પડયા બાદ પણ રાખી જાધવ શરદ પવાર સાથે જ રહ્યા હતા.

રાખી જાધવે સવારે રાષ્ટ્રવાદીને અલવિદા કહીને ભાજપમાં પ્રવેશ કર્યો એ સાથે જ ભાજપ તરફથી તેમને વોર્ડ નંબર ૧૩૧ માટે ઉમેદવારી પણ આપવામાં આવી હતી. આ વોર્ડ આ વખતે મહિલા જનરલ શ્રેણી માટે અનામત થઈ ગયો છે. મુંબઈ મહાનગરપાલિકાની ૨૦૧૭માં થયેલી ચૂંટણીમાં તેઓ રાષ્ટ્રવાદી કૉંગ્રેસમાંથી જ આ બેઠક પરથી ભાજપના ભાલચંદ્ર શિરસાટને હરાવીને ચૂંટણી જીત્યા હતા. ■

કૉંગ્રેસના ઉમેદવારોની યાદી જાહેર

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ૨૦૨૬ની ચૂંટણીમાં આ વખતે અલગ જ માહોલ રહેવાનો છે. વર્ષોથી સાથે રહેલા પક્ષો અલગ અલગ ચૂંટણી લડવાના છે, જેમાં મહાવિકાસ આઘાડીમાંથી છૂટા પડી કૉંગ્રેસે લગભગ પચીસ વર્ષ બાદ પ્રકાશ આંબેડકરની બહુજન વંચિત સાથે યુતિ કરી છે. વિધાનસભા અને લોકસભા સાથે લડનારા મહાવિકાસ આઘાડીના સાથી પક્ષ ઉદ્ધવ ઠાકરેએ મનસે સાથે યુતિ કરતાં કૉંગ્રેસે યુબીટી સાથે છેડો ફાડી અલગ રીતે ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે, જેમાં કૉંગ્રેસના વર્ષોના સાથીદાર શરદ પવારે કૉંગ્રેસ સાથે જવાને બદલે યુબીટી અને મનસે સાથે ચૂંટણી લડવાનો નિર્ણય લીધો હોવાનું કહેવાય છે. જોકે તેમણે સત્તાવાર આ બાબતે કોઈ સ્પષ્ટતા કરી નથી અને ચૂંટણી સાથે જ લડવાના હોવાનો દાવો કરી રહ્યા છે. સોમવારે મોડેથી કૉંગ્રેસે ૮૭ ઉમેદવારનાં નામ જાહેર કર્યાં હતાં.

કૉંગ્રેસે પ્રકાશ આંબેડકરની બહુજન વંચિત સાથે યુતિ કર્યા પછી મુંબઈ મહાપાલિકાની ૨૨૭ બેઠકમાંથી બહુજન વંચિતને ૮૨ બેઠક આપી છે, જ્યારે બાકીની બેઠક પરથી કૉંગ્રેસના ઉમેદવાર ચૂંટણી લડવાના છે.

મહાપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાનો છેલ્લો દિવસ મંગળવારે છે ત્યારે સોમવારે કૉંગ્રેસે ૮૭ ઉમેદવારનાં નામ જાહેર કર્યાં હતાં, જેમાં ચાર ઉમેદવાર ગુજરાતી છે. ૨૦૧૭માં ચૂંટાયેલા નગરસેવકોમાંથી અમુકને કૉંગ્રેસે આ વખતની ચૂંટણીમાં પણ ઉમેદવારી આપી છે, જ્યારે બાકીના નવા ઉમેદવારો કૉંગ્રેસની સીટ પરથી ચૂંટણી લડવાના હોવાનું જાણવા મળ્યું હતું.

૨૦૧૭માં ચૂંટાયેલાં મોનિકા વાડેકર, મેહેર મૌસીન હૈદર, તુલિપ મિરાંડા, સાઝિદા ખાન, નિયાઝ વાનુ, શીતલ મ્હાત્રેને આગામી ચૂંટણી માટે ઉમેદવારી મળી છે. ■

એનસીપી (એસપી)ના સાત ઉમેદવાર

મુંબઈઃ એનસીપીના શરદ પવારના પક્ષ દ્વારા ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરવામાં આવી હતી. આ યાદીમાં માત્ર સાત ઉમેદવારનાં નામ છે. શરદ પવારે મુંબઈ મહાપાલિકાની ચૂંટણી શિવસેના (યુબીટી) અને મનસે સાથે લડવાનું નક્કી કર્યું છે. બે દિવસ અગાઉ જ શરદ પવારના પક્ષના વરિષ્ઠ નેતા જયંત પાટીલે ઉદ્ધવ ઠાકરે સાથે તેમના નિવાસસ્થાન માતોશ્રી ખાતે મીટિંગ કરી હતી. સીટની વહેંચણી નક્કી થયા પછી સોમવારે શરદ પવારના પક્ષ દ્વારા સાત ઉમેદવારની યાદી જાહેર કરાઈ હતી. ઘાટકોપરની ભૂતપૂર્વ નગરસેવિકા રાખી જાધવ અને વિક્રોલીની ભૂતપૂર્વ નગરસેવિકા મનીષા રહાટે શરદ પવારના પક્ષમાંથી અનુક્રમે ભાજપ અને અજિત પવારના જૂથમાં જોડાઈ હતી. ■

‘નમો થાણે’ બેનરમાંથી ઠાકરે અને દિઘેની તસવીર ગાયબ, શિંદેની ટીકા

થાણેઃ ભાજપ પાસે ૧૫ જાન્યુઆરીએ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે કોઈ સ્થાનિક ચહેરો નથી, તેથી તેણે ‘નમો ભારત, નમો થાણે’ ના પોસ્ટરો લગાવ્યા છે, તેમ શિવસેના (યુબીટી) નેતા રાજન વિચારેએ જણાવ્યું હતું.

ભૂતપૂર્વ સાંસદે ભારપૂર્વક જણાવ્યું હતું કે થાણે તેમના પક્ષનો ગઢ છે અને તેના નાગરિકો બાળ ઠાકરે અને આનંદ દિઘેની વિચારધારાને અનુસરે છે. ભાજપને ચૂંટણી નજીક આવે ત્યારે જ થાણે યાદ આવે છે. જો પાર્ટી ખરેખર વિકાસમાં માને છે, તો તેણે તેના કાર્ય દર્શાવતા બેનરો લગાવવા જોઈએ. ‘નમો’ બેનરના રાજકારણ દ્વારા લોકોને ક્યાં સુધી ગેરમાર્ગે દોરવામાં આવશે, તેમણે પ્રશ્ન કર્યો હતો.

‘‘છેલ્લા૩૦ વર્ષોથી માત્ર એક જ સૂત્ર રહ્યું છે, ‘શિવસેનાનું થાણે અને થાણેની શિવસેના’. આ સંબંધને કોઈ એક હોર્ડિંગ દ્વારા ભૂંસી શકાય નહીં. ભાજપના બેનરમાં બાળાસાહેબ ઠાકરે અને આનંદ દિઘેની તસવીરો નથી. શું આ એકનાથ શિંદેને મંજૂર છે?’’ વિચારેએ પૂછ્યું હતું.

શિંદે સ્વર્ગસ્થ દિઘેને પોતાના ગુરુ માને છે, લોકોમાં તેમના પ્રત્યે જબરદસ્ત આદર હતો. ■

ચૌદમી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ

આપના પૂણ્ય આત્માને શાશ્વત શાંતિ બક્ષે એજ અંતઃકરણની પ્રાર્થના

સ્વ. ડો. પંકજ - ડો. સ્મીતા - ડો. કૃષ્ણા
વિદ્યુત્ત - નીલા - હર્ષદિવ - તન્વી
વર્ષાબેન - બીપીન ઠક્કર - જયદીપ - જયરાજ અને
ડો. ખીમજી ઉકાભાઇ રામજી નરમનો સમસ્ત પરીવાર
આયુશક્તિ આર્યુવેદ હેલ્થ સેન્ટર
નરમસ ફૂડ પ્રોડક્ટસ (રીયલ ટેસ્ટ પ્યોર ક્વોલિટી)
બોમ્બે શેક્ કું (મિલ્ક્ શેક્ બાર એન્ડ મોર)
કે. આર. નરમ પરીવાર ટ્રસ્ટ
(સ્વાસ્થ્ય, શિક્ષણ, જીવદયા, સામાજીક જાગૃતી)

શ્રીમતી રૂકમણીબેન ખીમજી નરમ
ગામ : નરેડા (બરંધા) - તા. લખપત - કચ્છ
(સ્વાતંત્ર સેનાની - સાત્વીક પાકકળા નિષ્ણાત)
જન્મ કરાંચી : ૧૬-૦૪-૧૯૨૭
સ્વર્ગવાસ કાંદિવલી - મુંબઇ : ૩૦-૧૨-૨૦૧૧

થાણેમાં ઇચ્છુક ઉમેદવારોની ટ્રાફિકનો દંડ ભરી દેવા દોટ

૩૧૦ ઇચ્છુક ઉમેદવારે ઈ-ચલાનના ૧૧.૫૦ લાખ રૂપિયા ચૂકવ્યા

થાણેઃ થાણે મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખી ઉમેદવારી સામે વાંધાવચકા ઊભા થવાની શક્યતાને જોતાં ઇચ્છુક ઉમેદવારોએ ટ્રાફિક વિભાગનો દંડ ભરી દેવા દોટ મૂકી છે. ટ્રાફિકના નિયમોનો બિનધાસ્ત ભંગ કરનારા અને ટ્રાફિક પોલીસ સાથે વિવાદમાં ઊતરનારાઓ હવે ઉમેદવારી સંકટમાં ન પડે તે માટે દંડ ભરવા મજબૂર થયા છે. ચૂંટણી જાહેર થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૩૧૦ ઉમેદવારે ૧૧.૫૦ લાખ રૂપિયાનો દંડ ભરી દીધો હોવાનું જાણવા મળ્યું હતું.

ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવતી વખતે દરેક બાબતોનો ખયાલ રાખવામાં આવે છે. આવામાં ટ્રાફિકનો દંડ ન ભર્યો હોય કે દંડની અમુક રકમ ચૂકવવાની રહી ગઈ હોય તો ઉમેદવારી સામે વાંધા-વિરોધ થઈ શકે છે. આ શક્યતાને જોતાં ઇચ્છુક ઉમેદવારોએ દંડની રકમ ઉમેદવારી નોંધાવતાં પહેલાં ચૂકવી દેવાનું મુનાસિબ માન્યું હોવાનું કહેવાય છે.

થાણે ટ્રાફિક વિભાગના એક અધિકારીના જણાવ્યા મુજબ ચૂંટણીના ઉમેદવારો માટે ટ્રાફિકના દંડની રકમ ચૂકવવી જરૂરી હોવાથી હવે ૩૧૦ ઇચ્છુક ઉમેદવારોએ ઈ-ચલાનની ૧૧.૫૦ લાખથી વધુની રકમ ચૂકવી દીધી છે. આમાં થાણેના ૧૦૪ ઇચ્છુક ઉમેદવાર, ભિવંડીના ૧૧૭, ઉલ્હાસનગરના ૮ અને કેડીએમસી વિસ્તારના ૮૧ ઇચ્છુક ઉમેદવારનો સમાવેશ થાય છે. ચૂંટણીને ધ્યાનમાં રાખી ટ્રાફિક વિભાગ દ્વારા દંડની રકમ ભરવા માટે અમુક સુવિધા આપવામાં આવી હતી, જેનો લાભ લઈ આ ઇચ્છુક ઉમેદવારોએ રૂપિયા ભરી દીધા હોવાનું કહેવાય છે. ■

સંસ્થા સમાચાર

દેવલાલીમાં પૂ. ધીરગુરુદેવ અને પૂ. ભવ્ય ગુરુદેવની નિશ્રામાં મેગા શિબિરનું સમાપન

ઈમોશન - ડીવોશનથી જીવન સફળ બનાવશો - ધીરગુરુદેવ

શ્રી અજરામર જૈન સંઘ - દેવલાલી ખાતે ઉજ્જવલ સંસ્કાર શિબિર-૧૩નું આયોજન આદિ ઘંટાકર્ણ ભક્તિ મંડળ હ. ઝવેરબેન રમણલાલ શાહ - ટીપટોપ પરિવાર દ્વારા પૂ. શામજી સ્વામી પરિવારના ઉપાધ્યાય પૂ. ભવ્યમુનિ મ.સા. ઠાણા-૪ તથા સાધ્વીજી પૂ. કોકિલાજી મ.સ. ઠાણા-૩ની નિશ્રામાં તા. ૨૫થી ૨૮ ડિસેમ્બરના આયોજન કરાયું હતું, જેમાં થાણા, દાદર, ઘાટકોપર, ભુજ, ગાંધીધામ, રાપર, સુરત, અમદાવાદના ૧૩થી ૪૫ વર્ષના ૪૪૦ યુવક-યુવતીઓ જોડાયાં હતાં.

તા. ૨૮ને રવિવારે સવારે ૯.૩૦ કલાકે પ્રિન્સ હોલમાં સમાપન સમારોહમાં પૂ. શ્રી ધીરગુરુદેવે હકડેઠઠ મેદનીને સંબોધતા જણાવેલ કે શિબિરની સાર્થકતા ઈમોશન અને ડીવોશનમાં છે. મા-બાપને પગે લાગવું અને ભક્તિ કરતાં રહેવું. ઉપાધ્યાય પૂ. ભવ્યમુનિજીએ કહેલ કે - ઘર ઘરમાં રોજ પરિવાર સહિત પ્રાર્થના કરતાં રહો. પૂ. કોકિલાજી મ.સ.એ ધીરુગુરુદેવના ઉપકારની સ્મૃતિ કરાવી ઋણ સ્વીકાર કરેલ. આગામી ડિસેમ્બરમાં ૧૬મી શિબિરનો લોનાવાલામાં જૈનમ ટ્રસ્ટે લાભ લીધેલ. મનોજ અને કિરણ, પ્રવીણ કે. ગાલા, છબીલદાસ શેઠ, જેઠાભાઈ, ગોડસે, ચાંદની મોરબીયા વગેરેનું અભિવાદન કરાયું હતું. દાતાઓ તરફથી શિબિરાર્થીનું બહુમાન તથા માલિનીબેન કિશોરભાઈ સંઘવી તરફથી સુપર સે ઉપર - વ્યાખ્યાન સંગ્રહ અર્પણ કરવામાં આવેલ. સૂત્ર સંચાલન નીતિન પારેખે કરેલ.

ઉન્નાવ બળાત્કારના દોષી અંગે સુપ્રીમ કોર્ટના નિર્ણયને આદિત્ય ઠાકરેએ આવકાર્યો

મુંબઈ: શિવસેના (યુબીટી) નેતા આદિત્ય ઠાકરેએ સોમવારે સુપ્રીમ કોર્ટના એ નિર્ણયને આવકાર્યો હતો જેમાં ૨૦૧૭ના ઉન્નાવ રેપ કેસમાં હાંકી કઢાયેલા ભાજપના નેતા કુલદીપ સિંહ સેંગરની આજીવન કેદની સજા મોકૂફ રાખવાના દિલ્હી હાઈ કોર્ટના નિર્ણય પર સ્ટે મૂકવામાં આવ્યો છે.

ઠાકરેએ કહ્યું કે તેમને આશા છે કે સર્વોચ્ચ અદાલત બળાત્કારના દોષિતને સૌથી કડક સજા સુનિશ્ચિત કરશે.

તે ખરેખર ભયાનક અને ઘૃણાસ્પદ છે કે કેવી રીતે બળાત્કારના દોષીને કાયદા દ્વારા સરળતાથી છોડી શકાય છે અને ન્યાયનો પણ અભાવ છે.

સુપ્રીમ કોર્ટે સોમવારે દિલ્હી હાઈ કોર્ટના સેંગરની આજીવન કેદની સજા રદ કરવાના આદેશ પર સ્ટે આપ્યો હતો અને કહ્યું હતું કે તેને કસ્ટડીમાંથી મુક્ત કરવામાં આવશે નહીં.

હાઇ કોર્ટના આદેશને પડકારતી સીબીઆઈની અરજીની સુનાવણી કરી રહેલા મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જેકે મહેશ્વરી અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની વેકેશન બેન્ચે જણાવ્યું હતું કે આ કેસમાં કાયદાના નોંધપાત્ર પ્રશ્નો ઊભા થયા છે જેના પર વિચારણા કરવાની જરૂર છે.

સુપ્રીમ કોર્ટે સીબીઆઈની અરજી પર સેંગરને ચાર અઠવાડિયામાં જવાબ માગવા માટે નોટિસ પણ જારી કરી છે. ■

હિન્દુ મરણ

રાજકોટ ગૌ. વા. મહેશકુમાર વ્રજલાલ સરૈયા (મૂળ કેશોદ) હાલ રાજકોટ (ઉં. વ. ૬૫) તે ભાવનાબેનના પતિ. મૌલિકભાઇ, બોસ્કીબેન કિરેશભાઇ સાગલાની અને વૈશાલીબેન સાગરભાઇ રૂપારેલિયાનાં પિતા. તે ધ્રુવી મૌલિક સરૈયાના સસરા. કાવ્યા, પ્રથમના દાદા. તે ગૌ. વા. શાંતિભાઇ, વિનોદભાઇ તથા જયાબેનના નાનાભાઇ. તે હરેશભાઇના મોટાભાઇ. તે જૂનાગઢવાળા ગૌ.વા. મગનલાલ મોનજી રાયઠઠ્ઠાનાં જમાઇ. તા ૨૬-૧૨-૨૫ના શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. બેસણું : તા.૧-૧-૨૬ના ગુરુવારે ૪થી ૫. ઠે. લોહાણા મહાજનવાડી, વિભાગ 'એ', આંબાવાડી, કેશોદ મુકામે રાખેલ છે.

કચ્છ ગામ વિંઝાણ હાલ મુલુંડ નિવાસી પ્રતાપ જેઠમલ કેસરીયા (ઉં. વ. ૮૦) તા. ૨૮-૧૨-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. રાધાબેન, સ્વ. જેઠમલભાઇના પુત્ર. તે ગં. સ્વ. ચંદ્રીકાબહેનના પતિ. ગં. સ્વ. સાવિત્રી પાટીલના ભાઇ. પીયૂષભાઇ તથા પ્રણવભાઇના પિતા. તે કવિતાબેન અને વૈશાલીબેનના સસરા. તે સ્વ.જયંતીલાલ પરમાનંદ કારીયાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૩૦-૧૨-૨૫ના ૫.૩૦થી ૭. ગોપુરમ હોલ, આર. પી. રોડ, મુલુંડ, લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

ઘોઘારી દશા દિશાવળ

કોળિયાક નિવાસી હાલ મલાડ (ઈ.) સ્વ. ભરતભાઈ ચંદુલાલ પારેખ (ઉં. વ. ૬૭) તે સ્વ. વિમળાબેન ચંદુલાલ પારેખના પુત્ર. તે અ. સૌ. તારામતીબેનના પતિ. તે શિતલ, હેતલ, હર્ષા, કીંજલ અને તેજસના પિતાશ્રી તા. ૨૯-૧૨-૨૦૨૫, સોમવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩૦-૧૨-૨૦૨૫, મંગળવારના સાંજે ૪ થી ૬ રાખેલ છે. સરનામું:- બીલેશ્વર મહાદેવ મંદિર, એસઆરએ જાનુ ભોય નગર, સત્સંગ ભવનની બાજુમાં, મલાડ (ઈ.). લૌકિક પ્રથા બંધ છે.

કચ્છી લોહાણા

દિલીપભાઇ ગોવિંદજી ચોથાણી (ઉં. વ. ૬૨) (ગામ કચ્છ કાળી તલાવડી) હાલ મુલુંડના તા. ૨૮-૧૨-૨૫ રવિવારના રામચરણ પામેલ છે. તે સ્વ. દમયંતીબેન ગોવિંદજી ચોથાણીના પુત્ર. નૈનાબેનના પતિ. હિના, યોગીની, ધીરેનના પિતા. સ્વ. નરેન્દ્ર અને નીતાબેનના ભાઇ. રૂપેશ અને ભૌતિકના સસરા. સ્વ. પાંડુરંગ દેઉ વૈતિના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૩૦-૧૨-૨૫ના મંગળવારના સાંજે ૫થી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજન વાડી, આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

દશા જારોળા વણિક

ખંભાત નિવાસી હાલ કાંદિવલી સ્વ. ઇન્દીરાબેન કનૈયાલાલ નગીનદાસ ફડીયાના પુત્ર દેવાંગના ધર્મપત્ની અ. સૌ. શીતલબેન (ઉં. વ. ૪૯) તે વ્રજના માતુશ્રી. અ. સૌ. જાગૃતિબેન યોગેશભાઇ કારીયાના ભાભી. પિયરપક્ષે ચાવંડવાળા ગં. સ્વ. પ્રતિભાબેન હર્ષદરાય કાણકીયાની પુત્રી. મોસાળ પક્ષે જલાલપુર માંડવાવાળા સ્વ. વિનોદરાય વ્રજલાલ વળીયાની ભાણેજ શનિવાર, તા. ૨૭-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧-૧-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. અભિમુખ હોલ, એમ. કે. હાઇસ્કૂલ, ફેક્ટરી લેન, બોરીવલી (વેસ્ટ).

કપોળ

અમરેલીવાળા પ્રાણકુંવરબહેન છગનલાલ પારેખ (બચુભાઇ)ના જયેષ્ઠ પુત્રવધૂ ઉષાબેન (ઉં. વ. ૮૦) તે કિશોરચંદ્રના ધર્મપત્ની. નિમેષ, મયૂર તથા પૂર્વીના માતુશ્રી. પૂનમ, સ્મિતા, આનંદના સાસુ તા. ૨૮-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે કનકબહેન દામોદરદાસ ધારશી દોશીના પુત્રી. મધુબેન, ભાનુબેન, બાળાબેન, શાંતુબેન, પ્રવીણભાઇ-આશાબેન, જનકભાઇ, મયુરીબેનના ભાભી. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૩૦-૧૨-૨૫ના ૫.૩૦થી ૭. ઠે. હોલ ઓફ કલ્ચર, નેહરુ સેન્ટર, વરલી, મુંબઇ.

કચ્છી લોહાણા

ગામ વિરાણીવાળા મુરજી કાનજી ઘેરાઇના સુપુત્ર શરદ મુલજી ઘેરઇ (બાબા)ની પત્ની સ્વ. પ્રફુલ્લા (ઉં. વ. ૬૫) તા. ૨૮-૧૨-૨૫ અવસાન પામેલ છે. તે સ્વ. ખીમજી વિસનજી રાયમંગીયાની પુત્રી. તે હેમંતભાઇના મમ્મી. તે કુંજલબેનના સાસુ. પ્રિન્સના દાદી. તે દિલીપભાઇ, વિરેન્દ્રભાઇ, હીના ખીમજી ઠક્કર, અનિતા પિયુષ જોબનપુત્રાની બેન. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૩૦-૧૨-૨૫ના ૫થી ૭. ઠે. ગોપુરમ હોલ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, ડો. આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), બહેનઓ તે જ દિવસે આવી જવું, લૌકિક વ્યવહાર બંધ છે.

ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ

ભાવનગર નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. કાંતાલક્ષ્મી ચંપકલાલ મહેતાના સુપુત્ર રમેશચંદ્ર ચંપકલાલ મહેતા (ઉં. વ. ૮૦) જે ઉષાબેનના પતિ. નિલેશ, કલ્પેશ, રાખીના પિતા. અને રેખા, અમી, આનંદભાઇના સસરા. સ્વ. હસમુખભાઇ, સુરેશભાઇ-રક્ષાબેન, જ્યોતિબેન-સ્વ. જયંતીલાલ, સ્વ. વીણાબેન-સ્વ. જતીનભાઇ, પ્રવિણાબેન-સ્વ. દિલીપભાઇના ભાઇ. સ્વ. સવિતાબેન જયંતીલાલ ગાંધીના જમાઇ. પ્રિશા, અંશના દાદા અને રિયાના નાના તા. ૨૭-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૩૦-૧૨-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

દશા સોરઠીયા વણિક

શિવરાજગઢ નિવાસી હાલ બોરીવલી શ્રી કરસનદાસ (કિશોરભાઈ) નાથાલાલ ધાબલીયા (ઉં.વ.૮૬) તે રસીલાબેનના પતિ, સ્વ. રસિકભાઈના મોટાભાઈ, દીપ્તિ, નેહા, હિના, કાજલના પિતા, ધર્મેશકુમાર, મહેશકુમાર, હરેશકુમાર, દર્શનકુમારના સસરા, તે સ્વ. લક્ષ્મીચંદ શામજીભાઈ પારેખના જમાઈ. ૨૮/૧૨/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

દશા સોરઠીયા વણિક

આણંદપૂર (ભાડલા) નિવાસી હાલ કાંદિવલી સ્વ. કાંતાબેન તથા સ્વ. હરિલાલ માવજીભાઈ સાંગાણીના પુત્ર ચેતનભાઈ (ઉં.વ.૬૪) તા. ૨૮/૧૨/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. હર્ષાબેનના પતિ. રાશિ શ્રેયાંક મિશ્રાના પિતા, સ્વ. ભુપતભાઇ, સ્વ. નીરુબેન કાંતિલાલ ઝવેરી, રેખાબેન સુબોધ ભુપતાણી, દિના કૌશિકભાઈ ગાંધી, સ્વ. સ્મિતાના ભાઈ, સ્વ. જયંતીલાલ પ્રેમચંદ પારેખના જમાઈ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. બી ૫૦૧, આનંદ સાગર, એમ. જી. રોડ, એસ. બી. આય. બેંકની પાસે, કાંદિવલી વેસ્ટ.

શ્રી નાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ

દેવકા નિવાસી (હાલ દહિસર) બાબુલાલ ગોવિંદજી ઓઝા ઉંમર :- ૭૫ વર્ષ તારીખ ૨૭/૧૨/૨૦૨૫ શનિવારના રોજ કૈલાસવાસી થયા છે. તે સ્મિતાબેન જયેશકુમાર પાઠક /પ્રીતિબેન જિનેશ કુમાર જૈન/ મેહુલ ઓઝાના પિતા/ભાવના મેહુલ ઓઝાના સસરા. તે રવજી નાથાભાઈ ભટ્ટ હિંદોરડાના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા ૩૦/૧૨/૨૦૨૫ ને મંગળવારે બપોરે ૪ થી ૬માં નીચેના સ્થળે રાખેલ છે. ડાયમોડા સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર, પેટ્રોલ પંપની ની બાજુમાં, દહિસર (ઈસ્ટ)

કપોળ

ધંધુકાવાળા, હાલ વિલેપાર્લે નિવાસી સ્વ. શાંતિલાલ ચીમનલાલ મેહતાના ધર્મપત્ની, ગ. સ્વ રસીલાબેન શાંતિલાલ મેહતા, (ઉં.વ. ૮૫) તા : ૨૭/૧૨/૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે રાજેશભાઈ, ભાવેશભાઈ, જયશ્રી શૈલેષકુમાર મેહતાના માતુશ્રી. તે પારુલ, આરતીના સાસુ. ધ્વનિ વિશ્વ શાહને આશુમીના દાદી. તે યશના નાની, પિયરપક્ષે કોટડીવાળા સ્વ. મનમોહનદાસ, જમનાદાસ દોશીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

કચ્છી લોહાણા

ગામ અંજાર હાલ કલ્યાણ સ્વ. વ્રજલાલ મંગળજી ઠક્કર (પાદરાઇ) (ઉં. વ. ૮૪) તા. ૨૯-૧૨-૨૫ના રામશરણ પામેલ છે. સ્વ. લક્ષ્મીબેન મંગળજી ઠક્કરના સુપુત્ર. સ્વ. જયાબેનના પતિ. સ્વ. પ્રેમાબેન પ્રાગજી ગંધા (મોડવધર)ના જમાઇ. સ્વ. કાંતિભાઇ, પુષ્પાબેન, કસ્તુરબેનના બનેવી. હીના યોગેશ ઠક્કર, અંજના મહેશ ઠક્કર, ગીતા નિતીન ઠક્કર, ઇલા દિનેશ ઠક્કરના પિતાશ્રી. સ્વ. જીતેન્દ્રભાઇ, અશ્વિનભાઇ, ઝવેરબેન મથુરાદાસ રૂપારેલ તથા નિર્મલાબેન નરોતમદાસ સદલાનીના મોટાભાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૦-૧૨-૨૫ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. મહાજનવાડી, પવાણી હોલ, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

સુરતી દશા પોરવાડ વણીક

ગં.સ્વ. દીપ્તિ હેમંતભાઇ નાણાવટી (ઉં. વ. ૬૩) સ્વ. હેમંત જયોતિન્દ્રભાઇ નાણાવટીનાં પત્ની. તે અંકિત અને દેવાંશીના માતુશ્રી. તે સાક્ષી અને કુનાલના સાસુ. તે તારીણીના દાદી. રવિવાર, તા. ૨૮-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

કપોળ

ભાવનગરવાળા હાલ (મેંગલોર) કુમુદબેન (ઉં. વ. ૯૦) તે દોલતરાય હરકીસનદાસ શેઠના પત્ની. તે સ્વ. અશોકભાઇ, કીરીટભાઇ તથા વિજયભાઇના માતુશ્રી. તે દિવ્યા, સ્મીતા, વર્ષીદાના સાસુ. તે જીજ્ઞા-રોનક, કૃપાલી, આનંદ, નેહલના દાદી. તે સ્વ. અનંતરાય, સ્વ. કિસનદાસ, સ્વ. શારદાબેનના નાનાભાઇના પત્ની. તે દ્વારકાદાસ મોહનલાલ વોરાના દીકરી. તા. ૨૮-૧૨-૨૫ના રવિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.

દશા સોરઠીયા વણિક

મૂળ રાજપરા હાલ મુંબઇ ગં. સ્વ. શોભનાબેન રમણીકભાઇ બાબરીયા (ઉં. વ. ૯૩) તે સ્વ. જગજીવનદાસ બાબરીયાના પુત્રવધૂ. સ્વ. નરસીદાસ વખારીયાની દીકરી. સ્મિતા યોગેશકુમાર સાંગાણી તથા નયના જતીનકુમાર શાહનાં માતુશ્રી. સની, એષા, સાગર, પ્રિયંકાના નાનીમા તા. ૨૭-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

પારસી મરણ

એમી જામાસ્પ મિસ્ત્રી તે મરહુમ આલામાય જામાસ્પ મિસ્ત્રીના દીકરી. તે મરહુમ પરવેઝ જામાસ્પ મિસ્ત્રીના બહેન. તે પરવીન દીનયાર દાવર અને દારાયસ બચાના ફેમિલી ફ્રેન્ડ. (ઉં.વ. ૯૦) રે. ઠે. ૬૯૬-બી, પારસી પંચાયત બ્લોક, ૨જે માળે, ફિરદોશી રોડ, પારસી કોલોની, દાદર (ઇ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૩૧-૧૨-૨૫ના વાચ્છાગાંધી અગિયારી ૩.૪૫ વાગે.

નરગીશ નવલ ભાયા તે મરહુમ નવલ કૈખશરૂ ભાયાના વિધવા. તે મરહુમો મેહેરબાઇ તથા કાવસજી ચોથીયાના દીકરી. તે દીલબર ને સાયરસના મમ્મી. તે વર્ષા ને ઝકસીસના સાસુ. તે રૂસ્તમ ચોથીયા તથા મરહુમો ખોરશેદ ને શીલુના બહેન. તે શેરોમના બપઇજી. તે ખોજેસ્તેના મમયજી. (ઉં. વ. ૮૮) રે. ઠે. શ્રીજીહાઉસ, ૪થે માળે, ૭૫ મીન્ટ રોડ, ફોર્ટ, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૩૦-૧૨-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે ધોબીતળાવ મધે વાડીયાજીના આતશબહેરામમાં.

જૈન મરણ

ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

જેસર નિવાસી હાલ કાંદિવલી કાંતિલાલ દલીચંદ મહેતાના સુપુત્ર જીજ્ઞેશ (ઉં. વ.૫૫) તે નિશાના પતિ. પ્રાત્વી અને હેમના પિતાશ્રી. તે વિતરાગ અને યશ્વીના સસરા. તે અભયના મોટાભાઇ. ફોરમના જેઠ. તે શ્વસુર પક્ષે તે કુંભણવાળા બાબુલાલ મોહનલાલ દોશીના જમાઇ (હાલ મુલુંડ) તા. ૨૮-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

દશાશ્રીમાળી સ્થા.જૈન

મોટી કુંકાવાવ નિવાસી હાલ માટુંગા સ્વ. કાંતિલાલ મણિલાલ કામદારના પૌત્ર તે સ્વ જ્યોત્સ્નાબેન તથા ચંદ્રકાન્તભાઈ કાંતિલાલ કામદારના પુત્ર દિવ્યેશ -(ઉં.વ. ૫૮) તા. ૨૮/૧૨/૨૫ ના રોજ અરિહંતશરણ પામેલ છે . તે સ્વ. મનીષાબેનના પતિ. તે મિહિરના પિતા, તે સ્વ દૌલતભાઈ લાલચંદ ભાયાણીના જમાઈ. તે બિન્દુબેન દિપકભાઈ ઉદાણીના બનેવી, તે અમી હિતેશ ગોસળીયા અને શીતલ પરેશ ગાંધીના ભાઈ , સ્વ. બકુલભાઈ , કુસુમબેન , સ્વ. રંજનબેન, સ્વ. મીનાબેન, દિવ્યાબેન, સંધ્યાબેનના ભત્રીજા, લોકિક વ્યવહાર બંધ છે.

કચ્છી વિશા ઓશવાળ મહાજન

કારાઘોઘાના કુ. નયના રામજી વીરા (ઉ.વ. ૬૭) તા. ૨૮-૧૨-૨૦૨૫ના (માંડવી આશ્રમ)માં અવસાન પામેલ છે. સ્વ. મણીબેન રામજીના સુપુત્રી. પત્રીના વેલબાઇ દેવરાજ ઉદેશીના દોહીત્રી. રાજેશ, જયેશ, વડાલાના હેમકુંવર જાદવજી, ભાનુ ધીરજ, ગુંદાલાના સ્વ. મંજુલા વિશનજી, ભુજપુરના લક્ષ્મી કેશવજી, રામાણીયાના નીતા દિનેશ, નલીનીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં નહીં. નિ. રાજેશ રામજી વીરા, ૫૫/૪, વીનર્સ કો.હા.સો. શ્રીનગર, થાણે (પ.)

રતાડીયા ગણેશના ચુનીલાલ રામજી કાંઇયા છેડા (ઉ.વ. ૭૬) તા. ૨૮-૧૨-૨૦૨૫ના અવસાન પામ્યા છે. પાનબાઇ રામજી કાંઇયાના પુત્ર. ચંચળબેનના પતિ. મનોજ, કામીની, પારૂલના પિતા. વડાલાના જવેરબેન જખુભાઇ, સાડાઉના સંતોકબેન કેશવજી, લાખાપરના પ્રભાબેન મણીલાલના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : મનોજ ચુનીલાલ છેડા, લીમડા ચોક, ધરમપુર, વલસાડ, ગુજરાત.

ભુજપુર (હાલે સુરત)ના અ.સૌ. હીનાબેન રમેશ ભેદા (ઉ.વ. ૭૯) તા. ૨૮.૧૨.૨૦૨૫ ના અવસાન પામ્યા છે. નાનબાઈ જીવરાજ કુરપારના પુત્રવધુ. રમેશ જીવરાજના ધર્મપત્ની. કશ્યપ, નિશીથના બાઈ. નાગલપુરના હાંસબાઈ દેવશી હીરજી ગોગરીના સુપુત્રી. અમૃતલાલ, કાંતિલાલ, અરવિંદ, અનીલ, નવાવાસના કુસુમ હરખચંદ શીવજીના બેન. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. રમેશ ભેદા : ૬/ઊ સુરભી એપાર્ટમેન્ટ, મેઘા ટાવરની બાજુમાં, ભટાર, સુરત .

દેવપુરના અ.સૌ. દેવકાંબેન ગાલા (ઉ. ૮૦) તા. ૨૮-૧૨-૨૫ ના અવસાન પામેલ છે. ગંગાબેન પ્રેમજી ના પુત્રવધુ. લીલાધરના પત્ની. નીતીન, પરેશના માતુશ્રી. લક્ષ્મીબેન પ્રેમજી નિસરના સુપુત્રી. વિશનજી ના બેન. પ્રા. શ્રી કાલીદાસ મેરેજ હોલ, કાલિદાસ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, પી.કે. રોડ, મુલુંડ (વે.).

કપાયાના અ.સૌ.ઉર્મિલાબેન મણીલાલ શાહ (કેનિયા) (ઉ.વ.૮૪) તા.૨૮-૧૨-૨૫ના અવસાન પામેલ છે. ભચીબાઈ દામજી કાનજીના પુત્રવધુ. મણીલાલના પત્ની. હિરેન, કેતનાના માતુશ્રી. પત્રી લક્ષ્મીબાઈ દેવજી વેલજીના પુત્રી. રેવંતી, જયા, ભવાનજી, વિમળા, મહેન્દ્ર, હંસા, હેમા, શૈલેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : હિરેન કેનીયા. ડો.ગેમ્બર્સ રેસીડન્સી. બી-૪૦૪, એન.એલ.સ્કુલની બાજુમાં, એસ.વી.રોડ, મલાડ (વે), મું-૬૪.

વડાલાના વસંતલાલ વોરા (સુખી) (ઉ. ૮૬) તા. ૨૮-૧૨-૨૫ના અવસાન પામેલ છે. મુલબાઇ કેશવજીના પુત્ર. મંજુલાબેન (ભચુબેન) ના પતિ. અતુલ, સમીર, વંદના ના પિતા. ડુંગરશી, લક્ષ્મીચંદ, મોરારજી, લક્ષ્મીબેન, રતનબેન, ભાગ્યવંતી, ગંગાબેન, ઝવેરબેન ના ભાઇ. લુણી લક્ષ્મીબેન / ગંગાબેન આસરીયા ભીમશી માલદેના જમાઇ.પ્રાર્થના રાખેલ નથી. નિ. વસંતલાલ વોરા, લોધા બેલમોન્ડો, ટાવર ૧૨, એપા., ૧૪૦૨, ગહુંજે, પૂના .

બિદડા હાલે ઘાટકોપરના પ્રવિણ દેવજી શાહ (ઉ. વર્ષ ૭૮) તા. ૨૮-૧૨-૨૫ના અવસાન પામેલ છે. ગંગામા દેવજીના પુત્ર. ભારતીના પતિ. કલ્પેશ, રાજીવ, કૌશીકના પિતા. લક્ષ્મીબેન, નાનજી, રતનબેન, મંજુલાબેન, વલ્લભજીના ભાઇ. કોડાયના ધનજી ઘેલા લાલનના જમાઇ. પ્રાર્થના : તા. ૩૦-૧૨-૨૫. ટા. ૨ થી ૩.૩૦. જીરાવલ્લા દેરાસર, દેરાસર લેન, ઘાટકોપર (ઇ.)

દશા શ્રીમાળી સુડતાલીસ જૈન

ગામ ખરોડા હાલ દહીંસર સ્વ. શારદાબેન મનુભાઈ શાહના પુત્ર સુરેશભાઈ શાહ (ઉં.વ.૬૭) તા. ૨૮/૧૨/૨૫ ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે રીટાબેનના પતિ, કેયુરભાઈના પિતા, અલ્પેશ ના મોટાભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન

ઉગામેડી નિવાસી હાલ અંધેરી, સ્વ. લક્ષ્મીચંદ ગિરધરલાલ શેઠના પત્ની સ્વ. લતાબેન, (ઉં. વ. ૮૩) તા. ૨૮.૧૨.૨૫ના અરિહંતશરણ પામેલ છે. જયેશભાઇ, મનીષભાઈના માતા. મનીષા, હેતલના સાસુ. સ્વ. જસવંતભાઈ, સ્વ. વિનુભાઈ, સ્વ. હર્ષદભાઈ, સ્વ. ઉપેન્દ્રભાઈ, પ્રતાપભાઈના ભાભી. નૈમિશા, જૈનિશા, મનન, કેહાન, જયના દાદી, રંગપુર નિવાસી ડુંગરશીભાઈ જીવનભાઈ મહેતલિયાના પુત્રી, ધીરજભાઈ, નવીનભાઈના બેન. પ્રાર્થના વિશ્વકર્મા બાગ, ૩૬/૩૭, બજાજ રોડ, નવપાડા, કમલા નગર, વિલે પાર્લે પશ્ચિમ, ૩૦ ડિસેમ્બર ૨૫, સવારે ૧૦થી ૧૧:૩૦.

છેલ્લા પાનાનું ચાલુ

પહેલા દિવસે

થતા તેમને ૧૦૭માંથી ઉમેદવારી આપવામાં આવી છે. વોર્ડ નંબર ૧૭૭ ભૂતપૂર્વ નગરસેવિકા નેહલ શાહનું પત્તુ કપાઈ ગયું છે અને તેને સ્થાને કલ્પેશા જેસલ કોઠારીને ટિકિટ આપવામાં આવી છે. વોર્ડ નંબર ૨૨૨ની ભૂતપૂર્વ નગરસેવિકા રીટા મકવાણાને ફરી ટિકિટ આપવામાં આવી છે. વોર્ડ નંબર ૩૫માં ભૂતપૂર્વ ગુજરાતી નગરસેવિકા સેજલ દેસાઈનું પત્તુ કાપી નાખવામાં આવ્યું હતું અને તેની જગ્યાએ યોગેશ વર્માને ઉમેદવારી આપવામાં આવી હતી. વોર્ડ નંબર ૭૦નાં ભૂતપૂર્વ નગરસેવિકા સુનિતા મહેતાનું પત્તુ પણ કાપી નાખવામાં આવ્યું હતું. તેમને સ્થાને વોર્ડ નંબર ૭૧ના ભૂતપૂર્વ નગરસેવક અનિશ મકવાણીને ટિકિટ આપવામાં આવી હતી. અનિશનો વોર્ડ જનરલ મહિલા માટે અનામત થઈ ગયો છે.

તો કોંગ્રેસ તરફથી સોમવારે ૮૭ ઉમેદવારને 'એબી' ફોર્મ આપવામાં આવ્યા હતા, જેમાં માત્ર પાંચ ગુજરાતી મારવાડીઓના નામ હતા, વોર્ડ ૨૨માં પ્રદીપ કોઠારી, વોર્ડ નંબર ૩૫માંથી પરાગ શાહ, વોર્ડ નંબર પંચાવનમાંથી ચેતન ભટ્ટ, વોર્ડ નંબર ૪૩માંથી સુદશન સોની, વોર્ડ નંબર ૨૨૦માંથી સોનલ પરમાર અને વોર્ડનંબર ૨૨૧માંથી પૃથ્વીરાજ જૈનનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૭ની મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૨૨૭માંથી ૨૬ ગુજરાતી નગરસેવકો ચૂંટાઈ આવ્યા હતા. ■

નવા વર્ષની

મુંબઈમાં ડ્રગ્સના સેવન અને તસ્કરી સાથે સંકળાયેલાઓ વિરુદ્ધ મુંબઈ પોલીસની એએનસી દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. નવા વર્ષની ઉજવણી દરમિયાન ડ્રગ્સનો ઉપયોગ ન થાય તે માટે પોલીસ સ્ટેશન અને એએનસીના અધિકારીઓની અનેક સ્પેશિયલ ટીમ બનાવવામાં આવી છે.

નવા વર્ષની ઉજવણી રંગેચંગે પાર પડે તે માટે પોલીસને સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી છે. થર્ટીફર્સ્ટની પાર્ટીઓ પર પોલીસ ખાસ નજર રાખશે. પાર્ટીઓમાં ડ્રગ્સનો ઉપયોગ થશે તો પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે, એવું ડીસીપીએ જણાવ્યું હતું.

દરમિયાન ડ્રગ્સના મામલાઓમાં વારંવાર કાર્યવાહી કરવામાં આવ્યા પછી ૨૦૨૫માં બે આરોપીને તડીપાર કરવામાં આવ્યા હતા. વિદેશમાં રહીને ભારતમાં ડ્રગ્સનું રૅકેટ ચલાવનારા ચાર આરોપીને પ્રત્યર્પણ દ્વારા ભારત લાવવામાં આવ્યા હોવાની કામગીરીને પોલીસની મોટી સફળતા ગણવામાં આવે છે.

જુલાઈ, ૨૦૨૫ના રોજ મહારાષ્ટ્ર સરકારે ડ્રગ્સની તસ્કરીમાં સંડોવાયેલી ટોળકીઓ વિરુદ્ધ મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઑફ ઑર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ઍક્ટ (એમસીઓસીએ) હેઠળ કાર્યવાહી કરવાની સૂચના આપી હતી. તે અનુસાર બે ટોળકી સામે એમસીઓસીએ લગાવવામાં આવ્યો હતો અને તેમની વિરુદ્ધ કોર્ટમાં આરોપનામું પણ દાખલ કરાયું હતું. ■

₹ ૬૨૧ કરોડ

કરીને ક્રિસમસ અને નવા વર્ષની રજાઓ દરમિયાન હાઈવે પર ટ્રાફિકનું ભારણ વધ્યું છે, ત્યારે બીજી તરફ રોડના ખરાબ કામ અને અધૂરા પડેલાં પ્રોજેક્ટને કારણે મુસાફરીને જોખમી બનાવી દીધી છે. આ હાઈવે પર રાતના સમયે ૧૨થી ૧૫ કિલોમીટર સુધી વાહનોની લાંબી લાંબી લાઈનો જોવા મળી રહી છે. નેશનલ હાઈવે ઑથોરિટી ઑફ ઈન્ડિયા (ગઇઅઈ) એ બે વર્ષ પહેલા ગુજરાત બોર્ડરથી કાશીમીરા સુધી હાઈવે પર 'વ્હાઈટ ટોપિંગ' (સીમેન્ટનું પડ ચઢાવવું) કરવાનો નિર્ણય લીધો હતો. આ પ્રોજેક્ટ પાછળ અંદાજે રૂપિયા ૬૨૧ કરોડ ખર્ચવામાં આવ્યા હતા. જોકે, કોન્ટ્રાક્ટરની બેદરકારી અને અધિકારીઓની ઉદાસીનતાને કારણે કામ અત્યંત હલકી કક્ષાનું થયું છે. પરિણામે, નવો બનેલો રોડ પણ ઉખડવા લાગ્યો છે અને ઠેર-ઠેર ખાડાઓ જોવા મળી રહ્યા છે. હાલમાં વર્સોવા ખાડી પર આવેલા જૂના બ્રિજના કોંક્રીટીકરણનું કામ ચાલી રહ્યું છે. રજાઓના સમયે જ્યારે હાઈવે પર કામ બંધ રાખવાના નિર્દેશો હોય છે, ત્યારે જ આ કામગીરી શરૂ કરવામાં આવતા ટ્રાફિકની સમસ્યા વકરી છે. છેલ્લા ચાર દિવસથી રાતના સમયે હાઈવે પર ૧૨થી ૨૦ કિમી લાંબો જામ જોવા મળી રહ્યો છે. જેને કારણે પ્રવાસીઓને કલાકો સુધી રસ્તામાં અટવાઈ રહેવું પડે છે. આ જામની અસર ઈમરજન્સી સેવાઓ અને એમ્બ્યુલન્સ પર પણ જોવા મળી રહી છે. ■

ભાજપના વર્ચસવાળા

વીબીએને ઉમેદવારી આપવી એ સમજની બહાર છે. કોઈ દલિત વસાહત નથી એવા વિસ્તારમાં વીબીએને ઉમેદવારી આપવામાં આવી રહી છે.' વિલેપાર્લેનો ઉલ્લેખ કરી ભાજપના નેતાએ કહ્યું કે આ વિસ્તારની એકમાત્ર દલિત વસાહતમાં ભાજપ અને આરપીઆઈના કાર્યકરો રહે છે. તેમણે દાવો કર્યો કે કોંગ્રેસ પાસે મોટાભાગના વોર્ડમાં ઉમેદવારોનો અભાવ હતો અને ચહેરો બચાવવા માટે તેમણે ગઠબંધન બનાવ્યું હતું.

કોંગ્રેસના પ્રવક્તા સચિન સાવંતે જણાવ્યું હતું કે પક્ષ સમાન વિચારધારા ધરાવતા પક્ષોને સાથે રાખવા અને ધર્મનિરપેક્ષ દળોને મજબૂત બનાવવા માગે છે, અને આ પગલું મહારાષ્ટ્રમાં ભાવિ રાજકારણ માટે માર્ગ મોકળો કરી શકે છે. (પીટીઆઈ) ■

યમન નાગરિક

ફોરેનર્સ રિજનલ રજિસ્ટ્રેશન ઓફિસને વિઝા આપવાનો નિર્દેશ આપવાની માગણી સાથે હાઇ કોર્ટમાં અરજી કરી હતી. તેની દલીલ મુજબ તે જરૂરી દસ્તાવેજો સાથે ભારતમાં પ્રવેશ્યો હતો પરંતુ ગયા વર્ષે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો દ્વારા નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટના બે કેસમાં તેની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઈ) ■

૩૧મી ડિસેમ્બરે

મુંબઈવાસીઓ ૩૧ ડિસેમ્બરની સવારથી શરૂ થયેલી સેવાનો લાભ ૧ જાન્યુઆરીની રાત સુધી સતત લઇ શકશે.

નવા વર્ષને આવકારવા માટે મુંબઈમાં ભારે ભીડ જોવા મળે છે. રસ્તાઓ પર ટ્રાફિક જામ ટાળવા અને મુસાફરો માટે સરળ મુસાફરી સુનિશ્ચિત કરવા માટે આ આયોજન કરવામાં આવ્યું છે. ખાસ કરીને મહિલાઓ અને પરિવારો માટે સલામતીની દૃષ્ટિએ આ રાત્રિ મેટ્રો મુસાફરી અત્યંત અનુકૂળ રહેશે.

મેટ્રો વહીવટીતંત્રે મુસાફરોને નવા વર્ષની ઉજવણી કરતી વખતે મેટ્રોના નિયમોનું પાલન કરવા અને આ ખાસ સુવિધાનો લાભ લેવા અપીલ કરી છે. ■

ચાર પ્લાન્ટને

(એમપીસીબી)ના ચેરમેન સિદ્ધેશ કદમની અધ્યક્ષતામાં યોજાયેલી સમીક્ષા બેઠક બાદ એમપીસીબીએ આરએમસી પ્લાન્ટનું સ્થળ પર નિરીક્ષણ કરવા માટે મુંબઈ શહેર માટે ચાર અને નવી મુંબઈ માટે બે ખાસ નિરીક્ષણ ટીમની રચના કરી છે. વાયુ પ્રદૂષણ વિરોધી ધોરણોનું પાલન ન થતું હોવાથી બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સમાં બુલેટ ટ્રેન સંબંધિત કામને મુંબઈ મહાનગરપાલિકાએ તાજેતરમાં સ્થગિત કરી દીધું હતું. એમપીસીબીના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીના નિરીક્ષણોને પગલે ૩૭ આરએમસી પ્લાન્ટમાંથી રૂ. ૧.૮૭ કરોડનો દંડ વસૂલવામાં આવ્યો છે અને વાયુ પ્રદૂષણના નિયમોના ઉલ્લંઘન બદલ ચાર યુનિટ બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

બોમ્બે હાઈ કોર્ટે બુધવારે મુંબઈ મહાનગરપાલિકાને શહેરમાં વાયુ પ્રદૂષણ પ્રત્યે આંખ આડા કાન કરવા બદલ અને સમસ્યા ઘટાડવા માટે કોઈ પગલાં ન ભરવા બદલ ફટકાર લગાવી હતી. મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ચંદ્રશેખર અને ન્યાયમૂર્તિ ગૌતમ અંકડની ખંડપીઠે એવો પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે મુંબઈ જેવા શહેરમાં એક હજાર કરોડ રૂપિયાથી વધુના ૧૨૫થી વધુ બાંધકામ પ્રોજેક્ટ્સને મહાનગરપાલિકાએ એ કેવી રીતે મંજૂરી આપી અને જણાવ્યું હતું કે પરિસ્થિતિ હવે પાલિકાના નિયંત્રણની બહાર ગઈ છે. અદાલતે પાલિકાને ચેતવણી આપી હતી કે જો શહેરમાં વાયુ પ્રદૂષણની સ્થિતિ યથાવત્ રહેશે તો તે બાંધકામ માટે વધુ પરવાનગી આપતા અટકાવવાના આદેશો જારી કરશે. (પીટીઆઈ) ■

એક્સપ્રેસ ટ્રેનમાં

શંકાસ્પદ ટીસીની માહિતી આપી હતી. ટ્રેનના બીજા કોચમાં એક અધિકારી પ્રવાસીઓની ટિકિટ ચેક કરતો હોવાનું સીટીઆઈને કહેવામાં આવ્યું હતું.

ટ્રેનમાં બીજા કોઈ ઈન્સ્પેક્ટરની નિયુક્તિ કરાઈ ન હોવાનું જાણતા સીટીઆઈએ તેના સાથી સાથે મૌર્યની પૂછપરછ કરી હતી. મૌર્ય ઈન્સ્પેક્ટર ન હોવાની ખાતરી થતાં કસારા સ્ટેશન નજીક તેને તાબામાં લેવાયો હતો. આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૦૪ અને રેલવે ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. (પીટીઆઈ) ■

જાન્યુઆરીથી બોરીવલી

સાવચેતીપૂર્વક કરવામાં આવી રહ્યું છે. વધુમાં, ઉપનગરીય રેલ નેટવર્કમાં મુસાફરોની ક્ષમતા વધારવાના લાંબા સમયથી પડતર કાર્યને પણ મજબૂત બનાવવામાં આવી રહ્યું છે. આ કામ ૧૮ જાન્યુઆરી સુધીમાં પૂર્ણ થશે. ત્યારબાદ, લાઇનની ફિટનેસ તપાસ અને અન્ય જરૂરી કામગીરી કરવામાં આવશે. રેલવેના દાવાઓ છતાં, આમાં થોડો સમય લાગશે. આ સેવા ફેબ્રુઆરીના મધ્ય સુધીમાં કાર્યરત થઈ શકે છે. છઠ્ઠી લાઇન બાંદ્રા ટર્મિનસ અને બોરીવલી વચ્ચે લાંબા અંતરની ટ્રેનોને ઉપનગરીય સેવાઓથી અલગ કરશે. એક અધિકારીએ જણાવ્યું હતું કે આનાથી ટ્રેનના સમયમાં સુધારો થશે, સલામતી વધશે અને હાલના ટ્રેક પર ભીડ ઓછી થશે તેવી અપેક્ષા છે. ■

'જસ્ટિસ ચંદ્રચુડ'ને

આ રૅકેટના બે માસ્ટરમાઈન્ડ હાલમાં વિદેશમાં રહે છે, જેમાંથી એક ઈમિગ્રેશન અને વિઝા સર્વિસનો વ્યવસાય ધરાવે છે. આ રૅકેટમાં સંડોવાયેલા અન્ય આરોપીઓની પોલીસ શોધ ચલાવી રહી છે. પોલીસ ફરિયાદ અનુસાર ફરિયાદીને કોલાબા પોલીસ સ્ટેશનના અધિકારીના સ્વાંગમાં ઠગ ટોળકીમાંના એક આરોપીએ કૉલ કર્યો હતો. પછી સેન્ટ્રલ એજન્સીના અધિકારી સાથે વાત કરાવી હતી. મની લોન્ડરિંગના કેસમાં ડિજિટલ અરેસ્ટ દેખાડી મહિલાને 'જસ્ટિસ ચંદ્રચુડની અદાલતમાં હાજર કરાઈ હોવાનું નાટક રચ્યું હતું. ■

આદિત્ય ઠાકરેએ

બનેલી ઉચ્ચ-શક્તિવાળી સમિતિની રચના કરવાનો પણ પ્રસ્તાવ મૂક્યો હતો. ભૂતપૂર્વ પ્રધાને તેમની પોસ્ટમાં એમ પણ જણાવ્યું હતું કે રાજસ્થાનમાં નાગરિકોના જન આંદોલન વિના પરિણામ શક્ય ન બન્યું હોત. એ આંદોલને સ્પષ્ટ કર્યું છે કે ગ્રહનું શોષણ કરવા માગતા લોકોના ગંદા ઇરાદા કરતા ગ્રહ વધુ મહત્ત્વ ધરાવે છે. મને આશા છે કે આપણે અરવલ્લી પર્વતમાળા અને દેશભરની પ્રકૃતિને સૌથી મજબૂત સુરક્ષા આપી શકીશું. (પીટીઆઈ) ■

મતભેદોને બાજુ પર

પ્રચારમાં પક્ષના કાર્યકરો અને સ્થાનિક હોદ્દેદારોએ ભાગ લેવો જ જોઈએ અને શિવસેના (યુબીટી) દ્વારા પણ તેવું જ વળતું સમર્થન આપવામાં આવશે, ઠાકરેએ જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એસપી) પણ આ ગઠબંધનનો ભાગ હશે. ગઠબંધનને કારણે ઉમેદવારી ન મળવાથી પક્ષના કાર્યકરો નારાજ હોવાનું સ્વીકારતા નાંદગાંવકરે જણાવ્યું હતું કે, તેઓએ નિરાશ ન થવું જોઈએ અને આ કોઈ છેલ્લી ચૂંટણી નથી. ■

રદ થયેલી ટ્રેનોએ

મુસાફરોએ જણાવ્યું હતું. ટ્રેન સેવાઓમાં વિલંબને કારણે તેમના કામ પર પહોંચવામાં વિલંબ થયો હતો.

સ્ટેશન પર પરિસ્થિતિ વધુ ગંભીર હતી, પ્લેટફોર્મ ૮ અને ૯, ૨૯ ડિસેમ્બર સુધી બંધ હોવાને કારણે બાકીના પ્લેટફોર્મ પર દબાણ વધ્યું હતું. રવિવારે બપોરે એક મુસાફરે નોંધપાત્ર મુશ્કેલીઓનો અનુભવ કર્યો હોવાની જાણ કરી. વિરારથી ચર્ચગેટ જવાનું વધુ પડકારજનક હતું. ટ્રેનો ૨૦-૨૫ મિનિટ મોડી ચાલી રહી હતી અને મુસાફરોની સંખ્યા વધતી જતી હતી. પરિણામે, સામાન્ય દિવસો કરતાં પણ વધુ ભીડ હતી. બાળકોની શાળામાં રજાઓ પણ ચાલી રહી છે. જેને કારણે વધુ લોકો ફરવા માટે નીકળ્યા હતા. આ પણ ભીડનું એક કારણ હોઈ શકે છે. ■

મરણ ખબર માટેની સૂચના	મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે	(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

તન-મન-ધનથી રહો તરોતાજા

લક્ષ્મી પૂજવાની હોય છે, પૈસા વાપરવાના હોય છે

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

અનાદર વ્યક્ત કરવો અને વપરાશ કરવો- આ બેમાંથી કઈ ક્રિયા આપણને માનસિક શાંતિ અને આંતરિક સુખનો અનુભવ કરાવશે? શાનાથી શાતાની અનુભૂતિ થઈ શકે- કશાયના વપરાશથી કે આદરની લાગણીથી?

કેવળ આપણી મૂળભૂત જરૂરિયાતો ખરીદવા માટે જ નહીં, પરંતુ સપનાં પૂરા કરવા માટે પણ પૈસા વાપરવા પડે છે. ઘરમાં ભગવાનની મૂર્તિ પાસે ચલણી નોટોની થપ્પી, ચેકબુક અને ડેબિટ કાર્ડસ રાખી મૂકવાથી કામ નહીં ચાલે. રોજિંદો વ્યવહાર નિપટાવવા આપણે પૈસા વાપરવા જ પડશે. ટૂંકમાં કહેવાનો મતલબ એ છે કે પૈસા સાથે સન્માનપૂર્વક વર્તો.

જેના માટે તમારા દિલમાં આદરભાવ છે એવી વ્યક્તિઓને યાદ કરો. એ કોઈ પણ હોઈ શકે-તમારા શિક્ષક, માતા-પિતા, જીવનમાં ખૂબ આગળ વધેલી હસ્તી, તમારે ત્યાં વર્ષોથી ઘરકામ કરી રહેલા વૃદ્ધ વડીલ, તમારી કંપની કે સંસ્થામાં લાંબા સમયથી સેવા આપી રહેલા વયસ્ક કર્મચારી, વગેરે. આપણે તેમની સાથે ગરિમા જાળવીને વર્તીએ છીએ. એમને જોઈએ છીએ ત્યારે આપણા શરીરની મુદ્રા બદલાઈ જાય છે, ક્યારેક આપણે ઝૂકીને એમને નમન કરીએ છીએ, એમની સામે અદબપૂર્વક ઊભા રહીએ છીએ. એમને મળવા જતી વખતે વ્યવસ્થિત કપડાં પહેરીએ છીએ. એ વ્યક્તિ માટે આપણાં મન-હૃદયમાં જે લાગણીઓ છે એનું પ્રતિબિંબ આ બાહ્ય ચેષ્ટાઓમાં પડે છે.

વાત માત્ર માણસો પૂરતી સીમિત નથી, આપણે એન્જિનિયરિંગનું અદ્‌ભુત સર્જન જોઈએ છીએ કે ખૂબસૂરત કળાકૃતિ નિહાળીએ છીએ ત્યારે આપણા મનમાં જે લાગણીઓ જાગે છે તે કંઈક આવી જ હોય છે. હવે એ વિચારો કે કોઈ ભીડભાડભર્યા દિવસે આપણે મોલમાં ખરીદી કરવા જઈએ ત્યારે આપણી માનસિક અવસ્થા કેવી હોય છે? ત્યાં આપણે પૈસા વાપરીએ છીએ. જેના માટે આપણા દિલમાં પ્રેમ અને આદર હોય છે એને અવારનવાર મળતા રહેવાની આપણને ઈચ્છા થયા કરે છે. તે એટલા માટે તેમની સાથે હોઈએ છીએ ત્યારે આપણાં મનમાં જે ભાવજગત રચાય છે તે આપણને ગમતું હોય છે.

આપણી સંપત્તિને પણ આપણે આવી જ લાગણી, આવું જ સન્માન આપવું જોઈએ. આ સંપત્તિને લીધે જ આપણું અને આપણા પરિવારનું પેટ ભરાય છે, આપણાં માથાં પર છત બની રહે છે, સંતાનોને સારું ભણતર આપી શકીએ છીએ, વગેરે. આપણાં કેટલાંય સપનાં આ સંપત્તિને કારણે સાકાર થયાં છે. સંપત્તિને લીધે આપણને સારી રીતે જીવન જીવવામાં ખૂબ મદદ મળે છે. ખુદની સંપત્તિ પ્રત્યે ધન્યતા અનુભવો, કૃતાર્થની અનુભૂતિ કરો. નાનીનાની ચેષ્ટાઓ કરો, જેમ કે કોઈને પૈસા આપતી વખતે બન્ને હાથનો ઉપયોગ કરવો. વૉલેટ, કબાટ, ડ્રોઅર વગેરેમાં પૈસાને વ્યવસ્થિત રીતે રાખવા. જ્યારે પણ કોઈને પૈસા આપો ત્યારે એના કલ્યાણ માટે મનોમન પ્રભુને પ્રાર્થના કરો. આપણી જાત માટે પણ આમ કરવું જોઈએ. સંપત્તિ આપણી ભીતર કેવા ભાવ જગાડે છે તેનું નિરીક્ષણ કરો. આપણે ખરીદી કરીએ છીએ ત્યારે પૈસાને આપણાથી વિખૂટા પાડવા પડે છે. ધન-સંપત્તિ આમેય કાયમ માટે આપણી સાથે રહેવાની નથી. તો શા માટે તેને અલગ કરવાની ક્રિયા એવી રીતે ન કરીએ જેનાથી મનને સારું લાગે? આ નાની પણ સારી આદત છે. ■

રૂલ ઓફ ૧૧૪: પૈસા ત્રિગુણા થવાનું મહત્ત્વ આજે કેમ વધુ છે?

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા
feedback@bombaysamachar.com

આ અગાઉ આપણે ‘રૂલ ઓફ ૭૨’ વિશે વાત કરી હતી. એના દ્વારા આપણે જાણ્યું કે ચક્રવૃદ્ધિ દ્વારા પૈસા બમણા થવામાં કેટલો સમય લાગે છે...એવું સમજાવતો એક સરળ અને અસરકારક નિયમનો એ વિચાર વાચકોને એટલા માટે ગમ્યો કારણ કે તેણે ટકાવારીને સમયમાં ફેરવીને રોકાણને સમજવું સરળ બનાવ્યું.

આ વિચારને આગળ વધારતાં એક સ્વાભાવિક પ્રશ્ન ઊભો થાય છે:

જો પૈસા બમણા થવા સમજવું ઉપયોગી છે, તો તેને ત્રિગુણા થવા માટે કેવી રીતે વિચારવું?

આ પ્રશ્ન આપણને એક વધુ સુઘડ પરંતુ ઓછો ચર્ચાતો વિચાર આપે છે રૂલ ઓફ ૧૧૪.

આ રૂલ ઓફ ૧૧૪ શું છે?

વેલ, રૂલ ઓફ ૧૧૪ આપણને આ અંદાજ આપે છે કે કોઈ રોકાણને ત્રિગુણા થવામાં કેટલો સમય લાગી શકે.

આનો સિદ્ધાંત સરળ છે:

૧૧૪ ને વાર્ષિક રિટર્નના દરથી ભાગો, તો તમારા પૈસા ત્રણ ગણાં થવામાં અંદાજે કેટલા વર્ષ લાગશે તે ખબર પડે.

ઉદાહરણ તરીકે:

* ૬% વાર્ષિક રિટર્ન પર
૧૧૪ ÷ ૬ = ૧૯ વર્ષ
* ૮% પર?
૧૧૪ ÷ ૮ = ૧૪ વર્ષ
* ૧૦% પર?
૧૧૪ ÷ ૧૦ = ૧૧ વર્ષ

આમ રૂલ ઓફ ૭૨ની જેમ આ પણ એક અંદાજ છે, પરંતુ લાંબા ગાળાના વિચાર માટે પૂરતો ચોક્કસ છે.

આજે બમણું પૂરતું કેમ નથી રહ્યું?

અગાઉના સમયમાં ઘણીવાર પૈસા બમણા થવું પૂરતું માનવામાં આવતું. નિવૃત્તિનો સમય ટૂંકો હતો, આરોગ્ય ખર્ચ ઓછો હતો અને કુટુંબ આધાર મજબૂત હતો.

આજની હકીકત ભિન્ન છે. નિવૃત્તિ સરળતાથી ૨૫ થી ૩૦ વર્ષ સુધી ખેંચાઈ શકે છે. મોંઘવારી શાંતિથી ખરીદ શક્તિ ઘટાડે છે. વય વધે તેમ આરોગ્ય અને જીવનશૈલીના ખર્ચમાં વધારો થાય છે. આવી સ્થિતિમાં પૈસા માત્ર એકવાર બમણા થવું આરામ જાળવી શકે, પરંતુ લાંબા ગાળે એ પૂરતું ન પણ સાબિત થાય.

પૈસા ત્રિગુણા થવા એ અહીં એક આર્થિક સુરક્ષાનો બફર આપે છે.

સમય: સંપત્તિ સર્જનનો અદૃશ્ય ભાગીદાર

રૂલ ઓફ ૧૧૪ એક મહત્ત્વપૂર્ણ સત્ય પર ભાર મૂકે છે, જેને રોકાણકારો ઘણીવાર ઓછી કદર આપે છે સમય ઊંચા રિટર્ન કરતાં વધુ મહત્ત્વનો છે.



માત્ર ૭૮% જેવા મધ્યમ રિટર્ન પર પણ, જો પૂરતો સમય મળે, તો પૈસા માત્ર વધતા નથી તે અર્થપૂર્ણ રીતે ચક્રવૃદ્ધિ દ્વારા વિકસે છે. વહેલું શરૂ કરવું અને મોડું શરૂ કરવું બન્ને વચ્ચેનો ફરક ધીમે ધીમે નહીં, પરંતુ ગુણોત્તર રીતે વધે છે.

આ વાત ખાસ કરીને લાંબા ગાળાના સાધનો માટે લાગુ પડે છે જ્યાં સમય સાથે ધીરજનું પણ ઈનામ મળે છે. જોકે વિપરીત પ્રશ્ન વધુ અસરકારક છે.

રૂલ ઓફ ૭૨ની જેમ, રૂલ ઓફ ૧૧૪ ને પણ ઊલટી દૃષ્ટિથી જોઈ શકાય છે. જો તમે ચોક્કસ સમયગાળામાં પૈસા ત્રિગુણા કરવા માગો છો તો ૧૧૪ ને એટલા વર્ષોથી ભાગ કરીને તમે અંદાજે કેટલું રિટર્ન જોઈએ તે જાણી શકો છો.

* ૧૨ વર્ષમાં પૈસા ત્રિગુણા કરવા
અંદાજે ૯.૫% વાર્ષિક રિટર્ન
* ૧૦ વર્ષમાં
સતત ૧૧-૧૨%

આ વિપરીત દૃષ્ટિ એક વાસ્તવિક ચકાસણી કરે છે આશા અને ગણિત વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરે છે.

ચક્રવૃદ્ધિ બન્ને તરફ કામ કરે છે.

રૂલ ઓફ ૧૧૪ એક શાંતિભર્યો ચેતવણી સંદેશ પણ આપે છે. મોંઘવારી પણ ચક્રવૃદ્ધિથી વધે છે.

જો મોંઘવારી ૬% હોય, તો જીવન ખર્ચ માત્ર બમણો નહીં તે લગભગ ૧૯ વર્ષ આસપાસમાં ત્રિગુણો થઈ જાય છે.

મોંઘવારી કરતાં ઝડપી વૃદ્ધિ ન થાય, તો આજે જે પૂરતું લાગે છે તે કાલે અપૂરતું લાગી શકે.

નિષ્કર્ષાત્મક વિચાર

અહીં એક વાત વિશેષ રૂપે યાદ રાખો કે રૂલ ઓફ ૧૧૪ મહત્ત્વાકાંક્ષા વિશે નથી તે પૂરતી તૈયારી વિશે છે. ■

હળદર: હર્બ ઑફ ધ યર ૨૦૨૬

ફોકસ
રેખા દેશરાજ
feedback@bombaysamachar.com

આંતરરાષ્ટ્રીય જડીબુટ્ટી સંઘે વર્ષ ૨૦૨૬ માટે હળદરને ‘હર્બ ઑફ ધ યર’ તરીકે પસંદ કરી છે. આંતરરાષ્ટ્રીય જડીબુટ્ટી સંઘ દર વર્ષે કોઈ એક જડીબુટ્ટીને તેના ઔષધીય ગુણોને ધ્યાનમાં રાખીને તેને કોઈ એક વર્ષ માટે જડીબુટ્ટીનો ખિતાબ આપે છે. એવામાં આ વખતે પસંદગીનો કળશ હળદર પર ઢોળાયો છે. સવાલ એ પણ થાય છે કે હળદરની પસંદગી કઈ રીતે થઈ? કેમ કે સદીઓથી આયુર્વેદની એક ઔષધિની સાથે સાથે એ ભારતમાં સ્વાદ અને મસાલા તરીકે પ્રસિદ્ધ છે. ઔષધીય અને આરોગ્યની દૃષ્ટિએ હળદર પર જેટલી શોધો કરવામાં આવી છે એટલી શોધ તો અન્ય કોઈ જડીબુટ્ટી પર નથી થઈ. એનાથી ખ્યાલ આવી જાય છે કે હળદરને આપણે જેટલી માનીએ છીએ એનાં કરતાં એ વધુ અગત્યની છે. આ જ કારણ છે કે તે હર્બ ઑફ ધ યર તરીકે સન્માનિત થઈ છે.

સદીઓથી ભારતમાં અને ભારત દ્વારા વિશ્વના અનેક ભાગોમાં હળદર સ્વાસ્થ્ય, સૌંદર્ય, મસાલા અને ઔષધિના રૂપમાં ઓળખવામાં આવે છે. હળદર એન્ટિ-ઓક્સિડેન્ટથી ભરપૂર હોવાથી ઈમ્યુનિટી વધારવા અને શરીરના સોજાને ઘટાડવામાં કારગર સાબિત થઈ છે.

દુનિયામાં હળદરનું જેટલું ઉત્પાદન થાય છે એના કરતાં ૭૦થી ૮૦ ટકા ઉત્પાદન ભારતમાં થાય છે. ૨૦૨૬ માટે એને પ્રમુખ જડીબુટ્ટીનું સ્થાન મળવાથી એનું આર્થિક, વૈજ્ઞાનિક, સાંસ્કૃતિક અને ભૂ-રાજકીય સ્તર વધી જશે.

અત્યાર સુધી હળદર ભારતીય મસાલા અથવા તો દાદી-નાનીના વિવિધ ઉપાયો માટે જાણીતી હતી. જોકે હવે ‘હર્બ ઓફ ધ યર’નો ટૅગ મળતાં એ વૈજ્ઞાનિક અને ગ્લોબલ વેલનેસનો અવિભાજ્ય અંગ બની જશે. એથી એના પર થનારા સંશોધનોને પણ વેગ મળ્યો છે. એના પર રોકાણ પણ વધી જશે. એથી એમ કહી શકાય કે હળદર હવે રસોડા સુધી જ સીમિત નથી રહી.

-૨૦૨૬માં આપણને હળદરના વિવિધ નવા ઉત્પાદનો જોવા અને જાણવા મળશે, જેના વિશે આપણે કદી કલ્પના પણ નહોતી કરી.

-અનેક ફાર્મા કંપની હળદર આધારિત ઈમ્યુનિટી શોટ્સ જેવા પ્રોડક્ટ્સ લાવવા વિશે વિચારી રહી છે.

- ત્વચાની કાળજી માટે હળદરને વિશ્વભરમાં અગત્યની હર્બ માનવામાં આવે છે. એથી બની શકે કે આ વર્ષે આપણને હળદરને લઈને અનેક ક્રિમ માર્કેટમાં જોવા મળશે.

આંતરરાષ્ટ્રીય જડીબુટ્ટી સંઘ દ્વારા વર્ષ ૨૦૨૬ માટે હળદરને ‘હર્બ ઑફ ધ યર’નું સન્માન આપવાથી વિદેશમાં હળદરની ડિમાન્ડ વધવા માંડી છે. વૈજ્ઞાનિકોની આધિકારીક ટીમ દ્વારા જ્યારે પણ કોઈ વસ્તુને વિશેષ માન્યતા આપવામાં આવે છે ત્યારે આવી વસ્તુની માગ વધવા લાગે છે. એથી એમ કહી શકાય કે ભારતમાં હળદરનું ઉત્પાદન મોટા પાયે વધી જશે. વિદેશમાં ઉચ્ચ ગુણવત્તાવાળી હળદરને લોકો મહત્ત્વ આપશે. એનાથી ખેડૂતથી લઈને નિકાસકર્તાઓને લાભ મળવાનો છે. સાથે જ વિદેશમાં ભારતની છબી પણ વધુ મજબૂત બનશે. આવનાર વર્ષોમાં ભારતમાં હળદરનું ઉત્પાદન બેથી અઢી ગણું વધારવામાં આવે તો પણ એની માગમાં કોઈ ઘટાડો નહીં આવે. ૨૦૨૬માં હળદરને જીઆઈ ટૅગ પણ મળશે. એથી એમ કહી શકાય કે કિચનમાંથી નીકળીને હળદર ગ્લોબલી ફેમસ થઈ રહી છે. ■

બધાને એકસરખી પજવતી સર્વસામાન્ય સમસ્યા: ઍસિડિટી

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

લગ્ન સમારંભ, હોટેલ કે અન્ય જગ્યાએ ભરપેટ ભોજન પછી અથવા મોડી રાત્રે ખાધા પછી, દરેક વ્યક્તિએ ક્યારેક ને ક્યારેક તો છાતીમાં અસ્વસ્થતા, બળતરા અને ઊલટી થવા જેવો અનુભવ કર્યો હશે. આવી સમસ્યાઓમાંની એક છે ઍસિડિટી. આપણે તેને પિત્ત તરીકે પણ ઓળખીએ છીએ.

સહુ જાણીએ છીએ કે, ખોરાકના પાચનનું કામ શરીરમાં રહેલું અમ્લ અર્થાત્‌ કે ઍસિડ કરે છે. સામાન્ય પરિસ્થિતિમાં, આ ઍસિડ પોતાની જગ્યાએ રહે છે અને ચૂપચાપ તેનું કાર્ય કરે છે, પરંતુ ક્યારેક ક્યારેક, તે અન્નનળી તરફ ઉપર આવે છે, જેને કારણે આપણે પેટમાં કે છાતીમાં બળતરાનો અનુભવ કરીએ છીએ. જ્યારે ઍસિડિટી થાય છે, ત્યારે આપણા શરીરની અંદર ખરેખર શું થઈ રહ્યું હોય છે અને આપણે તેને કેવી રીતે નિયંત્રિત કરી શકીએ? તે જાણવું જોઈએ.

કેવાં હોય છે એનાં લક્ષણ?

ઍસિડિટીના મુખ્ય સંકેતોમાંનું એક છે, આપણને અસ્વસ્થ કરે તેવી બળતરા. તે સામાન્ય રીતે ખાધા પછી થાય છે અને છાતી અથવા ગળામાં અનુભવી શકાય છે. જ્યારે ઍસિડ અન્નનળીમાં પાછું ઉપરની તરફ વહે છે ત્યારે તે થાય છે, આ સ્થિતિને ‘ઍસિડ રિફ્લક્સ’ તરીકે ઓળખવામાં આવે છે.

ઘણીવાર હાર્ટબર્ન સાથે મોઢામાં ખાટો કે કડવો સ્વાદ આવવો એ ઍસિડિટીનું બીજું સામાન્ય લક્ષણ છે. આ ત્યારે થાય છે જ્યારે પેટમાં ઍસિડ ગળામાં ઉપર ચઢે છે, જે સ્વાદની કળીઓને અસર કરે છે.

ઍસિડિટી પેટમાં ભરાઈ જવાની અથવા પેટ ફૂલેલું અને ભારે થઇ ગયું હોય તેવી લાગણી થઇ શકે છે. તેને કારણે આપણે સતત અસ્વસ્થતાનો અનુભવ કરીએ છીએ. વારંવાર ઓડકાર

આવવા પણ સામાન્ય છે કારણ કે શરીર અપચાને કારણે બનેલો વધારાનો ગૅસ છોડવાનો પ્રયાસ કરે છે. ઍસિડિટીથી થતી અગવડતા ઊબકાનું કારણ બની શકે છે. ગંભીર કિસ્સાઓમાં, આ ઊલટીમાં પરિણમી શકે છે. આ ઘણીવાર પેટમાં બળતરા અથવા ખોરાકના ઉપર ચઢવા અને પેટનું ઍસિડ મોં તરફ આવવાના કારણે થાય છે.

તીવ્ર ઍસિડિટી, ખાસ કરીને જો તે સતત રહે, તો ક્યારેક માથાનો દુખાવો થઈ શકે છે. આ પેટના અસ્તરમાં બળતરાને કારણે શરીર પર પડતી તાણને કારણે હોઈ શકે છે અથવા તે ક્રોનિક અપચા સાથે સંકળાયેલી અસ્વસ્થતા અને તણાવ સાથે



સંબંધિત હોઈ શકે છે.

દરેક વ્યક્તિને આવાં બધાંજ લક્ષણો દેખાતા હોય તેવું જરૂરી નથી. તેની તીવ્રતા અને સમય બંને અલગ હોઈ શકે છે.

ઍસિડિટીનાં કારણ...

અનેક કારણો હોય છે. તણાવ, આપણી જીવનશૈલી અને ખોરાકની પસંદગીઓ આ બધાની અસર થઇ શકે છે. લાક્ષણિક કારણોમાં જેનો સમાવેશ થાય છે, તે છે કસમયનું ભોજન, ખૂબ વધારે પડતું અથવા ખૂબ જ ઝડપથી ખાવું, ચરબીયુક્ત, તળેલા અથવા મસાલેદાર ખોરાક, કાર્બોનેટેડ અને કૅફીનયુક્ત પીણાં, તણાવ અને શારીરિક નિષ્ક્રિયતા ઍસિડિટીને ઉત્તેજિત કરતા ખોરાક-પીણાં...

કેટલાક ખોરાક અને પીણાં ઍસિડિટીને ઉત્તેજિત કરી શકે છે, જેમાં સામેલ છે, તેલયુક્ત અને મસાલેદાર ખોરાક, ખાટાં ફળો, ચા-કોફી અને અન્ય કૅફીનયુક્ત પીણાં, કાર્બોનેટેડ પીણાં, ચોકલેટ અને ચરબીયુક્ત ખોરાક...

ઍસિડિટીનું કારણ બનતી જીવનશૈલી...

અલબત્ત, ઍસિડિટી કેવી અને કેટલીવાર થાય છે તેનો આધાર એ વાત પર છે કે આપણી જીવનશૈલી કેવી છે. જો આપણું જીવન બેઠાડું હોય, પચવામાં ભારે હોય તેવું ભોજન લેતા હોઈએ, રાત્રે મોડેથી જમવાની કે ફરીથી ખાવાની ટેવ હોય તો ઍસિડિટી થવાની શક્યતા વધુ હોય છે. લાંબા ગાળાના તણાવ, ધૂમ્રપાન અને દારૂના ઉપયોગના પરિણામે પણ ઍસિડ રિફ્લક્સ થવાની શક્યતા વધુ હોય છે.

ઝડપી રાહત માટે ઘરગથ્થુ ઉપચાર..

અચાનક બળતરા માટે, ઘરગથ્થુ ઉપચાર ઝડપી રાહત આપી શકે છે. આપણા પરિવારોમાં પરંપરાગત રીતે આવા ઉપાયો લોકપ્રિય છે અને સાધારણ સમસ્યામાં તે કારગત પણ છે. એક ગ્લાસ ઠંડું દૂધ પીવું, એક ચમચી વરિયાળી ચાવીને ખાવી, આદુંની ચા પીવી, એક પાકેલું કેળું ખાવું, બેકિંગ સોડા પાણીમાં ભેળવીને તે પીણું પીવું, વગેરે ઘણા ઉપાયો અજમાવી શકાય છે.

આયુર્વેદમાં પણ પિત્તના શમન માટે ઘણા ઉપચારો ઉપલબ્ધ છે. આપણી પ્રકૃતિ અને સમસ્યાને ધ્યાનમાં રાખીને વૈદ્ય આપણો ઈલાજ કરે છે. તેવું જ એલોપેથિક ઉપચારનું પણ છે.

આમ તો, ઍસિડિટી આપણી સામાન્ય જીવનશૈલીમાં અચાનક આવેલા ફેરફારને કારણે, અથવા આપણે લીધેલા ખોરાકમાં પિત્ત વધારતા તત્ત્વો આવવાથી થાય છે, પણ જો આપણને સતત ઍસિડિટી રહેતી હોય અથવા વારંવાર થતી હોય તો આપણા આરોગ્ય માટે તે જોખમની નિશાની છે. તેના કારણો જાણીને તેના ઉપાયો કરવા આવશ્યક છે. એના વિશે હવે પછી.... ■

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

વાયુજન્ય રોગોના નિવારણ માટે બસ્તિ ક્રિયા ઉત્તમ ઉપાય છે

(ગતાંકથી ચાલુ)

૫. બસ્તિ ક્રિયાથી શું થાય છે?

૧. બસ્તિ એક ઉત્તમ શોધન કર્મ છે. તેના અભ્યાસથી મલાશય અને મોટા આંતરડાની સરસ સફાઈ થાય છે. પરિણામે તેમની ક્ષમતા વધે છે.

૨. વાયુજન્ય રોગોના નિવારણ માટે બસ્તિ ક્રિયા ઉત્તમ ઉપાય છે.

૩. કબજિયાત અને અપાન વાયુની ક્રૂરતા બસ્તિના અભ્યાસથી દૂર થાય છે.

૪. પેટની દીવાલ અને પેટના સ્નાયુઓ કાર્યક્ષમ અને સ્વસ્થ બને છે.

૫. કબજિયાત અને વાયુને કારણે શિર દર્દ રહેતું હોય તો આ ક્રિયાથી તુરંત રાહત મળે છે.

૯. શુષ્ક બસ્તિ

૧. નામઃ

બસ્તિના આ સ્વરૂપમાં પાણીનો ઉપયોગ કરવામાં આવતો નથી. માત્ર વાયુથી જ શોધનકર્મ થાય છે તેથી તેને શુષ્ક બસ્તિ કહે છે.

૨. પૂર્વ તૈયારીઃ

મધ્યનૌલિ, અશ્વિની મુદ્રા અને જલ બસ્તિનો સારી રીતે અભ્યાસ કર્યા પછી શુષ્ક બસ્તિનો પ્રયોગ કરવો જોઈએ.

૩. પદ્ધતિઃ

૧. વાયુને ગુદા દ્વારથી ઉપર ખેંચવાનો હોય છે. આ ક્રિયા માટે શરીરને એક વિશિષ્ટ અવસ્થામાં રાખવું આવશ્યક છે. સામાન્યતઃ નીચેનામાંથી કોઈ એક અવસ્થા ધારણ કરવી.

(i) ચત્તા સૂઈ પગ કમર અને ઢીંચણથી વાળી પગના તળિયા નિતંબ પાસે ગોઠવો.

(ii) વિપરીત કરણી જેવી અવસ્થા ધારણ કરી બન્ને પગ ઢીંચણથી વાળી દો.

(iii) ઉત્કટાસન-ઊભડક બેસવાની અવસ્થા.

(iv) પવન મુક્તાસન જેવી અવસ્થા, પરંતુ પગને ઢીલા રાખવા. હાથથી પગને બાંધવાના નથી.

૨. ઉપરોક્ત ચારમાંથી કોઈ એક અવસ્થા ધારણ કરો અને તેજ અવસ્થામાં મધ્યનૌલિ કરો.

૩. શ્વાસને બહાર જ ધારણ કરી મધ્યનૌલિની જ અવસ્થામાં ગુદાનું આકુંચન-પ્રસારણ કરો. આમ કરવાથી વાયુ ગુદા માર્ગે અંદર જશે.

૪. વાયુને થોડીવાર અંદર ધારણ કરી રાખો. પછી અપાન વાયુ છૂટે તેવી રીતે વાયુ આપોઆપ બહાર આવશે.

બધો વાયુ બહાર ન આવે તો નીચેની રીતે વાયુને બહાર કાઢવો.

શ્વાસ અંદર ભરો. પેટનું સંકોચન કરો અથવા પવન મુક્તાસન કરો.

૪. વિશેષ નોંધઃ



૧. અંદર આવેલો બધો વાયુ બહાર નીકળી જાય તે આવશ્યક છે.

૨. મળદ્વાર પાસે મળ એકઠો થયો હોય અને પરિણામે વાયુ અંદર ન જતો હોય તો પહેલા ગણેશ ક્રિયાથી મળદ્વાર સાફ કરો. પછી શુષ્ક બસ્તિનો પ્રયોગ કરો.

૩. માત્ર મધ્યનૌલિ અને અશ્વિની મુદ્રાથી વાયુ અંદર ખેંચવો એ શુષ્ક બસ્તિની શાસ્ત્રીય પદ્ધતિ છે, પરંતુ આ કામ પ્રમાણમાં મુશ્કેલ છે. એટલે તેના વિકલ્પે જલબસ્તિની જેમ નળીનો ઉપયોગ કરી શકાય છે.

૪. આ ક્રિયા ભોજન પછી છ કલાકે કરી શકાય છે. સવારે પેટ સાફ થાય પછી આ ક્રિયાનો પ્રયોગ વધુ અનુકૂળ છે.

ઉત્કટાસનમાં શુષ્કબસ્તિનો પ્રયોગ પ્રમાણમાં કઠિન છે. એટલે અન્ય અવસ્થાઓમાં આ ક્રિયાનો પર્યાપ્ત અભ્યાસ કર્યા પછી ઉત્કટાસનમાં આનો પ્રયત્ન કરવો.

શુષ્કબસ્તિથી શું થાય છે?

૧. શુષ્કબસ્તિના અભ્યાસથી કબજિયાત દૂર થાય છે.

૨. આ ક્રિયાના અભ્યાસથી મંદ થયેલ આંતરડાઓ સક્રિય અને સક્ષમ બને છે.

૩. આ ક્રિયાનો અભ્યાસ વાયુના પ્રકોપથી બચાવે છે.

૪. મળાશય અને આંતરડામાં એકઠો થયેલો દૂષિત વાયુ આ ક્રિયાથી બહાર આવી જાય છે.

૫. કબજિયાત કે વાયુની તકલીફથી શિરદર્દ રહેતું હોય તો આ ક્રિયાથી તુરંત રાહત થાય છે.

૧૦. શંખ પ્રક્ષાલન (વારિસાર)

૧. નામઃ

આ ક્રિયામાં શરીરની અંદરના મુખથી મળદ્વાર સુધીના ભાગને શંખની જેમ પાણી વડે ધોવામાં આવે છે તેને શંખ પ્રક્ષાલન કહે છે.

૨. પદ્ધતિઃ

૧. એક તપેલામાં સ્વચ્છ નવસેકું ગરમ પાણી તૈયાર કરો. તેમાં થોડું મીઠું ઉમેરો.

૨. ઊભડક પગે બેસીને એક પ્યાલો પાણી પીઓ.

૩. બન્ને બાજુ નૌલિના ત્રણ ત્રણ આવર્તન કરો. આ છ આવર્તનો એકજ શ્વાસમાં કરવાના છે.

૪. ફરી એક પ્યાલો પાણી પીઓ અને એજ રીતે નૌલિ ક્રિયા કરો.

૫. આ રીતે પાણીના પ્યાલાઓ પીતા જાઓ અને દરેક પ્યાલો પીધા પછી નૌલિ પણ કરતાં જાઓ.

૬. જેટલું પાણી પી શકાય તેટલું પીઓ, જ્યારે નૌલિ કરવાનું શક્ય ન બને ત્યારે તેની જગ્યાએ નીચેના આસનો એક એક વાર કરોઃ

(૧) ભુંજગાસન, (૨) કટિચક્રાસન, (૩) પવન મુક્તાસન, (૪) વક્રાસન

૭. જ્યારે પાણી પીવાનું શકય ન બને એટલે નૌલિ અને આસનો કરવાનું બંધ કરો અને ધીમે ધીમે ચાલવાનું રાખો.

૮. થોડીવારમાં પાણી ઝાડા વાટે નીકળવાનું શરૂ થશે.

૯. ત્રણ-ચાર વાર પાણી ઝાડા વાટે નીકળતા બધું પાણી નીકળી ગયું છે, એમ લાગે એટલે વમનધૌતિ કરો. શંખ પ્રક્ષાલનના અંતે વમનધૌતિ આવશ્યક છે.

૧૦. થોડીવાર આરામ કરો.

૧૧. આશરે અડધા કલાક પછી ઘી યુક્ત ખીચડી ખાવાનું આવશ્યક છે. (ક્રમશઃ) ■

feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠાકર

આવો, તમને લઇ જઉ ૨૧૨૬ના ભારતમાં...

જો ભાઈ, બધાને ખબર જ છે કે અત્યારનો આપણો આખોય ફાલ સો વર્ષ પછી આ પૃથ્વી પર હાજર નહીં હોય. પાછળ આવતી પેઢી માટે ફરજિયાત જગ્યા કરવી જ પડે. આ સનાતન સત્ય હોવા છતાં આપણી બુદ્ધિની ટપ્પી ન પડે એવા સો વર્ષના ગીત ગીતકાર માથામાં પછાડે ત્યારે મારી આંખમાં ઝળઝળિયાં આવી જાય છે...

જુઓ, 'સો સાલ પહેલે મુજે તુમસે પ્યાર થા, આજ ભી હૈ, ઓર કલ ભી રહેગા'... અલ્યા, તારો ઉપાડ જ ખોટો છે તારા બાપા પણ નહોતા જન્મ્યા ને તું ૧૦૦ વર્ષનું લઇ મંડી પડ્યો... પછી આવ્યું 'સો બાર જનમ લેંગે' ને 'જનમ જનમ કા સાથ હૈ નિભાનેકો સો સો બાર મૈને જનમ લિયે.'

અલ્યા, તું તો માણસ છે કે ભૂત? આ બધું એક ભવમાં પતાવી કેમ નથી દેતો? એક સીધુંસાદુ વાક્ય કે 'હું તને પ્રેમ કરું છું કે તું મને ચાહે છે.'

એટલુ સાંભળવા સો સો ભવ સુધી રાહો જોવાની. આ બધું સાંભળી બાપુ સુભાષાનંદને પણ સો વર્ષ પછીના જીવનની ખતરનાક આગાહી કરવાનું મન થયું... તો આવો, જઈએ ૨૦૨૬ની સાલમાં...

એ વખતે પેટ્રોલપંપ પરનું બોર્ડ 'પેટ્રોલ એક ટીપું (૧૦ગ્રામ) ૩૦૭૦.૦૫, ડીઝલ બે ટીપા ૯૯૧૫.૨૧, રાંધણગેસની ૪૦૦ ગ્રામની બાટલી ૧૪૭૦.૫૦...

એ જમાનામાં ચંબુ એકવાર સાઈકલ લઇ પેટ્રોલપંપ પર પહોંચ્યો ને પેટ્રોલપંપવાળો ચમક્યો 'હજી તો સાઈકલ હવાથી ચાલે છે. તું પેટ્રોલનું શું કરીશ?'

'શું કરીશ? જ્યુસ બનાવીશ, દાળ બનાવીશ, પેટ્રોલસૂપ બનાવી ટાયરમાં ભરીશ. તું આપને ટોપા, સીલબંધ શીશી

ખૂણામાં પડી હોય તો ધનિકોમાં મારી ગણતરી થાય.'

'એના કરતાં તારા શેઠ પાસે પગાર વધારો માગ તો સાચો ધનિક બની જઈશ.'

બીજા દિવસે ચંબુએ શેઠને કીધું : 'શેઠ, હવે મારો પગાર વધારો.'

'કેમ ભાઈ? કઈ ખુશાલીમાં? હમણાં પાંચ વર્ષ પહેલા મહીને સિત્તેર લાખ તો વધારી પાંચ કરોડ તો કર્યા. એટલી

વારમાં ફરી આ વધારો?!'

'અરે શેઠ, પાંચ કરોડમાં ઘર તો શું બાથરૂમ પણ ચાલતું નથી. મોંઘવારી કેટલી? સાલુ, ત્રણ ભીંડાના પંદરસો, બટેટા કિલોના ત્રણ હજાર. શેઠ, બાપુજીને ડોકટરે લીલા શાકભાજી ખાવાનું કીધેલું છે પણ પોષાતુ નથી એટલે બાપુજીને છેતરી લીલા કાચના ચશ્માં પહેરાવી જમાડીએ છીએ. અને આમ તો વધારો ન માગત પણ હવે તો છોકરાઓને પણ ખબર પડી ગઈ...'

'કઈ?' શેઠનું મોઢું પાંજરાપોળની ગાય જેવું થઇ ગયું.

'એ જ કે હવે બધાના ઘરમાં માણસો બે ટંક જમે છે.'

'અરે બાપરે, માર્યા ઠાર, પણ મેં તો તને કે તારા પરિવારને ક્યારેય જમાડ્યા નથી તો વાત લીક થઇ ક્યાંથી?'

શેઠનો અવાજ ગળામાં પોપકોર્ન અટકી ગઈ હોય એવો થઈ ગયો.

'ન જ પડત... શેઠ, પણ પરમ દિવસે પાડોશીએ અમને રાત્રે ડીનર માટે બોલવ્યા અને ભોજનમાં આખા તરબૂચના

ભજીયા ને તીખા ગુલાબજાંબુ ને કઢીનો શીખંડ ખવડાવ્યા ત્યારે બે ટંક ભોજનનો ભાંડો ફૂટી ગયો.'

'ચાલો જે થયું એ. પણ હજી એ ખબર નથી પડીને કે અમે બે ટંકના ભોજન સિવાય પણ વચ્ચે વચ્ચે ચા-નાસ્તો પણ કરીએ છીએ. અને ચંબુ આવી અજબ-ગજબ વાનગીના નામ કાઢ્યા ક્યા તગારામાંથી?'

'પેટના તગારામાંથી, અને બીજું શેઠ, હવે ઘરમાં ઓક્સિજનનું મીટર પણ મુકાવાનુ છે.'

'ઓક્સિજનનું મીટર?'શેઠ ચમક્યાં.

'એમ ચમકો નઈ... વીજળીના અને પાણીના મીટરની જેમ નવા કાયદા પ્રમાણે કુટુંબદીઠ ૨૭૦૦ શ્વાસ ફ્રી પછી

વધારાના શ્વાસનો ચાર્જ શ્વાસમીટર બતાવશે. અરે શેઠ, અમારા બાળકોને તો મોંઘવારીનો અર્થ પણ ખબર નથી

એટલે કાલે '૨૧૨૬નું ભારત' નામનું મ્યુઝિયમ જોવા લઇ જવાનો છું. ત્યાં સુધી મારા પગાર વધારા વિષે વિચારો.' એટલું કહી ચંબુ નીકળી ગયો.

બીજા દિવસે ચંબુ એના ટેણીયાને મ્યુઝિયમમાં લઇ ગયો ને સમજાવવા લાગ્યો. 'જો બેટા, આ પાંચ હજારનો સિક્કો, આ દસ હજારનો, આ ચાલીસ હજારનો. હવે બંધ થઇ ગયા, એ તો હવે પચાસ હજારની નોટથી શરૂઆત થાય છે. મારા બાપુ ને તારા દાદાએ તો પાંચ દસ ને પચીસના સિક્કા જોયેલા પછી ધીરે ધીરે ડાયનોસરની જેમ લુપ્ત થઈ ગયા.' મ્યુઝિયમમાં જરા આગળ વધ્યા ને ટેણીયાએ પૂછ્યું 'બાપુ, આ આરસના ટુકડા અહીં શું કામ...'

'બેટા, એ આરસ નથી પણ ખાંડ છે જેને જોઈ મોઢામાં પાણી આવતું પછી આંખમાંથી આવતું. ડાયાબિટીસના દર્દીઓ વધ્યા પછી હવે બજારમાંથી અદ્રશ્ય થઇ ગઈ. હવે આ પીળા ટપકાં દેખાય છે એ દાળનો દાણો કહેવાતો ને આ સફેદ ટુકડા એ ચોખા તરીકે ઓળખાતો... હવે ઈશ્વરોમાં જેમ રાધા-કૃષ્ણ કે લક્ષ્મી-નારાયણની જોડી, માણસોમાં લૈલા-મજનુ ને હીર-રાંઝા જેટલી જ ભોજનમાં દાળ-ભાતની લોકપ્રિય જોડી...દાળ જો જુદી દેખાય તો ભાતની દશા ચોયણી વગરના કુર્તા જેવી થઇ જતી. ચોખા દાળ સાથે ભળે તો ખીચડી બનતી ને કંકુ સાથે ભળે તો ઈશ્વરની પૂજામાં વપરાતો. બેટા, જગતમાં તમે કોની સાથે ભળો છો એ તમારી સાચી ઓળખાણ ગણાશે. હવે એ દાળભાત બિચારા તમારી આ પીત્ઝા, બર્ગર ને મેગીની દુનિયામાં ક્યાં ખોવાઈ ગયા ખબર નથી.'

'પણ પપ્પા, તમે કેમ પીત્ઝા ખાતા નથી?'

'બકા, પીત્ઝા ખાવા ટ્રાય કર્યો ને તારી મમ્મીની નજર પડી ને હસતા હસતા બોલી 'મુકી દો, કૂતરું ચપ્પલ ચાવતું હોય એવુ લાગે છે' બસ, એ દિવસથી પીત્ઝા ગયા. બેટા, જમાનો કેટલો આગળ વધી ગયો ૨૧૨૬માં હવે ખીચડીની કેપ્સ્યુલ, દાળભાત રોટલી શાકની ટેબ્લેટ, મીઠાઈનું સીરપ, ને ફરસાણનું ચાટણ બજારમાં મળે છે. પહેલાં એક જમાનામાં ડોકટરો ભૂખ લાગે એ માટે દવા આપતા પણ હવે મોંઘવારીમાં ભૂખ લાગે તો ખાય શું એટલે ભૂખ ન લાગે એની દવા આપે છે. જો બેટા, ગરીબ હોય કે ધનવાન બન્નેના વિચાર સરખા ધનવાન એમ વિચારે કે શું કરીએ તો ભૂખ લાગે ને ગરીબ એમ વિચારે કે ભૂખ લાગે પણ શું કરીએ?'

શું કહો છો? ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

A	B
ખાંચો	MEMORIAL PILLAR
ખાંટ	LANE
ખાંડ	CREEK
ખાડી	SUGAR
ખાંભી	CUNNING

માતૃભાષાની મહેક

અનાજની કહેવતો મજેદાર હોય છે. મોટી ઉંમરે પાચનતંત્ર નબળું પડે ત્યારે બાજરાનો રોટલો બળ અને શક્તિ ટકાવી રાખે છે. ગરીબડી ગણાતી જુવાર પણ બહુ સરસ રીતે કહેવતોમાં વણાઈ ગઈ છે. જુવાર કહે હું રાતીધોળી, કોઠીની છું રાણી, ગરીબોનું હું ખાણું છું, ને મારી થાયે ધાણી.

ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ATYCHIPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) સંબંધ બ) સૂટકેસ
ક) નિષ્ફળતા ડ) ગુનેગારી

ઈર્શાદ

ઇન હવાઓં મેં યાદ હૈ ઉનકી,
ઇન કો છુકર ચલો, મહક જાયે.
-- નયન દેસાઈ

શબ્દલાલિત્ય



આડી ચાવી

૧. મોટું યુદ્ધ (૫)
૫. સોબતની માઠી અસર (૪)
૮. પ્યાર, હેત (૩)
૯. થોડા વાળની સેર (૨)
૧૦. જગત, દુનિયા (૩)
૧૧. આપ ભલા તો --- ભલા (૨)
૧૨. થોડી વાર, પળભર (૨)
૧૩. દુશ્મન, શત્રુ (૨)
૧૪. ઉત્સાહ, હોંશ (૩)
૧૫. ક્રોધ, ગુસ્સો (૨)
૧૬. પારો (૩)
૧૭. પુષ્કળ, ઘણું (૩)
૧૯. વખત, સમય (૨)
૨૧. ઋતુરાજ (૩)
૨૨. ઠઠારો, ભપકો (૨)
૨૩. જેનો ઈલાજ ન હોય તેવો (રોગ) (૩)
૨૫. જુસ્સો, બળ (૨)
૨૬. બેશરમ (૩)
૨૭. કવિતા રચે તે (૨)
૨૮. કાંસી જોડા (૩)
૩૦. અઢાર વર્ષની ઉંમરે મળતો અધિકાર (૪)
૩૧. પુષ્કળતા, છાલક પર છાલક (૫)

ઊભી ચાવી

૧. દેવાદાર (૨)
૨. વ્યવસ્થા કરનાર, ચલાવનાર (૪)
૩. ઘરાક (૩)
૪. બંધિ, નિષેધ (૨)
૫. પરિસ્થિતિ, દૈવયોગ (૩)
૬. તવંગર, પૈસાદાર (૫)
૭. છ (૨)
૧૦. સફેદ માટી (૨)
૧૧. કસબ, કસબી માલ (૨)
૧૨. ઘડો (૨)
૧૩. દેશ તેવો --- (૨)
૧૪. હૃદય (૨)
૧૫. નાનો છોડ (૨)
૧૬. પૂર પહેલાં --- બાંધો (૨)
૧૭. અશક્ય (૫)
૧૮. મા (૨)
૧૯. પેટ કરાવે --- (૨)
૨૦. વચ્ચે (૨)
૨૨. ઠેકાણું (૨)
૨૩. માન, બક્ષિસ (૪)
૨૪. કબાલો, માલને બદલે માલ આપવો કે લેવો (૨)
૨૫. જુવાની (૩)
૨૬. પાસે (૩)
૨૭. --- ખાવ ઔર ગમ ખાવ (૨)
૨૮. શંકા ભૂત ને --- ડાકણ (૨)
૨૯. જ્વાલા કે તેની આંચ (૨)

ગયા વખતનો ઉકેલ

ઓળખાણ પડી?

૧૯ વર્ષ પહેલાં મળી આવેલું અને વિશ્વના સૌથી વધુ ઊંચા (૩૭૯.૧ ફૂટ) વૃક્ષ તરીકે ખ્યાતિ મેળવનારું હાયપેરિયન વૃક્ષ કયા દેશમાં છે?

અ) ચીન બ) જાપાન
ક) ઓસ્ટ્રેલિયા ડ) યુએસએ

ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'ચાહે તેની ચાકરી કરીએ' પંક્તિમાં 'ચાકરી' શબ્દનો અર્થ જણાવો.

અ) બદબોઈ બ) પ્રેમ ક) સેવા ડ) આશિષ

માઈન્ડ ગેમ

ફ્લોટિંગ ડકવૂડ નામના ટચૂકડા પ્લાન્ટ પર ઉગતું વિશ્વનું સૌથી નાના કદનું (ઈંચનો સોમો ભાગ) ફળ કયા પ્રદેશમાં થાય છે એ જણાવો.

અ) ઈસ્ટ આફ્રિકા બ) યુરોપ ક) સાઉથ અમેરિકા ડ) એન્ટાર્કટિકા

સુડોકુ-૯૧૮૧

૧	૫		૨			૩	૬	
૨	૩			૬			૧	
૮				૧				
૭	૧							
		૯				૪		
							૨	૩
				૫				૯
	૭			૪			૩	૬
	૨	૮			૩		૪	૧

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

સુડોકુ-૯૧૮૦

૫	૨	૭	૪	૬	૩	૧	૮	૯
૪	૬	૯	૧	૮	૫	૨	૩	૭
૮	૧	૩	૨	૭	૯	૬	૪	૫
૧	૫	૮	૩	૯	૪	૭	૨	૬
૬	૩	૨	૭	૧	૮	૯	૫	૪
૯	૭	૪	૫	૨	૬	૩	૧	૮
૨	૮	૫	૬	૩	૭	૪	૯	૧
૭	૯	૧	૮	૪	૨	૫	૬	૩
૩	૪	૬	૯	૫	૧	૮	૭	૨

ગયા મંગળવારના જવાબ

A	B
ખોટ	LOSS
ખેસ	SCARF
ખોરું	RANCID
ખોલો	DONKEY
ખોળો	LAP

ગુજરાત મોરી મોરી રેઃ
સોય

ઓળખાણ પડી?
Maple

માઈન્ડ ગેમ :
બિહાર

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
પડદો

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) સુભાષ મોમાયા (૯) વિપીન શાહ (૧૦) નૂતન વિપીન શાહ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) હર્ષા મહેતા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) લજિતા ખોના (૧૭) મીનળ કાપડિયા (૧૮) કમલ માતલિયા (૧૯) જયવંત પદમશી ચિખલ (૨૦) ભરત કજરિયા (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નિખિલ બંગાળી (૨૪) અમીશી બંગાળી (૨૫) પ્રવીણ વોરા (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) કિરીટ છેડા (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) ચેતના છેડા (૩૦) વિણા સંપટ (૩૧) ભાવના કર્વે (૩૨) અંજુ ટોલિયા (૩૩) રમેશ દલાલ (૩૪) અલકા વાણી (૩૫) ડાયના સંતોકે (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) વિજય આસર (૩૮) નિતીન જયંતિલાલ બજરિયા (૩૯) રશીક જુથાણી -ટોરંટો - કેનેડા (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) દીપિકા દોશી (૪૨) પ્રજ્ઞા પુરોહિત (૪૩) પ્રમોદ પુરોહિત (૪૪) હિના દલાલ (૪૫) ઈનાક્ષી દલાલ (૪૬) જ્યોત્સના ગાંધી (૪૭) નયના ગિરીશ મિસ્ત્રી (૪૮) ડો. પ્રકાશ કટકિયા (૪૯) મહેશ દોશી (૫૦) પ્રતિમા પમાણી (૫૧) ધીરેન્દ્ર મુલરાજ (૫૨) હેમા હરીશ ભટ્ટ

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

ખટ-મધુરાં કમરખના અનેક દિવાના...

કમરખ નામ સાંભળતાંની સાથે જ અનેક સ્વાદ-રસિયાના મોંમાં પાણી આવી જતું હોય છે. તો અનેક લોકો નાક્નું ટીચકું ચઢાવી દે છે. શું આપને આપના સ્વાસ્થ્યને સદાબહાર તંદુરસ્ત બનાવવું છે? તો સ્ટાર આકારનું આકર્ષક દેખાવ ધરાવતું કમરખ ખાવાનું શરૂ કરી દેવું હિતાવહ છે. એવી પણ માહિતી મળે છે કે પ્રાચીન કાળમાં કમરખનો ઔષધી તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો. પુરાણો તથા આયુર્વેદિક ગ્રથોમાં કમરખનું વર્ણન 'કર્મરંગ' નામથી જોવા મળે છે. કમરખ પ્રાકૃતિક રીતે ખટાશ ધરાવતું જોવા મળે છે. કાચું લીલું ફળ થોડું વધુ ખટાશ ધરાવતું હોય છે. જ્યારે પાકેલાં પીળાં ફળમાં ભરપૂર મીઠાશ સમાયેલી હોય છે. કમરખનું ફળ રસદાર હોય છે. એવું પણ જાણવા મળે છે કે કમરખના પાનનો ઉપયોગ બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવામાં ખાસ કરવામાં આવે છે. કમરખનું વૃક્ષ ૫-૧૦ મીટર ઊંચું હોય છે. વૃક્ષ ઘટાદાર તથા પાન સદાબહાર લીલા જોવા મળે છે. ફળ ૭.૫થી ૧૦ સે.મિટર લાંબું હોય છે. ફળમાં ૩ અથવા ૫ શિશ જોવા મળે છે. તેનો આકાર તારા જેવો હોય છે. તેથી તેને 'સ્ટાર ફ્રૂટ' તરીકે ઓળખવામાં આવે છે. શાળામાં બાળકોને શિક્ષક તેમના સારા ગુણાંકને માટે ત્રણ કે પાંચ સ્ટાર આપે છે. તો ફાઈવ-'સ્ટાર' હોટલ કે રેસ્ટોરાંમાં રહેવું કે જમવું પ્રત્યેકની મહેચ્છા હોય છે. આજકાલ તો ઑનલાઈન વસ્તુ ખરીદતાં પહેલાં તે વસ્તુને કેટલાં સ્ટાર મળ્યા છે તેની ખાસ ચકાસણી કરવામાં આવે છે. કુદરતે જેને શ્રેષ્ઠતા માટે 'સ્ટાર-આકાર' બક્ષ્યો છે તેવાં મીઠાં કમરખનો ઉપયોગ સ્વાસ્થ્ય માટે કરવો જોઈએ.

કમરખને સંસ્કૃતમાં વિશાલ, શુકપ્રિયમ, રૂજાકર, હિન્દીમાં કરમલ કે કમરખ, મરાઠીમાં કમલર, કર્મર કે કમરખ, બંગાળીમાં કમરંગા, તમિળમાં તમરટ્ટઈ કે સગદમ, કન્નડમાં દારેહુલિ કે કમરંગા, ઊર્દૂમાં કમરખ, અંગ્રેજીમાં કૈરમ્બોલા-ઍપ્પલ કે ચાઈનીઝ ગુઝબૅરી તરીકે ઓળખવામાં આવે છે.

કમરખનું ઉપરનું પડ અત્યંત મુલાયમ હોય છે. તેને કાપવાથી તે વધુ આકર્ષક દેખાય છે. કમરખના પોષક તત્ત્વોની વાત કરીએ તો તેમાં વિટામિન એ વિટામિન બી, વિટામિન સીના ગુણો સમાયેલાં હોય છે. ફોસ્ફરસ, ઝિંક, મેગ્નેશિયમ, સોડિયમ, પોટેશિયમ તથા આયર્નની માત્રા હોય છે.

કમરખ ડાયાબિટીસના દર્દીઓ માટે ગુણકારી

કમરખ સ્વાદમાં ખટ્ટ-મધુરું હોય છે. તેમાં શર્કરાની માત્રા અન્ય ફળોની સરખામણીમાં ઓછી હોય છે. તેથી ડાયાબિટીસની સમસ્યા ધરાવતી વ્યક્તિ તેનું સેવન સરળતાથી કરી શકે છે. લોહીમાં શર્કરાની માત્રા વધવાની ચિંતા ટાળી શકાય છે. વળી કમરખમાં ફાઈબર સમાયેલું હોય છે. જેને કારણે લોહીમાં શર્કરાની માત્રા વધતાં રોકે છે.

વજનને ઘટાડવામાં લાભાકારી :

કમરખમાં કૅલરીની માત્રા ઓછી તેમજ ફાઈબરનું પ્રમાણ વધુ હોય છે. જેથી કમરખ ખાધા બાદ લાંબા સમય સુધી અન્ય ચટપટી વાનગી અકારણ ખાવાની ઈચ્છા થતી નથી. કમરખમાં ફાઈબરની માત્રા હોવાથી તેના સેવન બાદ પેટમાં આફરો ચઢવો કે કબજિયાતની સમસ્યાથી બચી શકાય છે. બજારમાં મળતાં ચટપટાં પૅકેટ ફૂડ કે સ્વાસ્થ્ય માટે હાનિકારક બજારુ ચટપટી વાનગી ખાવાની ઈચ્છા થતી નથી. જે લાંબેગાળે વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. કમરખનું ફળ સ્વાદિષ્ટ હોવાને કારણે વ્યક્તિ એક વખત કાપ્યા બાદ એક કે બે ફળ ચાટ મસાલો ભભરાવીને આરામથી ખાઈ લે છે. જેથી તેને સ્વાદની સાથે સેહતની કાળજી લીધાનો આનંદ મળે છે. વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

કફ, પિત્ત તથા રક્તવિકારને નિયંત્રણમાં રાખવામાં ઉપયોગી

મોસમમાં બદલાવ કે વારંવાર ઉજાગરા, વાંસી કે બહારનું ભોજન શરીરની પાચનક્રિયાને બગાડે છે. જેને કારણે વ્યક્તિ કફ-પિત્ત-કબજિયાત-રક્તવિકારનો શિકાર બને છે. ઉપરોક્ત સમસ્યાથી બચવા માટે વિટામિન સીના ગુણોથી ભરપૂર કમરખનું સેવન ગુણકારી ગણાય છે.

હાડકાં મજબૂત બનાવવામાં ઉપયોગી :

વય વધવાની સાથે હાડકાં બરડ બનવાની શક્યતા વધી જતી હોય છે. હાડકાંની મજબૂતાઈ જાળવી રાખવા માટે શરીરને યોગ્ય પ્રમાણમાં પોષક તત્ત્વો મળી રહે તેની કાળજી લેવી આવશ્યક છે. કમરખમાં કૅલ્શ્યિમ, આયર્ન, મેગ્નેશ્યિમ, ફોસ્ફરસની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જે હાડકાંનું ઘનત્વ ટકાવી રાખવામાં મદદ કરે છે. પાકા કમરખનું સેવન સંચળ-કે ચાટમસાલો ભભરાવીને કરવાથી શરીરમાં ઊર્જાનો સંચાર થાય છે. જે હૃદય તથા મગજના સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. હાડકાંની મજબૂતાઈ જાળવી રાખવામાં મદદ કરે છે.

રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદરૂપ :

અનેક લોકોને યોગ્ય તેમ જ પોષક આહારનું સમયસર સેવન કરવાનો સમય મળતો નથી. જેને કારણે તેમની રોગપ્રતિકારક શક્તિ નબળી પડી જાય છે. રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે વિટામિન સીની માત્રા શરીરમાં જળવાઈ રહે તે જરૂરી છે. જે શરીરમાં અન્ય પોષક તત્ત્વોની માત્રા વધારવામાં મદદ કરે છે. લાંબે ગાળે રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે.

હૃદયરોગથી બચાવે છે :

કમરખ હૃદયરોગની સમસ્યાથી બચાવે છે. કેમ કે તેમાં વિટામિન બી-૯ હોય છે. જે હૃદયરોગથી રક્ષા કરવા માટે આવશ્યક ગણાય છે. કમરખમાં રાઈબોફ્લેવિન, નિયાસિન, થાયમિન, વિટામિન એ, વિટામિન બી, વિટામિન સી, તથા વિટામિન બી-૫ વગેરે હોય છે. વળી કમરખમાં પોટેશિયમની ઉચ્ચ માત્રા સમાયેલી હોય છે. કૅલ્શિયમ સમાયેલું હોય છે. જે બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. શરીરને શક્તિવર્ધક બનાવવાની સાથે કમરખનું સેવન હૃદયની તંદુરસ્તી માટે ફાયદાકારક ગણાય છે.

કમરખનો જામ

સામગ્રી : ૬ નંગ પાકેલાં પીળાં કમરખ, ૧ મધ્યમ કદની વાટકી સાકર, ૫ મિલીગ્રામ પૅક્ટીન પાઉડર, ૧ મોટી ચમચી દળેલી ખાંડ.

બનાવવાની રીતઃ સૌ પ્રથમ કમરખને આજુબાજુથી કાપી લેવાં. તેના પ્રમાણસર નાના ટૂકડાં કરવાં. એક મોટી તપેલીમાં કમરખના ટૂકડાં ગોઠવવાં. તેમાં ૧ વાટકી સાકર ભેળવવી. એક કલાક માટે રાખી મૂકવું. સાકર બરાબર ઓગળી જાય ત્યારબાદ તેને કડાઈમાં ધીમા તાપે ગરમ કરવું. મિશ્રણ ઘટ્ટ થવા લાગે ત્યારે તેમાં દળેલી ખાંડમાં ભેળવીને તૈયાર કરેલો પૅક્ટીન પાઉડર ધીમે ધીમે ભેળવવો.(જામને ઘટ્ટ પારદર્શક બનાવવા તેમજ તેને ચમકીલો બનાવવા માટે ઉપયોગમાં લેવાય છે.) ગાંઠા ના પડે તેની કાળજી રાખી બરાબર હલાવતાં રહેવું. જામ બનવા આવ્યો છે તેને ચકાસવા તેમાં ઊંધો ચમચો હલાવવો. જો મિશ્રણ પાછું એક રસ થતાં ત્રણ સેકંડ લે તો સમજવું કે જામ તૈયાર થઈ ગયો છે. વધુ ઘટ્ટ કરવાનું ટાળવું. કેમ કે ઠંડું થયા બાદ તે આપમેળે ઘટ્ટ બનશે. જામ ઠંડો થાય ત્યારબાદ તેને કાચની નાની બોટલમાં કાઢીને ફ્રિઝમાં ઠંડો કરવા મૂકવો. એક વખત કમરખના જામનો સ્વાદ માણશો તો સ્ટ્રોબરી કે એપલ જામને આપ ભૂલી જશો. કમરખનો જામ અત્યંત સ્વાદિષ્ટ બને છે. જે બ્રેડ કે પરાઠા ઉપર લગાવીને ખાઈ શકાય છે.

પ્રસવ-બાદ-દૂધ વધારવામાં ઉપયોગી :

કમરખનો સ્વાદ ખટ-મધુરો હોય છે. જેથી તેનો સ્વાદ સામાન્ય રીતે છોકરીઓ-મહિલાઓને વધુ પસંદ હોય છે. એક સમય હતો જ્યારે શાળાની બહાર રેકડીમાં મળતાં કમરખની ખરીદી કરવા છોકરીઓ પડાપડી કરતી જોવા મળતી. અનેક વખત એવું જોવા મળે છે કે પ્રસવ બાદ માતાને સ્તનમાં દૂધ યોગ્ય પ્રમાણમાં બનતું નથી હોતું. જેને કારણે તે માનસિક તાણ અનુભવે છે. માનસિક તાણ અનુભવવાને બદલે વધુ દૂધ કઈ રીતે બનાવી શકાય તેની માહિતી મેળવવી જોઈએ. કમરખનું સેવન પ્રસવ બાદ દૂધ વધારવામાં લાભકારી ગણાય છે. વળી માસિક ધર્મ લંબાઈ જતું હોય કે અનિયમિત હોય તેમને માટે કમરખનું સેવન લાભકારક ગણાય છે.

ભૂખ વધારવા માટે લાભકારક

જેમ વધતું વજન એક સમસ્યા બની ગઈ છે તે જ પ્રમાણે એક વર્ગ એવો પણ છે જેમને ભૂખ લાગતી જ નથી. તેમની સામે અવનવી વાનગી ગોઠવી હોય તેમ છતાં તેમનું મન તે ખાવા માનતું જ નથી. આ સમસ્યાથી બચવા માટે કમરખનું સેવન લાભકારક ઉપાય ગણાવી શકાય. કમરખનો જ્યૂસ બનાવીને તેમાં થોડી ખાંડ ભેળવીને નરણાં કોઠે પીવું જોઈએ. ભોજન પ્રત્યે રુચી વધારે છે. તેમ જ ભૂખને વધારવામાં મદદ કરી શકે છે.

કમરખને કાપીને ખાઈ શકાય છે. તથા કમરખનો ઉપયોગ વિવિધ પ્રકારની ચટણી, અથાણું, પીણાં તેમજ જામ બનાવવામાં કરી શકાય છે. ■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

બોરોન એક સુપરહીરો એલીમેન્ટ

બોરોન એ કુદરતી રીતે બનતું એક ધાસું અને જલવો કરવાવાળું સુપર તત્ત્વ છે. બોરોન માનવ સ્વાસ્થ્ય માટે ફાયદાઓની વિશાળ શ્રેણી ધરાવે છે. બોરોન માનવ કે અન્ય જીવજંતુ માટે જેટલું જરૂરી છે. તેટલું જ શાકભાજી ફળો અન્ય ખાદ્યપદાર્થ જે જમીનમાં ઊગે છે તેના વિકાસ માટે પણ ખૂબ જરૂરી તત્ત્વ છે. નાના છોડવા કે શાકભાજી ઊગવા માટે બોરોન જરૂરી છે. બોરોન એ અસંખ્ય સ્વાસ્થ્ય લાભો સાથેનું મૂલ્યવાન તત્ત્વ છે. બોરોનની શક્તિનો અનુભવ કરવવા માટે હું આતુર છું. આ તત્ત્વ જેમાંથી મળે છે તે ખાદ્ય પદાર્થનો ઉપયોગ કરી તમારા સ્વાસ્થ્ય અને સુખાકારીનો અનુભવ કરો. બોરોનની ઊણપના લક્ષણ વિશિષ્ટ કે બહુ સ્પષ્ટ નથી હોતા.

બોરોન હાડકાંના સ્વાસ્થ્ય માટે મહત્ત્વપૂર્ણ છે હાડકાંની મજબૂતી જાળવવામાં મોટી મદદ કરે છે. હાડકાંના બંધારણને ટકાવી રાખવા માટે તે કેલ્શિયમ અને મેગ્નેશિયમ ચયાપચયમાં મદદ કરે છે. જેથી હાડકાંની વૃદ્ધિ સરળ બને છે. વિટામિન-ડીના સ્તરના નિયમનો આધાર બોરોન છે. જે ઓસ્ટિયોપોરોસીસથી બચાવ કરે છે. જો ઓસ્ટિયોપોરોસીસ થયો હોય તો બોરોન યુક્ત આહારથી નિયંત્રણ કરી શકાય છે. જે સોડિયમ મેગ્નેશિયમ અને ફોસ્ફરસ જેવા આવશ્યક ખનિજોનું એકીકરણ અને ચયાપચયના ચોક્કસ ઉત્સેચકોને નિયંત્રિત કરે છે. મહિલાઓમાં પોસ્ટ મેનોપોઝ માટે ખૂબ જરૂરી છે.

બોરોન મેગ્નેશિયમને અનુકૂળ બનાવે છે જે પેટના પેરિએટલ સેલને ગુણવત્તાવાળું એસિડ બનાવવામાં જોરદાર મદદ કરે છે. જેથી પ્રોટીનની અંદર છુપાયેલું વિટામિન બી-૧૨ બહાર નીકળે તેનો ફેલાવો થાય એટલે કે પ્રોટીનની ચેન ખુલે અને વિટામિન બી-૧૨ સ્તોત્ર રિલીઝ થાય. વિટામિન-ડીને એક્ટિવ બનાવે. તેમ જ અલ્ફાસેલ અને હાઇડ્રોકસીલેઝ એન્ઝાઇમ કિડની બનાવી શકે. બોરોનનો વિટામિન બી સાથે સંબંધ મજબૂત છે જે શરીરના ઘાવ ભરવા કે થવા ન દેવા માટે જરૂરી છે. શરીરના ચયાપચનને મજબૂત બનાવવા, પેરિએટલ સેલ મજબૂતી સાથે કામ કરવા માટે બોરોન જરૂરી છે. બોરોન હાડકામાં મેગ્નેશિયમના અવશોષણ અને જમાવને ગુણવત્તા પ્રદાન કરે છે. લગભગ સાંઇઠ ટકા જેટલા મેગ્નેશિયમ હાડકાંમાં હોય છે. જે કોશિકાઓને સ્થિર કરે છે. કેલ્શિયમની ક્રિયાઓને સંતુલિત કરે છે. વિટામિન-ડી સંતુલિત હોય તો થાઇરોઇડ કે ડાયાબિટીસની સમસ્યા થતી નથી.

બોરોનના લાભકારી હાર્મોનલ પ્રભાવ સંભવત સ્ટ્રીરોઇડના વિસિનલ હાઇડ્રોકિલેશન પર આનો સામાન્ય પ્રભાવ પડે છે. વિસિનલનો અર્થ કોઇપણ બે કાર્યત્મક સમૂહને જોડવું. બોરોન યુક્ત ખોરાકનો પ્રભાવ સ્ત્રી અને પુરુષના જનન અંગો માટે જરૂરી સ્ટીરોઇડના સ્તરમાં પણ વૃદ્ધિ જોવા મળે છે. એટલે કે બોરોન યુક્ત આહાર સીરમ એસ્ટ્રોજન અને ટેસ્ટોસ્ટેરોનના સ્તરમાં ઉલ્લેખનીય વૃદ્ધિ થાય છે. જેમણે રજોનિવૃત્તિ (મેનોપોઝ)ની સુખાકારી માટે બોરોન યુક્ત આહાર લીધો તેઓ શારીરિક અને માનસિક રીતે સશક્ત બને છે.

હક્કી એટ અલ નામના શોધકર્તા મેટ્રિક્સ પ્રોટીનને એક શૃંખલાના મેસેજર આર. એન. એ. સી અભિવ્યક્તિને નિયંત્રિત કરે છે. જે ઘાવ ભરનાર પ્રોટીન અને ખનિજયુકત એન્ઝાઇમ સંબંધિત પ્રોટીન કોલેજન ઓસ્ટિયોપોર્ટિન, ઓસ્ટિયો કેલ્સિન અને સિયાલો પ્રોટીનનું નિયંત્રિત કરે છે. આ સંયુક્ત ક્રિયાના પ્રભાવને કારણે અસ્થિ કોશીકાઓ ને મિનરલસને મજબૂતી મળે છે. ચહેરા પરની ચામડીનું બગડવું એ કોલાજન આધારિત છે. બોરોન ચામડી નીચેના ઘાવ ભરવા માટે કોલાજન પ્રોટીનને એન્ઝાઇમ દ્વારા સુગમ બનાવે છે.

હાડકાંના સ્વાસ્થ્ય ઉપરાંત બોરોન મગજના કાર્યમાં સુધારવામાં બળતરા ઘટાડવામાં અને હાર્મોનનું સ્તર જાળવી રાખવામાં મદદ કરે છે. બોરોન વિશે વધુ ચર્ચા થતી નથી. તેથી તેને જાળવવા માટે કે તેની ઊણપ વિશે લોકો ગંભીર નથી. બોરોન યુક્ત સમૃદ્ધ આહારમાં સમાવેશ કરીને સ્વાસ્થ્ય મજબૂત બનાવી શકાય છે. અતિરેક ન કરવો નહીં તો ઝાડા, ઊલટી, ઊબકા જેવાં લક્ષણો દેખાય છે. સપ્લિમેન્ટથી બોરોન લેવાથી ઘણીવાર તેની ખરાબ અસરો જોવા મળી છે. આહારથી ખૂબ જ સારી માત્રામાં બોરોન તત્ત્વ મળી રહે છે.

બોરોન યુક્ત આહાર જેવા કે બેલફળ, બાદામ કીસમીસ, એવાકાડો, બ્રોકલી, અખરોટ, હેઝલનટ બ્રાઝીલનટ, સફરજન, શિંગદાણા, પીચ, દ્રાક્ષ, નાશપતિ, કેળા, કેળાની છાલ, બટાટા છાલ સાથે રાજમા, પાલક, મસૂર, મકાઇ, ચેરી, ચણા, વટાટા, ઘરનું માખણ, જીરૂ. આ આહાર હાથ પગમાં સમવન્ય બનાવી રાખશે. પેશાબમાંથી વધુ કેલ્શિયમ અને મેગ્નેશિયમને નીકળી જતું બચાવશે. માથાનો દુઃખાવો, પેટનો દુખાવો વગેરેથી આ ખાદ્યપદાર્થ બચાવે છે. પ્રતિકાર્ય રક્ષા પ્રણાલીને નબળી થતી બચાવશે. હાડકાંના સ્વાસ્થ્યને સુધારશે, માનસિક સર્તકતાની કમીને દૂર કરશે. મસ્તિષ્ક, ધ્યાન, સ્મૃતિના કાર્યને મજબૂત રાખશે. અવસાદ કે ડીપ્રેશન, અલ્ઝાઇમર જેવી તકલીફો નહીં થાય.

બેલફળમાં સૌથી સારો સ્ત્રોત છે. કેળા, કીસમીસ, સૂકામેવા જેવા આહારનો ઉપયોગ જરૂરથી થવો જોઇએ. સરળતાથી સંતુલિત આહારમાં ફીટ થઇ શકે તેવો ખોરાક્નો સ્ત્રોત અપનાવો.

બોરોનમાં બળતરા વિરોધી ગુણધર્મો છે જે સંધિવા, બોનટીબી, સાંધાના દુઃખાવા અને જડતા ઘટાડવા મદદ કરશે. ભવિષ્યમાં ઓસ્ટિયોપોરોસીસ કે અન્ય હાડકાંની બીમારીને અટકાવી શકાય. દોડવીર માટે પણ બોરોન યુક્ત ખાદ્યપદાર્થ જરૂરી છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

ટાઈફૉઈડ શું છે...?

આપણે જાણીએ છીએ કે તાવ એ એક સર્વત્ર વ્યાપક વ્યાધિ છે. તાવ એ એક એવી કુદરતી ક્રિયા પ્રક્રિયા છે, જેના દ્વારા માનવ શરીરમાં એક યા બીજી રીતે જમા થયેલા ઝેરી તત્ત્વો (Toxic) બહાર આવે છે. આ પ્રક્રિયા દરમિયાન તાવ આવે એ સ્વાભાવિક છે.



આપણે આ અગાઉ શરદી-કફ-મલેરિયાના તાવ વિશે વિગતે જાણી ગયા. હવે આ વખતે વાત કરીએ ટાઈફૉઈડના તાવ વિશે...

* શું હોય છે ટાઈફૉઈડનાં લક્ષણ?
* શરૂઆતમાં શરીર તૂટે, માથું દુઃખે, કબજિયાત અને બેચેની જણાય. આ તાવમાં વાયુ અને કફની પ્રધાનતા સાથે પિત્ત પણ હોય છે.
* ઠંડીને લઈને ધ્રૂજારી, ઝાડા, ઊલટી, માથાનો અસહ્ય દુઃખાવો વર્તાય.
* પેટ ઉપર દબાવવાથી ત્યાં દુઃખાવો થાય અને વિશેષ કરીને જમણી બાજુ પેટના ભાગમાં દર્દ અધિક થાય.
* ભૂખ બિલકુલ મરી જાય, અનિદ્રામાં વધારો અને તેથી ચુસ્તી વર્તાય.
* આ તાવ લાંબો સમય ચાલી શકે છે.

ટાઈફૉઈડ થવાનાં કારણ...

* આ તાવ સાલ્મોનેલા ટાઈફી નામના બૅક્ટેરિયાથી થાય છે.
* આવા બૅક્ટેરિયાયુક્ત દૂષિત પાણી, દૂધ કે અન્ય ખોરાક લેવાથી આ તાવ આવી શકે છે.

ટાઈફૉઈડમાં આહાર

* આ તાવની શરૂઆતમાં ૧થી ૨ દિવસ માત્ર ગરમ પાણી ઉપર રહી ઉપવાસ કરવા શ્રેષ્ઠ છે.
* ત્યારબાદ ધીરે-ધીરે હલકો અને પ્રવાહી ખોરાક લેવો. જેથી આંતરડાને આરામ મળે. શક્ય હોય તેટલા પ્રવાહી વધુ લેવા.
* ફ્રૂટજ્યૂસ, મગનું ઓસામણ, સૂપ, નાળિયેરનું પાણી વગેરે લઈ શકાય.
* આ રોગમાં ઝાડા કે મરડો થવાથી વધુ સંભાવના હોવાથી વધારે રેસાવાળો તથા મસાલેદાર આહાર ન લેવો.

* દહીં અને છાશ લઈ શકાય, પરંતુ દૂધનો ત્યાગ રાખવો.

ટાઈફૉઈડના ઉપચારો

૧. માથા પર વારંવાર ઠંડા પાણીના પોતા મૂકવા.

૨. જરૂરિયાત મુજબ વારેવારે ફળોનો રસ પીવો.

૩. ૧૦ ગ્રામ તુલસીનો રસ અને ૨ ગ્રામ મરીના ચૂર્ણને ૨ ચમચી મધમાં મેળવીને લેવું.

૪. ૫૦૦ મિ.લી. પાણીમાં ૮થી ૯ લવિંગ ઉમેરીને પાણી અડધું રહે ત્યાં સુધી ઉકાળવું. પછી ગાળીને દિવસ દરમ્યાન તે પાણી પીવું.

૫. દિવસમાં ૨થી ૩ મોસંબીનો રસ લેવો કે સફરજન ખાવું.

૬. ૧ કપ છાશમાં ૩ ચમચી કોથમીરનો રસ ઉમેરી દિવસમાં ૨થી ૩ વાર પીવો.

૭. હૂંફાળા પાણીમાં અડધી ચમચી જીરૂનો પાવડર અને ૧ ચમચી મધ ઉમેરીને પીવું.

૮. જો દર્દીને કબજિયાત રહેતો હોય તો તેને રોજ ૨-૪ અંજીર ખાવા. રાત્રે ૧ ચમચી ઈસબગુલ પાણીમાં લેવું.

સાવધાની

* દર્દીએ ખાસ સંપૂર્ણ આરામ કરવો. ભૂલેય કોઈ પણ શારીરિક કે માનસિક શ્રમ કરવો નહીં.
* દર્દી વધુને વધુ આનંદમાં રહે તેવું વાતાવરણ રાખવું.
* દર્દીએ સંડાસ ગયા પછી વ્યવસ્થિત રીતે હાથ-પગ ધોવા. નહિતર આ રોગમાં દર્દીનો ચેપ અન્ય લોકોમાં ફેલાવાની ખૂબ જ સંભાવના હોય છે.
* દર્દીની પથારી, ચાદર, કપડાં તથા તેની દરેક વસ્તુઓ યોગ્ય રીતે સાફ કરી, જંતુરહિત કરી, અલગ રાખવી.
* ઘરના સભ્યોએ ખાદ્યપદાર્થો સંપૂર્ણ જંતુરહિત રહે તેની ખાસ સાવધાની રાખવી.
* દર્દીની સંભાળ રાખનાર વ્યક્તિને તે દર્દીનો ચેપ ન લાગે તેની ખાસ સાવધાની રાખવી. જેમ કે, દર્દીનો સ્પર્શ કર્યા બાદ તુરંત જ હાથ વ્યવસ્થિત ધોઈ નાખવા.
* રસોઈ કરનાર વ્યક્તિને ટાઈફૉઈડ થયો હોય તો સંપૂર્ણ સારવાર થયા બાદ ચિકિત્સકની સલાહ બાદ જ રસોડામાં જવું. જેથી અન્ય લોકોને આહાર દ્વારા તેનો ચેપ ન લાગે. ■

ક્લાસિફાઈડ

૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં) (૬૮૨-સી)

૧૨. યાત્રા સહેલગાહ

તુષાર નેગાંધી

ઉત્તરાખંડ, ચારધામ, ગંગાસાગર, જગન્નાથપુરી, ચંપારેન, નેપાળ, મુક્તિનાથ, પુલહાશ્રમ, અયોધ્યા, વારાણસી, પ્રયાગરાજ. દેવીબેન પ્રવાસ 9833730639. (૬૭૬-એ)

૧૭. જગ્યા આપવી છે

ખાર (વેસ્ટ)

મધુપાર્કની બાજુમાં ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦', ૪ બેડરૂમ ૧૭૦૦', ૬ બેડરૂમ ૨૩૦૦', (બધા જ ફ્લેટો કારપેટ એરીયામાં), ઓ.સી. સાથે, એરકંડીશન્ડ લોબી, જીમ, સર્વન્ટ ટોઈલેટ, પ્રોપર પાર્કિંગ સાથે, વેચવાના. ફોનઃ- 9820156133. (બી-૧૬૮૦૫)

શાંતાક્રુઝ (વેસ્ટ)

રામ કૃષ્ણ મિશન પાસે - નવું બિલ્ડીંગ - ૪ બેડરૂમ એરીયા ૧૮૨૫' કારપેટ + સર્વન્ટ ટોયલેટ, ૩ પાર્કિંગ, જીમ અને ઓ.સી. સાથે, તુરંત વેચવાનો. ફોનઃ- ''ઓનર'' 9820156133. (બી-૧૬૮૨૦)

૧૯. ફેક્ટરી વર્કશોપ

વસઈ - કામણ

સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)

૨૧. હોટલ

(B-16830)

૩૫. જ્યોતિષ ભવિષ્ય

શ્રીજી જ્યોતિષ

અશક્યને શક્ય કરનાર. સચોટ નિવારણ, જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમી મિલન, (લવ પ્રોબ્લેમ, પર્સનલ પ્રોબ્લેમ, સ્પેશિયાલિસ્ટ) 9372024547 (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળો). (બી-૧૬૬૩૧)

ગુરુજી

પિતૃદોષ, મુંઝવતા પ્રશ્નો, લવ, બ્રેકઅપ, લગ્ન, સંતાન, ટૂંક સમયમાં તારીખ સાથે ચોક્કસ રીઝલ્ટ 7219004517. (૬૮૬/એ)

૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675 / 9326448699. (કાંદિવલી). (૬૧૪/બી)

૪૬. વોટર પ્રુફિંગ

WATERPROOFING CONSULTANCY

For Any Leakage, By 30 years experience Civil Engineer. 9833521709. (512-D)

૫૨. કુરીઅર્સ

ફોરેન

પાર્સલ માટે એકમાત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ- 9702251440/ 9224320626. (બી-૧૬૮૩૫)

મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

૭ રનમાં ૮ વિકેટ, ક્રિકેટના અજાણ્યા દેશ ભુતાનના બોલરે મચાવ્યો તરખાટ

ગેલેફુ સિટી (ભુતાન): ટી-૨૦ ફૉર્મેટની આંતરરાષ્ટ્રીય અને બિન-આંતરરાષ્ટ્રીય મૅચોમાં અગાઉ કદી નથી બન્યું એવી ઘટના તાજેતરમાં બની ગઈ જેમાં ભુતાનના લેફ્ટ-આર્મ સ્પિનર સોનમ યેશીએ એક જ મૅચમાં આઠ વિકેટ લીધી હતી. કોઈ બોલરે એક મૅચમાં આઠ વિકેટ લીધી હોય એવું આ ફૉર્મેટના અઢી દાયકામાં પહેલી જ વખત બન્યું છે.

અગાઉ બે બોલરે લીધી હતી સાત-સાત વિકેટ

બાવીસ વર્ષના યેશી (૪-૧-૭-૮)એ તાજેતરમાં ભુતાનના ગેલેફુ માઇન્ડફુલનેસ સિટી નામના શહેરના મેદાન પર મ્યાનમાર સામેની મૅચમાં આ સિદ્ધિ મેળવી હતી. તેણે ફક્ત સાત રનમાં આઠ વિકેટ લીધી હતી. ટી-૨૦ ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં અગાઉ બે બોલર મૅચમાં સાત વિકેટ લઈ ચૂક્યા હતા. ક્રિકેટમાં નાના દેશો એકમેક સામે રમી રહ્યા છે ત્યારે અકલ્પનીય વિક્રમો બની રહ્યા છે. ૨૦૨૩ની સાલમાં ચીન સામે મલયેશિયાના સ્યાઝરુલ ઇન્દ્રુસે આઠ રનમાં સાત વિકેટ અને ૨૦૨૫માં ભુતાન સામે બહરીનના અલી દાઉદે ૧૯ રનમાં સાત વિકેટ લીધી હતી. મહિલા ટી-૨૦ ક્રિકેટમાં ઇન્ડોનેશિયાની રોહમાલિયાનો પર્ફોર્મન્સ સર્વશ્રેષ્ઠ છે. તેણે ૨૦૨૪માં મોંગોલિયા સામે શૂન્યમાં સાત વિકેટ લીધી હતી.

ભુતાનનો ૮૨ રનથી વિજય

ભુતાને ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૨૭ રન કર્યા હતા. યેશીએ ચાર ઓવરમાં ફક્ત સાત રનના ખર્ચે આઠ વિકેટ લીધી હતી જેને કારણે મ્યાનમારની ટીમ ૪૫ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી અને ભુતાનનો ૮૨ રનથી વિજય થયો હતો. ભુતાનની ટીમનો દાવ પૂરો થયો ત્યારે એના એક પણ ખેલાડીએ વિચાર્યું નહીં હોય કે તેઓ પોતાના ટોટલના પોણા ભાગના રનના માર્જિનથી જીતી જશે.

યેશી આ સિરીઝનો સુપરસ્ટાર બોલર છે. તેણે ચાર મૅચમાં કુલ ૧૨ વિકેટ લીધી છે. તેણે ૨૦૨૨માં ટી-૨૦માં ડેબ્યૂ કર્યું હતું. તેણે મલયેશિયા સામેની પહેલી જ મૅચમાં ૧૬ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. જોકે એકંદરે તેનો દેખાવ સાધારણ રહ્યો છે. તેણે કરીઅરમાં કુલ મળીને ૩૪ મૅચમાં ૩૭ વિકેટ લીધી છે. ■

જુરેલના આઠ છગ્ગા, પંદર ચોગ્ગાઃ ઉત્તર પ્રદેશને બરોડા સામે જિતાડ્યું

રાજકોટઃ વિકેટકીપર-બૅટ્સમૅન ધ્રુવ જુરેલ (૧૬૦ અણનમ, ૧૦૧ બૉલ, આઠ સિક્સર, ૧૫ ફોર) વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટમાં સતત ત્રીજી મૅચમાં દમદાર ઇનિંગ્સ રમ્યો છે જેમાં સોમવારે તેણે રાજકોટમાં ઉત્તર પ્રદેશ વતી રમીને બરોડા સામે ૧૬૦ રનનો ખડકલો કરી દીધો અને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીતી લીધો હતો. ઉત્તર પ્રદેશે આ રોમાંચક મુકાબલો ૫૪ રનથી જીતી લીધો હતો. જુરેલે ગયા અઠવાડિયે હૈદરાબાદ સામે ૬૧ બૉલમાં ૮૦ રન અને ચંડીગઢ સામે ૫૭ બૉલમાં ૬૭ રન કર્યા હતા.

૧૬૦માંથી ૧૦૮ રન ચોક્કા-છગ્ગામાં

સોમવારે જુરેલે ૧૬૦માંથી ૧૦૮ રન ચોક્કા-છગ્ગામાં બનાવ્યા હતા. આ પહેલાં, બે મૅચમાં હાફ સેન્ચુરી ફટકારનાર જુરેલે હવે ડોમેસ્ટિક ક્રિકેટના લિસ્ટ-એ વન-ડે ફૉર્મેટમાં પહેલી વાર સદી ફટકારી છે. ઉત્તર પ્રદેશ વતી રમેલી ધમાકેદાર ઇનિંગ્સમાં તેણે કૅપ્ટન રિન્કુ સિંહ (૬૩ રન, ૬૭ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર) સાથે તેણે ચોથી વિકેટ માટે ૧૩૧ રનની તોતિંગ ભાગીદારી કરી હતી. બન્નેએ ઉત્તર પ્રદેશનો સ્કોર ૯૨ રન પરથી ૨૨૩ રન સુધી પહોંચાડી દીધો હતો.

૧૪.૨૦ કરોડ રૂપિયાવાળા પ્રશાંત વીરનો ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ

ઉત્તર પ્રદેશના અમેઠીમાં રહેતા સ્પિન ઑલરાઉન્ડર પ્રશાંત વીરે (૩૫ રન, ૨૩ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર) છઠ્ઠી વિકેટ માટે જુરેલ સાથે ૧૨૨ રનની ભાગીદારી કરી હતી. પછીથી પ્રશાંતે બરોડાની ટીમના કૅપ્ટન-ઑલરાઉન્ડર કૃણાલ પંડ્યા (૮૨ રન, ૭૭ બૉલ, બે સિક્સર, ૧૦ ફોર)ની સૌથી મહત્ત્વની વિકેટ પણ લીધી હતી. બરોડાની ટીમમાં કૃણાલના ૮૨ રન હાઇએસ્ટ હતા. બરોડાને ૩૭૦ રનનો લક્ષ્યાંક મળ્યો હતો અને એનો સ્કોર ૪૩મી ઓવરની શરૂઆતમાં ૨૪૭ રન હતો ત્યારે પ્રશાંતે કૃણાલને કૅચઆઉટ કરાવ્યો હતો અને એ સાથે બરોડાના વિજયની આશા પર પાણી ફરી વળ્યું હતું. પ્રશાંતને તાજેતરના ઑક્શનમાં ચેન્નઈના ફ્રૅન્ચાઇઝીએ ૧૪.૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. બરોડાની ટીમ ૫૦મી ઓવરના છેલ્લા બૉલ પર ૩૧૫ રનના કુલ સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી અને રિન્કુ સિંહના નેતૃત્વમાં ઉત્તર પ્રદેશનો ૫૪ રનથી શાનદાર વિજય થયો હતો.

બરોડાનો પેસ બોલર રસિખ સલામ (૧૦-૦-૧૦૨-૧)ની બોલિંગમાં સૌથી વધુ ૧૦૨ રન ૧૦ ઓવરમાં બન્યા હતા. ધ્રુવ જુરેલે તેના ૧૪ બૉલમાં પંચાવન રન બનાવ્યા હતા. બરોડાના બીજા ત્રણ બોલર (રાજ લિંબાણી, અતિત શેઠ, કૃણાલ પંડ્યા)ની ૧૦-૧૦ ઓવરમાં ૬૨૦થી વધુ રન બન્યા હતા.

અન્ય મૅચોમાં શું બન્યું

(૧) જયપુરમાં શમ્સ મુલાનીની પાંચ અને કૅપ્ટન શાર્દુલ ઠાકુરની ચાર વિકેટને લીધે છત્તીસગઢ માત્ર ૧૪૨ રન કરી શક્યું ત્યાર બાદ મુંબઈએ અંગક્રિશ રઘુવંશીના અણનમ ૬૮ રન અને સિદ્ધેશ લાડના અણનમ ૪૮ રનની મદદથી ૨૪ ઓવરમાં એક વિકેટે ૧૪૪ રન કરીને વિજય મેળવ્યો હતો.

(૨) બેંગલૂરુમાં હરિયાણા (૨૯૯ રન)નો ગુજરાત (૨૭૩ રન) સામે ૨૬ રનથી વિજય થયો.

(૩) વિરાટ વિના પણ રિષભ પંતની દિલ્હી (સાત વિકેટે ૩૨૧ રન)ની ટીમે સૌરાષ્ટ્ર (સાત વિકેટે ૩૨૦ રન)ને હરાવ્યું.

ટેનિસની મૅચમાં પુરુષ વિરુદ્ધ મહિલા પ્લેયરનો મુકાબલો, હસતાં-રમતાં અને ડાન્સ કરતા રમ્યાં

દુબઈઃ ટેનિસની મૅચમાં પુરુષ અને મહિલા હરીફ ખેલાડી વચ્ચે મુકાબલો થાય એ આશ્ચર્ય તો કહેવાય જ, પણ દુબઈમાં રવિવારે આવી એક મૅચ બે જાણીતા ખેલાડી વચ્ચે રમાઈ ગઈ. આ ટક્કર એક સમયના ૧૩મી રૅન્કના પુરુષ ખેલાડી ઑસ્ટ્રેલિયાના નિક કીર્ગિયોસ અને વર્લ્ડ નંબર-વન મહિલા ખેલાડી બેલારુસની અરીના સબાલેન્કા વચ્ચે થઈ હતી. આ પ્રદર્શનીય મૅચ હતી અને એમાં કીર્ગિયોસનો ૬-૩, ૬-૩થી વિજય થયો હતો.

બન્ને ખેલાડીએ 'બૅટલ ઑફ ધ સેક્સીસ'ના બૅનર હેઠળ રમાયેલી આ એક્ઝિબિશન મૅચને ખૂબ હળવાશથી લીધી હતી. બન્ને પ્લેયર રમતાં-રમતાં ખૂબ હસ્યાં હતાં તેમ જ હળવી મજાક-મસ્તી કરીને પ્રેક્ષકોને પણ હસાવ્યા હતા. ક્યારેક તેમણે ગેમની શરૂઆતમાં અન્ડર-આર્મ સર્વિસ કરી હતી. સિંગલ્સના ચાર ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી ચૂકેલી વિશ્વની હાલની સર્વોચ્ચ ખેલાડી સબાલેન્કા ક્યારેક ટાઇમઆઉટ વખતે ડાન્સ કરતી પણ જોવા મળી હતી. જોકે કીર્ગિયોસ જીત્યો ત્યારે પસીને રેબઝેબ હતો. બન્ને જણ છેલ્લે રમ્યા પછી હસતાં-હસતાં એકબીજાને ભેટ્યા હતા. ૧૯૭૩માં પણ આવી એક મૅચ રમાઈ હતી જેમાં મહિલા ટેનિસ-લેજન્ડ બિલી જીન કિંગે બૉબી રિગ્સનો સામનો કર્યો હતો.

૩૦ વર્ષનો કીર્ગિયોસ સિંગલ્સના એક પણ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ નથી જીત્યો. જોકે ૨૦૨૨ની વિમ્બલ્ડનમાં તેણે ફાઇનલમાં એ સમયના સર્વોત્તમ ખેલાડી નોવાક જૉકોવિચને જોરદાર લડત આપી હતી અને જૉકોવિચે એ ફાઇનલ ૪-૬, ૬-૩, ૬-૪, ૭-૩થી જીતી લીધી હતી.

દુબઈમાં કીર્ગિયોસ-સબાલેન્કાની ૧૭,૦૦૦ પ્રેક્ષકોએ જોઈ હતી. સૌથી મોંઘી ટિકિટ ૮૦૦ ડૉલર (આશરે ૭૨,૦૦૦ રૂપિયા)ની હતી. કીર્ગિયોસ કાંડા અને ઘૂંટણની ઈજાને કારણે છેલ્લા ત્રણ વર્ષમાં બહુ ઓછું રમ્યો છે. કીર્ગિયોસ-સબાલેન્કાની એક જ એજન્સી છે અને ખુદ તેમણે આ મૅચ ગોઠવી હતી. ■

કોહલી હઝારે ટ્રોફીમાં વધુ એક મૅચ રમશે

નવી દિલ્હીઃ વિરાટ કોહલી વિજય હઝારે વન-ડે ટૂર્નામેન્ટમાં વધુ એક મૅચ રમવાનો છે. ભારતીય ક્રિકેટ બોર્ડે પોતાની સાથે કૉન્ટ્રૅક્ટ ધરાવતા દરેક ખેલાડીને આ ટૂર્નામેન્ટની ઓછામાં ઓછી બે મૅચ રમવા કહ્યું છે. રોહિત શર્મા ઉપરાંત વિરાટ કોહલી બે-બે મૅચ રમી ચૂક્યા છે અને હવે સમાચાર મળ્યા છે કે કોહલી દિલ્હી વતી છઠ્ઠી જાન્યુઆરીની મૅચ પણ રમશે. ૧૧મી જાન્યુઆરીએ વડોદરામાં ન્યૂ ઝીલૅન્ડ સામે સિરીઝની પ્રથમ વન-ડે રમાવાની છે અને એના પાંચ દિવસ પહેલાં (છઠ્ઠી જાન્યુઆરીએ) બેંગલૂરુ નજીક અલુરમાં સર્વિસીઝ સામે રમાનારી વિજય હઝારે ટ્રોફીની મૅચમાં કોહલી રમશે. ■

ગુજરાત

ગુજરાતની ખાનગી સ્કૂલો ફી છુપાવી નહીં શકે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ખાનગી શાળાઓ દ્વારા એફઆરસીએ નક્કી કરેલી ફી છુપાવી વાલીઓ પાસેથી વધુ રકમ વસૂલવાની ફરિયાદો સતત સામે આવી રહી હતી. આ ગેરરીતિ પર અંકુશ મૂકવા માટે હવે ફી રેગ્યુલેટરી કમિટીએ મોટો અને પારદર્શક નિર્ણય લીધો હતો. અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતની ૫,૭૮૦ ખાનગી સ્કૂલની નિયત ફી એફઆરસીની સત્તાવાર વેબસાઇટ પર જાહેર કરવામાં આવી છે. હવે કોઈ પણ ખાનગી સ્કૂલ ફીનો ઓર્ડર છુપાવી શકશે નહીં અને વાલી-વિદ્યાર્થીઓ ઘર બેઠાં જ પોતાની સ્કૂલની મંજૂર ફી જોઈ શકશે. અમદાવાદ શહેરની ૨,૩૧૦ અને ગ્રામ્ય વિસ્તારની ૩૯૪ ખાનગી શાળાઓની ફી પહેલેથી જ ઓનલાઈન અપલોડ કરવામાં આવી છે. ધોરણ, માધ્યમ અને સંલગ્ન બોર્ડ મુજબ ફીનું માળખું જાહેર કરાતા વાલીઓને સ્પષ્ટતા મળશે. વર્ષ ૨૦૧૭માં એફઆરસી અમલમાં આવ્યા છતાં અનેક સ્કૂલોએ એડમિશન ફી, ટર્મ ફી કે અન્ય પ્રવૃત્તિઓના નામે વાલીઓ પાસેથી વધારાની વસૂલાત કરી હોવાની ફરિયાદો થઈ હતી. જેના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ સ્થિતિ વધુ કડક બની છે. હવે એફઆરસી દ્વારા નક્કી કરેલી ફી સિવાય કોઈ પણ પ્રકારની વધારાની રકમ વસૂલવી ગેરકાયદે ગણાશે. નવા ઓર્ડરમાં એડમિશન કે ટર્મ ફી માટે અલગથી કોઈ છૂટ આપવામાં આવી નથી, એટલે નિયત ફી સિવાય એક પણ રૂપિયો વસૂલવાનો રસ્તો બંધ થયો છે. આ પહેલા સ્કૂલોને નોટિસ બોર્ડ પર ફીનો ઓર્ડર લગાવવાની સૂચના હોવા છતાં ઘણી જગ્યાએ તેનું પાલન થતું નહોતું તેના કારણે હવે એફઆરસીએ ૫,૭૮૦ સ્કૂલની ફી ઓનલાઈન જાહેર કરી છે. ■

કાંકરિયા કાર્નિવલમાં ખોવાયેલા બાવન બાળકને શોધી મા-બાપને સોંપ્યાં પોલીસે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ખૂબ જ લોકપ્રિય કાંકરિયા કાર્નિવલ ૨૦૨૫ને લોકોનું ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને અમદાવાદ સહિતના આસપાસના ગામડાના લોકો પણ અહીં મોટી સંખ્યામાં આવે છે.

છેલ્લા બે દિવસથી મુલાકાતીઓની ભીડ વધી જતા કાંકરિયાના પ્રવેશદ્વાર બંધ કરવાની ફરજ પડી હતી ત્યારે આ કાર્નિવલ દરમિયાન પોલીસે પણ સારી કામગીરી કરી છે. કાર્નિવલ દરમિયાન લગભગ બાવન બાળક માતા-પિતાથી અલગ થઈ ગયાં હતાં, પરંતુ પોલીસે તમામ બાળકોના માતા-પિતાને શોધી તેમને સોંપ્યાં હતાં, તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મોટાભાગે આ ઘટનાઓ ત્યારે બની હતી જ્યારે માતાપિતાએ કંઈક ખરીદવા, ફોટોગ્રાફ્સ લેવા છોકરાઓને પકડ્યા ન હતા કે તેમનો હાથ છૂટ્ટો મૂકી દીધો હતો. બાળકો ડરી ગયાં હતાં અને ભીડને લીધે મમ્મી-પપ્પાને શોધી શક્યા ન હતા.

કાંકરિયા તળાવના કાંઠે ડ્રોન, સીસીટીવી કેમેરા અને કંટ્રોલ રૂમ સહિતની સર્વેલન્સ સિસ્ટમોએ ગુમ થયેલા બાળકોને શોધવામાં મદદ કરી. પોલીસની ખાસ ટીમ અને મહિલા સુરક્ષા માટેની ટીમો બાળકો, વૃદ્ધો અને ભીડમાં એકલા મળી આવેલા અપંગ લોકો પર નજર રાખી રહ્યા છે. ■

ભાજપ પ્રદેશની નવી ટીમની પહેલી બેઠક

સંગઠનને વધુ મજબૂત બનાવવાનો નિર્ધાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પ્રદેશાધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં રચાયેલી ભાજપ પ્રદેશની નવનિયુક્ત કમિટીની પહેલી બેઠક સોમવારે કમલમ ખાતે યોજાઈ હતી. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી પણ આ બેઠકમાં હાજરી આપવા આવ્યા હતા.

બેઠક અંગે મુખ્ય પ્રવક્તા ડો. અનિલ પટેલે જણાવ્યું હતું કે દરેક હોદ્દેદારોની અલગ અલગ ભૂમિકા અંગે ચર્ચા થઈ હતી. જે અગાઉની કમિટી અને નવી કમિટીએ જવાબદારીઓ વિશે ચર્ચા કરી હતી. વિશ્વકર્મા, મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાને સૌનું માર્ગદર્શન કર્યું હતું. આ સાથે સંગઠનને વધુ મજબૂત કઈ રીતે બનાવી શકાય તે અંગે વિવિધ ચર્ચાઓ થઈ હતી.

આ દરમિયાન આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ અંગે પણ નેતાઓ અને પદાધિકારીઓએ વિચારોની આપ-લે કરી હતી. ડો. અનિલ પટેલે જણાવ્યું હતું કે, પાર્ટીને મજબૂત કરવા માટે અને સરકારને કેવી રીતે મદદ કરી શકાય તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિવિધ મોરચાની જવાબદારી અપાઈ છે જેમાં જૂના અને નવા હોદ્દેદારોની વચ્ચે સંકલન કરી કામગીરી થશે, તેમ તેમણે જણાવ્યું હતું.

સોમવારે સવારથી જ કમલમ ખાતે સાંસદો, વિધાનસભ્યો અને પદાધિકારીઓ સહિત કાર્યકર્તાઓની ભીડ જામી હતી.

બે દિવસ પહેલા જ ભાજપે નવી ટીમ જાહેર કરી હતી. ગુજરાતમાં સતત ૩૦ વર્ષથી ભાજપની સરકાર છે અને તે માટે ભાજપના મજબૂત સંગઠનનો ફાળો ખૂબ મહત્ત્વનો ગણાય છે. વર્ષ ૨૦૨૭માં યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીની જવાબદારી આ નવી ટીમની રહેશે. ■

ગુજરાતથી શરૂ થતી ટ્રેનની સંખ્યા બમણી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશના ૪૮ શહેરમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ટ્રેનની સંખ્યા વધારવાની યોજના રેલવેએ બનાવી છે, જેમાં ગુજરાતના ત્રણ શહેર સુરત, અમદાવાદ, વડોદરાનો સમાવેશ થાય છે.

રેલવે મંત્રાલયના જણાવ્યા મુજબ, વધતી જતી મુસાફરોની માંગને પહોંચી વળવા માટે હાલની માળખાગત સુવિધાઓમાં વધારો કરવો આવશ્યક છે. આ નવા આયોજનોમાં હાલના ટર્મિનલ્સને વધારાના પ્લેટફોર્મ, સ્ટેબલિંગ લાઇન, પિટ લાઇન અને પર્યાપ્ત શન્ટિંગ સુવિધાઓ વધારવાનો સમાવેશ થાય છે.

શહેરી વિસ્તારોમાં અને તેની આસપાસના નવા ટર્મિનલ ઓળખવા અને વિકસાવવા, મેગા કોચ કોમ્પ્લેક્સ સહિત જાળવણી સુવિધાઓ સ્થાપિત કરવાનો સમાવેશ થાય છે. આ સાથે સિગ્નલિંગ અપગ્રેડ, મલ્ટીટ્રેકિંગ અને અન્ય ટ્રાફિક સુવિધા સુધારણા દ્વારા વિભાગીય ક્ષમતામાં વધારો કરવાનો પણ સમાવેશ થાય છે.

રેલવેના જણાવ્યા અનુસાર માત્ર મુખ્ય ટર્મિનલ્સ જ નહીં, પરંતુ આસપાસનાં સ્ટેશનો પર પણ વિચાર કરાશે. ઉપનગરીય અને બિન-ઉપનગરીય ટ્રાફિક જરૂરિયાતોને પણ ધ્યાનમાં રાખવામાં આવશે, જેમાં સમયમર્યાદા નિર્ધારિત કરી તાત્કાલિક, ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના કામોને વર્ગીકૃત કરવામાં આવશે,

કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે રેલવે કોચિંગ ટર્મિનલ્સનું વિસ્તરણ કરી રહી છે. વધતી જતી મુસાફરોની માગને પહોંચી વળવા અને ભીડ ઘટાડવા માટે વિવિધ શહેરોમાં વિભાગીય અને કાર્યકારી ક્ષમતામાં વધારો થઈ રહ્યો છે. આ પગલું આપણા રેલવે નેટવર્કને અપગ્રેડ કરશે અને દેશવ્યાપી કનેક્ટિવિટીમાં સુધારો કરશે. ■

ગુજરાતે પ્રોપર્ટી રજિસ્ટ્રેશન માટે નિયમોને કડક બનાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જમીનના બોગસ અને છેતરામણા વ્યવહારો અટકાવવા અને જમીનમાલિકો-મકાનમાલિકોના હિતોનું રક્ષણ કરવા માટે ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશન એન્ડ સુપરિટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સ દ્વારા એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યું હતું. આ નિર્દેશ ગુજરાત હાઈ કોર્ટના એક સીમાચિહ્નરૂપ ચુકાદાને આભારી છે. આ સાથે રજિસ્ટ્રેશનને રદ કરવાના એકપક્ષીય દસ્તાવેજોના વ્યાપક ઉપયોગ પર નિયંત્રણનો પણ એક પ્રયાસ હોવાનું માનવામાં આવે છે.

ઓક્ટોબર, ૨૦૨૫માં હાઈ કોર્ટે એક ચુકાદો આપ્યો હતો. આ કેસ રાજધાની કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટી સાથે સંકળાયેલા લાંબા વિવાદનો છે, જેમાં મૂળ માલિકો અને એગ્રીગેટર્સે કથિત રીતે એકપક્ષીય રીતે અગાઉના વેચાણ કરાર રદ કરીને કરાર નોંધાવ્યા હતા અને કથિત છેતરપિંડી દ્વારા સંમતિ હુકમનામું મેળવ્યું હતું. આ કવાયતને ''કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન'' ગણાવતા, હાઇ કોર્ટે એકપક્ષીય કેન્સલેશનના કરાર રદ કર્યા હતા અને કહ્યું હતું કે તે માત્ર સોસાયટી સાથે જ નહીં પરંતુ કોર્ટ સાથે પણ છેતરપિંડી સમાન છે.

આ ચુકાદા બાદ નવું પરિપત્ર બહાર પાડવામાં આવ્યું હોવાનું સૂત્રો જણાવે છે.

નવા પરિપત્રમાં મોટાભાગના મુદ્દા ઘણા સ્પષ્ટ છે અને તમામ સબ-રજિસ્ટ્રારને દસ્તાવેજોની નોંધણી કરતી વખતે કાયદાનું કડક પાલન કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે, જેનો સ્પષ્ટ ઉદ્દેશ્ય નાગરિકોની મુશ્કેલી ટાળવાનો અને શક્ય હોય તેટલા કોર્ટ કેસ ઓછા કરવાનો છે.

આદિવાસી સમાજની હકો માટે ૧૩૧ કિ.મી.ની પાલનપુરથી ગાંધીનગર સુધી પદયાત્રા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠાનો આદિવાસી સમાજ તેમના હકો માટે મેદાનમાં ઉતર્યો છે. જાતિના દાખલા સહિતની વિવિધ માગણીઓનો છેલ્લા ત્રણ વર્ષથી કોઇ ઉકેલ ન આવતા અંતે આદિવાસીઓએ લડી લેવાના નિર્ધાર સાથે પાલનપુરથી ગાંધીનગર સુધીની ૧૩૧ કિલોમીટરની પદયાત્રાની શરૂઆત કરી છે. સમાજના અગ્રણીઓ ગાંધીનગર પહોંચી મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સમક્ષ તેમની વિવિધ માગણીઓ મુદ્દે રજૂઆત કરશે. આ યાત્રામાં દાંતાના કોંગી ધારાસભ્ય કાંતિ ખરાડી સહિત કોંગ્રેસના કાર્યકર્તાઓ પણ જોડાયા છે. ગાંધીનગર પહોંચ્યા બાદ પણ ન્યાય નહીં મળે તો ધરણા કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. જો કે આદિવાસી સમાજે ન્યાય ન મળે તો ધરણાની ચીમકી ઉચ્ચારી હતી. આ સમગ્ર મુદ્દે દાતાના ધારાસભ્ય કાંતિ ખરાડીએ જણાવ્યું હતું કે, લાંબા સમયથી જિલ્લાકક્ષાએ રજૂઆત કરવા થતાં પણ જાતિના દાખલાની સમસ્યાનું કોઇ નિવારણ આવ્યું નથી. ભણેલા ગણેલા છોકરાઓ દાખલાના લીધે નોકરીથી વિહોણા છે. અહીં સ્થાનિક લેવલે અમારી સમસ્યાનું કોઇ નિવારણ ન આવતા અમારે નાછૂટકે ગાંધીનગર સુધીની પદયાત્રાની શરૂઆત કરવી પડી છે. આદિવાસી સમાજના આગેવાન ઈશ્વરભાઈ ડામોરે જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ-ચાર વર્ષથી જાતિના દાખલા મેળવવામાં થતી હેરાનગતિઓ દૂર કરવા માટે સ્થાનિક અધિકારીઓ, પદાધિકારીઓ, મામલતદાર, કલેક્ટર, મંત્રીઓ, મુખ્યમંત્રી અને રાજ્યપાલ સુધી લેખિત રજૂઆતો કરવામાં આવી છે, પણ સરકારે આજ દિન સુધી કોઈ સુખદ નિરાકરણ લાવ્યું નથી. ત્રણ વર્ષથી મહેનત કરીને પરીક્ષા પાસ કરનાર યુવાનોની સરકારી નોકરીના ઓર્ડરો જાતિ ખરાઈના નામે અટકાવી રાખવામાં આવ્યા છે. ■

ચાંદીમાં ₹ ૭૩૩૩ની આગેકૂચ, સોનામાં ₹ ૧૧૭૫ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક બુલિયન માર્કેટમાં ગત શુક્રવારે ચાંદીના ભાવ ઔંસદીઠ ૮૩.૬૨ ડૉલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યા બાદ આજે વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ આવતા ભાવમાં ૫.૪ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે સોનામાં પણ વધ્યા મથાળેથી વર્ષાન્તને કારણે નફારૂપી વેચવાલી રહેતાં ભાવમાં ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૭૧થી ૧૧૭૫નો ઘટાડો આવ્યો હતો. જોકે, ગત શુક્રવારે ચાંદીમાં તોતિંગ ઉછાળો આવ્યા બાદ નફારૂપી વેચવાલીએ આજે પીછેહઠ જોવા મળી હોવાથી આજે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૭૩૩૩ની આગેકૂચ જોવા મળી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં મધ્યસત્ર દરમિયાન ગત શુક્રવારના વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૫,૩૭૬ ઉછળી આવ્યા હતા. જોકે, ત્યાર બાદ વિશ્વ બજારમાં નફારૂપી વેચવાલીનું દબાણ જોવા મળતાં સ્થાનિકમાં પણ પીછેહઠ જોવા મળતા સત્રના અંતે ભાવ આગલા બંધ સામે માત્ર રૂ. ૭૩૩૩ના સુધારા સાથે રૂ. ૨,૩૫,૪૪૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ઊંચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી અને માત્ર ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ હાજરમાં વેરારરહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૭૧ ઘટીને રૂ. ૧,૩૬,૨૩૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૧૭૫ના ઘટાડા સાથે રૂ. ૧,૩૬,૭૮૧ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગત શુક્રવારે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે એક તબક્કે હાજરમાં ચાંદીના ભાવ ઔંસદીઠ ૮૩.૬૨ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતા ભાવ આગલા બંધ સામે ૫.૪ ટકાના કડાકા સાથે ઔંસદીઠ ૭૪.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં પણ ક્રિસમસની રજાઓને કારણે પાંખાં કામકાજો વચ્ચે નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં હાજર અને વાયદામાં ભાવ આગલા બંધ સામે ૧.૯ ટકા ઘટીને અનુક્રમે ઔંસદીઠ ૪૪૪૮.૨૩ ડૉલર અને ૪૪૬૭.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ■

એફઆઈઆઈની વેચવાલીને કારણે સેન્સેક્સ સતત ચોથા દિવસે ગબડ્યો, નિફ્ટીએ ૨૬,૦૦૦ની સપાટી ગુમાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સપ્તાહના પહેલા દિવસે વિદેશી ભંડોળના એકધારા આઉટફ્લોને કારણે સેન્સેક્સ સતત ચોથા દિવસે ગબડ્યો હતો અને નિફ્ટીએ ૨૬,૦૦૦ની સપાટી ગુમાવી હતી. ખાસ કરીને યુલિટીઝ, આઈટી અને ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના બ્લુચીપ શેરોમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. સેન્સેક્સ ૩૪૫.૯૧ પોઈન્ટ અથવા ૦.૪૧ ટકા ઘટીને ૮૪,૬૯૫.૫૪ પર સ્થિર થયા હતો. દિવસ દરમિયાન, તે ૪૦૩.૫૯ પોઈન્ટ અથવા ૦.૪૭ ટકા ઘટીને ૮૪,૬૩૭.૮૬ની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૧૦૦.૨૦ પોઈન્ટ અથવા ૦.૩૮ ટકા ઘટીને ૨૫,૯૪૨.૧૦ની સપાટી પર બંધ થયો હતો. સેન્સેક્સની ૩૦ કંપનીઓમાં, અદાણી પોર્ટ્સ સૌથી વધુ ૨.૨૨ ટકા ઘટ્યો હતો. એચસીએલ ટેક ૧.૮૬ ટકા, પાવર ગ્રીડ ૧.૮૫ ટકા, ટ્રેન્ટ ૧.૩૬ ટકા, ભારત ઇલેક્ટ્રોનિક્સ ૧.૨૬ ટકા અને ભારતી એરટેલ ૧.૧૪ ટકા ઘટ્યો હતો. સેન્સેક્સના શેરોમાં ટાટા સ્ટીલ સૌથી વધુ વધ્યો હતો, જેમાં ૧.૮૩ ટકાનો વધારો થયો હતો. આ ઉપરાંત એશિયન પેઇન્ટ્સ, હિન્દુસ્તાન યુનિલિવર અને ઇટર્નલનો પણ સૌથી વધુ વધનારા શેરોમાં સમાવેશ હતો. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં મુખ્ય સૂચકાંકોમાં મોટો ઘટાડો રહ્યો હતો, જે ૦.૮૮ ટકા ઘટીને બંધ થયો હતો. સરકારે કેજી-ડી૬ ગેસ ફિલ્ડના વિવાદ સંદર્ભમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને બીપી કંપની પાસેથી વળતર રૂપે ૩૦ અબજ ડોલરની માગણી કરી છે. આ ભાગીદાર કંપનીઓ પર આરોપ છે કે તેમણે ઉક્ત ગેસ ફિલ્ડમાં આવશ્યકતાથી મોટા કદની સવલતો ઊભી કરી છે અને પાછળથી તેઓ નેચરલ ગેસના લક્ષ્યાંકિત ઉત્પાદનમાં નિષ્ફળ રહ્યા છે. એલએન્ડટીને હૈદરાબાદ ગ્રીનફિલ્ડ રેડિઅલ રોડ પ્રોજેક્ટ માટે ઓર્ડર મળ્યો છે. ભારત સરકારની માલિકીની કંપની મોઇલ લિમિટેડ તરફથી, એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શન (ઇપીસી) કંપની, એસઇપીસી લિમિટેડને મહારાષ્ટ્રમાં ચિકલા ખાણ ખાતે ત્રીજા વર્ટિકલ શાફ્ટની ડિઝાઇન, બાંધકામ અને કમિશનિંગ માટે સ્વીકૃતિ પત્ર હાંસલ થયો છે. આ પ્રોજેક્ટ ગ્લોબલ ટેન્ડર પ્રક્રિયા દ્વારા અપાયો છે, જેમાં સ્થાનિક ક્ષેત્ર માટે ઓર્ડર મૂલ્ય રૂ. ૧૬૭.૮૫ કરોડ છે. અરવિંદ ફેશન ફ્લિપકાર્ટનો અરવિંદ યુથ બ્રાન્ડમાંનો ૩૧.૨૫ ટકા હિસ્સો રૂ. ૧૩૫ કરોડમાં હસ્તગત કરશે. દરમિયાન મજબૂત ઉત્પાદનને કારણે નવેમ્બરમાં ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ ૬.૭ ટકાના બે વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચી સોમવારે જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, ખાણકામ અને ઉત્પાદન ક્ષેત્રે મજબૂત પ્રદર્શનને કારણે આ વર્ષે નવેમ્બરમાં ભારતનું ઔદ્યોગિક ઉત્પાદન ૬.૭ ટકાના વધારા સાથે બે વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચ્યું હતું. ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક (આઇઆઇપી)ના સંદર્ભમાં માપવામાં આવતા ફેક્ટરી ઉત્પાદનમાં નવેમ્બર ૨૦૨૪માં પાંચ ટકાનો વધારો થયો હતો. અગાઉનો ઉચ્ચતમ દર નવેમ્બર ૨૦૨૩ માં ૧૧.૯ ટકા નોંધાયો હતો.

બજારમાં વધુ ઉછાળા માટે ઉત્પ્રેરકનો અભાવ દેખાય છે, રોકાણકારો મોટાભાગે રજાના મોડમાં છે, જે નજીકના ભવિષ્યમાં સંભવિત કોન્સોલિડેશન તબક્કાનો સંકેત આપે છે. બજારનું સેન્ટિમેનટ ગ્લોબલ સંકેતો અને સ્ટોક-વિશિષ્ટ વિકાસ દ્વારા સંચાલિત રહે છે.

યર એન્ડિંગ માહોલમાં ટ્રેડિંગ વોલ્યુમ નીચું રહ્યુ હતું, સહભાગીઓએ કોઈ મુખ્ય ટ્રિગર્સની ગેરહાજરીમાં વ્યાપક-આધારિત સ્થિતિઓને બદલે પસંદગીયુક્ત એક્સપોઝરને પસંદ કરી રહ્યા હોવાનું બજારના સાધનોએ જણાવ્યું હતું. બીએસઈ સ્મોલકેપ ઇન્ડેક્સમાં ૦.૫૮ ટકાનો ઘટાડો અને મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૪૫ ટકાનો ઘટાડો થતાં વ્યાપક બજારો પણ દબાણ હેઠળ આવ્યા હતા. ક્ષેત્રીય સૂચકાંકોમાં, યુટિલિટીઝમાં સૌથી વધુ ૦.૯૧ ટકાનો ઘટાડો થયો, ત્યારબાદ પાવર (૦.૮૬ ટકા), આઇટી (૦.૮૦ ટકા), બીએસઈ ફોકસ્ડ આઇટી (૦.૭૯ ટકા), રિયલ્ટી (૦.૭૬ ટકા) અને કેપિટલ ગુડ્સ (૦.૭૧ ટકા)નો સમાવેશ થાય છે. બીએસઈ ટેલિકોમ્યુનિકેશન, પીએસયુ બેંક, તેલ અને ગેસ અને એફએમસીજીમાં વધારો થયો. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી બે ટકાથી વધુ ઉછળ્યો. શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ થોડો વધ્યો, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નીચો બંધ થયો. યુરોપના ઇક્વિટી બજારો મોટાભાગે નીચા સ્તરે ટ્રેડ કરી રહ્યા હતા. શુક્રવારે યુએસ બજારો સ્થિર રહ્યા હતા. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ શુક્રવારે રૂ. ૩૧૭.૫૬ કરોડના ઇક્વિટી વેચ્યા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૧,૭૭૨.૫૬ કરોડના શેર ખરીદ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૧.૭૦ ટકા વધીને ૬૧.૬૭ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. શુક્રવારે, સેન્સેક્સ ૩૬૭.૨૫ પોઈન્ટ અથવા ૦.૪૩ ટકા ઘટીને ૮૫,૦૪૧.૪૫ પર સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૯૯.૮૦ પોઈન્ટ અથવા ૦.૩૮ ટકા ઘટીને ૨૬,૦૪૨.૩૦ પર બંધ રહ્યો હતો. ■

રિલાયન્સ ફાઉન્ડેશને શિષ્યવૃત્તિ માટે ૫૧૦૦ વિદ્યાર્થીઓની પસંદગી કરી

મુંબઈ: રિલાયન્સના સ્થાપક અને ચેરમેન સ્વ. ધીરૂભાઈ અંબાણીની ૯૩મી જન્મજયંતીની પૂર્વસંધ્યાએ રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ શિષ્યવૃત્તિની જાહેરાત કરાયેલ. તેમના તરફથી ૫૦૦૦ અંડરગ્રેજ્યુએટ અને ૧૦૦ પોસ્ટગ્રેજ્યુએટને પસંદ કરાયેલ છે. રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક નીતા અંબાણીએ ૨૦૨૨માં દસ વર્ષમાં ૫૦,૦૦૦ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની જાહેરાત કરાયેલ. આના સંદર્ભમાં જ ૫૦૦૦ ગ્રેજ્યુએટ અને ૧૦૦ પોસ્ટગ્રેજ્યુએટને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક મદદ આપવામાં આવશે. શિષ્યવૃત્તિ માટે ૧,૨૫,૦૦૦થી વધુ અરજી પ્રાપ્ત થઈ હતી, જેમાંથી દેશની ૧૫,૫૪૪ શિક્ષણ સંસ્થાના ૫૧૦૦ વિદ્યાર્થીઓને પસંદ કરાયેલ છે. ■



ડૉલર સામે રૂપિયો નવ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી, વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં તથા ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ અને માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની લેવાલીનું વ્યાપક દબાણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો નવ પૈસાના ઘટાડા સાથે ૮૯.૯૯ના મથાળે બંધ રહ્યો હતો.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૯.૯૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૯.૯૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૯.૯૯ અને ઉપરમાં ૮૯.૮૮ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે નવ પૈસા ઘટીને સત્રની નીચી ૮૯.૯૯ની સપાટીએ બંધ રહ્યો હતો. હાલમાં ટ્રેડરોની નજર આ સપ્તાહમાં જાહેર થનારી અમેરિકી ફેડરલ ઓપન માર્કેટ કમિટીની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સની તેમ જ અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટાની જાહેરાત પર સ્થિર થઈ હોવાનું મિરે એસેટ શેરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૯.૬૦થી ૯૦.૨૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

આજે વિશ્વ બજારમાં ક્રિસમસની રજાઓના માહોલમાં પાંખાં કામકાજો વચ્ચે ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે સાધારણ ૦.૦૨ ટકા વધીને ૯૮.૦૩ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૧.૪૮ ટકાની તેજી સાથે બેરલદીઠ ૬૧.૫૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અનુક્રમે ૩૪૫.૯૧ પૉઈન્ટ અને ૧૦૦.૨૦ પૉઈન્ટ ઘટીને બંધ રહ્યા હતા. ■

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પબ્લિક નોટીસ

આથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે ૧૯૬૭ની નોંધણી નં. BOM/HSG/૧૩૮૭ના અન્વયે મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ એક્ટ, ૧૯૬૦ હેઠળ નોંધાયેલ એક કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી, **"અપર્ણા કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ"**, જે ૭૫ S V રોડ, અંધેરી-પશ્ચિમ, મુંબઈ-૫૮ ખાતે આવેલ અને રહેલ છે, જે તમામ બોજાઓ, ગીરો, લિટિગેશનથી મુક્તપણે અને સ્પષ્ટ અને માર્કેટેબલ ટાઈટલ સાથે મારા અસીલને અહીં નીચે લખેલ પ્રથમ અને દ્વિતિય પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ મિલકતો **"સદર મિલકતો"**ની બાબતમાં વિકાસ હક્કો મંજૂર કરવા કબૂલ થયેલ છે.

કોઈપણ શખ્સ જે સદર મિલકતો કે તેના કોઈપણ ભાગની બાબતમાં કરાર, વેચાણ, ટ્રાન્સફર, અદલાબદલી, ટેનાન્સી, સબ-ટેનાન્સી, લીઝ, સબ-લીઝ, ગીરો, (ઈક્વીટેબલ કે બીજી રીતે), ભેટ, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, વારસો, નિભાવ, બીક્વેસ્ટ, કબજો, ઈઝમેન્ટ, એસાઈનમેન્ટ, લાયસન્સ, ડીમાઈસ, બીક્વેસ્ટ, પાર્ટીશન, ચાર્જ, પ્લેજ, ગેરંટી, પારિવારિક વ્યવસ્થા, વિકાસ હક્ક, સંયુક્ત સાહસ, FSI/TDR કંઝમ્પશન, રાઈટ ઓફ પ્રીસ્ક્રીપ્શન કે પ્રી-એમ્પશન, પાર્ટનરશીપ, લોન્સ, એડવાન્સીસ, એક્વીઝીશન, રીક્વીઝીશન, બોજા, ઇંજંક્શન અને/ કે કોઈપણ જપ્તી હેઠળ, કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ ડીક્રી, હુકમ કે એવોર્ડ, ટ્રીબ્યુનલ, રેવન્યુ કે સ્ટેચ્યુટરી ઓથોરીટી કે આર્બીટ્રેશન અથવા કાયદાના સંચાલન દ્વારા અથવા બીજી કોઈ રીતે કે પ્રકારે કોઈપણ દાવો, હક્ક, ટાઈટલ, એસ્ટેટ, હિસ્સો કે હિત ધરાવતા હોય, તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં સહાયક દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનારને તેમની ઓફિસ ૨૦૫ (૨૨એ), ૨જો માળ, સર યુસુફ બિલ્ડિંગ કોન્ડોમિનિયમ, વીર નરીમન રોડ, ફ્લોરા ફાઉન્ટન નજીક, ફોર્ટ, મુંબઈ-૧ ખાતે આ તા. થી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર આવી વ્યક્તિ કે વ્યક્તિઓના દાવા કે દાવાઓ, જો કોઈ હોય તો, તમામ હેતુ અને ઉદ્દેશ્ય માટે ત્યજી દીધેલ અને/ કે છોડી દીધેલ તરીકે ગણાશે.

ઉપર ઉલ્લેખેલ પ્રથમ પરિશિષ્ટ

મ્યુનિસિપલ નં. ૭૮, ૭૯, ૮૦ & ૮૦-A ધરાવતો તેના પર ઉભેલ બિલ્ડીંગો અને સ્ટ્રક્ચર્સ સાથે બાંદ્રાના નોંધણી પેટા-જીલ્લા અને મુંબઈ પરાં જિલ્લામાં ગામ વિલે પાર્લા (પશ્ચિમ)નો સંબંધિત CTS નં. ૬૭૪, ૬૭૪/૧થી ૫, TP સ્કીમ VI, હમણાંનો અંધેરીનો ફાઈનલ પ્લોટ નં. ૭૪ ધરાવતો તથા ઓરિજીનલ પ્લોટ નં. ૭૫ ધરાવતો ઈર્લા ગામ, વિલે પાર્લાનો N.A. સર્વે નં. ૨૧૫-C ધરાવતા હોલ્ડિંગનો ભાગ રચતા અને ભરતમાં ૧૪૩૨ ચો. વાર એટલે કે ૧૧૯૭.૨૯ ચો. મી. કે તે સુમારે ધરાવતા અંધેરીથી વિલે પાર્લા (હવે સ્વામી વિવેકાનંદ રોડનો ભાગ રચતા) તરફ દોરી જતા મારાબનબાદ રોડ ખાતે આવેલ, પડેલ અને રહેલ જમીન અથવા મેદાનનો તે તમામ ટુકડો અને કકડો અને જે નીચે પ્રમાણે ઘેરાયેલ છે:

ઉત્તરે કે તે તરફ: T.P. સ્કીમ VI, અંધેરીના પ્લોટ નં. ૭૩થી.
દક્ષિણે કે તે તરફ: T.P. સ્કીમ VI, અંધેરીના પ્લોટ નં. ૭૫થી.
પૂર્વે કે તે તરફ: પબ્લિક નાળા અને તેની આગળ, સર્વે નં. ૨૮ હિસ્સા નં. ૧, ઈર્લા, વિલે પાર્લા ધરાવતી જમીનથી.
પશ્ચિમે કે તે તરફ: S. V. રોડથી.

ઉપર ઉલ્લેખેલ દ્વિતીય પરિશિષ્ટ

ભરતમાં ૧૮૯૦ ચો. વાર એટલે કે ૧૩૨૯.૪ ચો.મી. (અને પ્રોપર્ટી રજીસ્ટર કાર્ડ મુજબ ભરતમાં ૧૨૬૭ ચો.મી.) કે તે સુમારે ધરાવતા સંબંધિત CTS નં. ૬૬૮, સર્વે નં. ૨૧૮, હિસ્સા નં. ૧ ધરાવતા બાંદ્રાના નોંધણી પેટા-જિલ્લામાં મૌજે વિલે પાર્લા (પશ્ચિમ), તાલુકા અંધેરી, મુંબઈ પરાં જિલ્લા ખાતે આવેલ, પડેલ અને રહેલ ખાલી જમીન અને મેદાનનો તે તમામ ટુકડો અને કકડો અને જે નીચે પ્રમાણે ઘેરાયેલ છે:

દક્ષિણે કે તે તરફ: સર્વે નં. ૨૧૮ હિસ્સા નં. ૫ ધરાવતી જમીનથી.
પૂર્વે કે તે તરફ: સર્વે નં. ૨૧૮ હિસ્સા નં. ૨, ૬ & ૮ ધરાવતી જમીનથી.
પશ્ચિમે કે તે તરફ: પબ્લિક નાળાથી અને તેની આગળ N.A. સર્વે નં. ૨૧૫-C, હવે ટાઉન પ્લાનિંગ સ્કીમ VI, અંધેરીનો ફાઈનલ પ્લોટ નં. ૭૫ તરીકે ડેસીનેટ કરાયેલ છે તે ધરાવતી જમીનથી.
ઉત્તરે કે તે તરફ: અંશતઃ રીતે પબ્લિક નાળાથી અને અંશતઃ રીતે સર્વે નં. ૨૧૮ હિસ્સા નં. ૨ ધરાવતી જમીનથી.

આજ તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૨૫

સહી/-
(ધીરેન એચ. શાહ)
એડવોકેટ & સોલીસીટર

દેશ-વિદેશ

પ્રાચીન ટૅકનોલૉજીનો જયજયકાર: આ ભારતીય નૌકાદળનું જહાજ છે જે ગઈ કાલે પોરબંદરથી ઓમાન જવા નીકળ્યું હતું. આઈએનએસવી કૌંડિન્યા નામનું આ જહાજ પ્રાચીન ભારતીય ટૅકનોલૉજીનો ઉપયોગ સાથે બનાવાયું છે અને આવું જહાજ જગતમાં કોઈની પાસે નથી. આ જહાજની બનાવટમાં ૨,૦૦૦ વર્ષ જૂની ટૅકનોલૉજીનો સહારો લેવામાં આવ્યો છે. નાળિયેરના દોરડાથી સીવેલા લાકડાના પાટિયાથી બનેલું છે. આ જહાજમાં કોઈ ખીલાનો ઉપયોગ થયો નથી. આ જહાજ સંપૂર્ણપણે પવનથી ચાલે છે તેમાં કાપડના સઢનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એનામાં એકેય એન્જિન નથી. (એજન્સી)

શાંતિની સાવ સમીપ છે, યુક્રેન-રશિયા: ટ્રમ્પનો દાવો

પામબીચ : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે રવિવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે યુક્રેન અને રશિયા શાંતિ કરારની 'પહેલા કરતાં વધુ નજીક' છે, કારણ કે તેમણે તેમના ફલોરિડા રિસોર્ટમાં યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી સાથે વાતચીત કરી હતી, પરંતુ તેમણે સ્વીકાર્યું હતું કે વાટાઘાટો જટિલ છે અને હજુ પણ તૂટી શકે છે, જેના કારણે યુદ્ધ વર્ષો સુધી ચાલુ રહેશે.

ટ્રમ્પે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે અઢી કલાકની ફોન વાતચીત બાદ નેતાઓ વાટાઘાટો માટે મળ્યા બાદ આ નિવેદનો કર્યા હતા. ટ્રમ્પે ભારપૂર્વક કહ્યું કે તેઓ માને છે કે પુતિન હજુ પણ શાંતિ ઇચ્છે છે, જોકે , ઝેલેન્સકીએ વાટાઘાટોના માટે યુનાઇટેડ સ્ટેટ્સ ઉડાન ભરી હતી, ત્યારે ભલે રશિયાએ યુક્રેન પર હુમલાનો બીજો રાઉન્ડ શરૂ કર્યો હતો .

ટ્રમ્પે મોડી બપોરે એક ન્યૂઝ કોન્ફરન્સ દરમિયાન તેમની મુલાકાત પછી ઝેલેન્સકી સાથે ઉભા રહીને બોલ્યા કે રશિયા યુક્રેનને સફળ જોવા માગે છે. તેમણે વારંવાર તેમના સમકક્ષની "બહાદુર" તરીકે પ્રશંસા કરી હતી. ટ્રમ્પ અને ઝેલેન્સકી બંનેએ સ્વીકાર્યું હતું કે હજુ પણ કેટલાક જટિલ મુદ્દાઓ છે, જેમાં રશિયા યુક્રેનના પ્રદેશને પોતાના નિયંત્રણમાં રાખી શકે છે કે નહીં, તેમજ ભવિષ્યમાં ફરીથી આક્રમણ ન થાય તે માટે યુક્રેન માટે સુરક્ષા ગેરંટીનો સમાવેશ થાય છે. તેમની ચર્ચા પછી, તેમણે યુરોપિયન નેતાઓના વિશાળ જૂથને બોલાવ્યા હતા, જેમાં યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન અને ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની, યુનાઇટેડ કિંગડમ અને પોલેન્ડના નેતાઓનો સમાવેશ થાય છે.ઝેલેન્સકીએ કહ્યું કે ટ્રમ્પ જાન્યુઆરીમાં ક્યારેક યુરોપિયન નેતાઓને ફરીથી, સંભવતઃ વાઇટ હાઉસમાં, આયોજિત કરવા સંમત થયા છે. ટ્રમ્પે કહ્યું કે આ બેઠક વોશિંગ્ટનમાં અથવા કોઈ જગ્યાએ હોઈ શકે છે. ઝેલેન્સકીએ ટ્રમ્પના કાર્ય બદલ આભાર માનતા કહ્યું કે યુક્રેન શાંતિ માટે તૈયાર છે. ટ્રમ્પે કહ્યું કે તેઓ પુતિનને ફરીથી ફોન કરશે. ■

અમેરિકા શાંતિ યોજના હેઠળ યુક્રેનને ૧૫ વર્ષની સુરક્ષા ગેરંટી આપે છે: ઝેલેન્સ્કી

કીવ: અમેરિકા પ્રસ્તાવિત શાંતિ યોજના હેઠળ યુક્રેનને ૧૫ વર્ષના સમયગાળા માટે સુરક્ષા ગેરંટી આપી રહ્યું છે, એમ ઝેલેન્સ્કીએ સોમવારે જણાવ્યું હતું. જો કે ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે તેઓ રશિયાને તેના પાડોશીની જમીન પર બળજબરીપૂર્વક કબજો કરવાનો પ્રયાસ કરતાં અટકાવવા માટે અમેરિકા તરફથી ૫૦ વર્ષ સુધીની પ્રતિબદ્ધતા પસંદ કરશે.

અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે રવિવારે ફ્લોરિડાના તેમના રિસોર્ટમાં ઝેલેન્સ્કીનું સ્વાગત કર્યું હતું.

તેમજ ભારપૂર્વક જણાવ્યું હતું કે યુક્રેન અને રશિયા શાંતિ કરાર માટે પહેલા કરતાં વધુ નજીક પહોંચ્યા છે. વાટાઘાટકારો હજુ પણ મુખ્ય મુદ્દાઓ પર કોઇ રસ્તો શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે. જેમાં કોની સેના ક્યાંથી પાછી હટશે અને રશિયાના કબજા હેઠળના વિશ્વના ૧૦ સૌથી મોટા પાવર પ્લાન્ટ પૈકીના એક ઝાપોરિઝ્ઝિયા પરમાણુ પાવર પ્લાન્ટનું શું થશે વગેરેનો સમાવેશ થાય છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકાના નેતૃત્વમાં મહિનાઓથી ચાલી રહેલી વાટાઘાટો હજુ પણ નિષ્ફળ જઇ શકે છે. ■

દિલ્હીના શિક્ષકોને રખડતા કૂતરાઓની ગણતરી કરવાનું કામ અપાયું

નવી દિલ્હી: દિલ્હી સરકારે શહેરમાં રખડતાં કૂતરાઓની ગણતરી માટે સ્કૂલ શિક્ષકોને ફરજ પર લગાવવાનો આદેશ આપ્યો છે. સરકારી અને ખાનગી શાળાના શિક્ષકોને આમાં સામેલ કરાશે. જિલ્લા શિક્ષણ અધિકારીઓને નોડલ અધિકારી બનાવવા અને પસંદ કરાયેલા શિક્ષકોની જાણકારી શિક્ષણ વિભાગને આપવા જણાવાયું છે. આ માહિતી દિલ્હી સરકારના મુખ્ય સચિવના કાર્યાલયને સોંપાશે. શિક્ષણ વિભાગ મુજબ, આ કામ લોકોની સુરક્ષા સાથે જોડાયેલું છે અને સુપ્રીમ કોર્ટના સાતમી નવેમ્બર, ૨૦૨૫ના આદેશ અંતર્ગત કરવામાં આવી રહ્યું છે.

દિલ્હીમાં રખડતાં કૂતરાની સંખ્યા સતત વધી રહી છે. સ્કૂલની આસપાસ બાળકોની સુરક્ષાને લઈ ચિંતા વધી ગઈ છે. આ કારણે તંત્રએ નવું પગલું ભર્યું છે. હવે સરકારી સ્કૂલોના શિક્ષકોને સ્કૂલ પરિસર અને આસપાસના રખડતાં કૂતરાની ગણતરી અને દેખરેખનું કામ સોંપવામાં આવ્યું છે. સ્કૂલની અંદર અને બહાર કેટલા રખડતાં કૂતરા ફરી રહ્યા છે, ક્યાં સૌથી વધારે છે અને શું તે બાળકો માટે જોખમી બની શકે છે તેની જવાબદારી શિક્ષકોને આપવામાં આવી છે. આ ઉપરાંત કોઈ વિસ્તારમાં કૂતરાની સંખ્યા વધારે હોય અને બાળકો પર હુમલાનો ખતરો હોય તો તેનો રિપોર્ટ પણ સંબંધિત વિભાગોને આપવો પડશે. તંત્રનું કહેવું છે કે આ પગલાનો હેતુ બાળકોને સુરક્ષિત રાખવાનો છે. જોકે અનેક શૈક્ષણિક સંગઠનોએ આ નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી છે. તેમનું કહેવું છે કે શિક્ષકોનું મુખ્ય કામ ભણાવવાનું છે, નહીં કે રખડતાં કૂતરાની ગણતરી કરવાનું. ■

આંધ્રમાં ટાટાનગર - એર્નાકુલમ ટ્રેનમાં ભીષણ આગ: એકનું મોત

વિશાખાપટ્ટનમ: આંધ્ર પ્રદેશમાં ટાટાનગર-એર્નાકુલમ એક્સપ્રેસના બે ડબ્બામાં આગ ફાટી નીકળી હતી. જેમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. આ ઘટના વિશાખાપટ્ટનમથી લગભગ ૭૦ કિમી દૂર યેલમાંચિલીમાં બની હતી. આ જાણકારી પોલીસે સોમવારે આપી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ પોલીસને રાત્રે ૧૨-૪૫ વાગ્યે આગ લાગવાની સૂચના મળી હતી. જ્યારે ટ્રેનમાં આગ લાગી ત્યારે અસરગ્રસ્ત કોચમાંથી એકમાં ૮૨ મુસાફરો અને બીજા કોચમાં ૭૬ મુસાફરો હતા. દુર્ભાગ્યવશ કોચ બી-વનમાંથી એક મૃતદેહ મળી આવ્યો હોવાનું અધિકારીએ ઉમેર્યું હતું. મૃતકની ઓળખ ચંદ્રશેખર સુંદરમ તરીકે થઇ છે.

પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું હતું કે આગ કોચના ઇલેક્ટ્રિકલ પેનલ બાજુથી લાગી ન હતી, જેમ કે સામાન્ય રીતે થતું હોય છે. પરંતુ લિનન સ્ટોરેજ એરિયામાંથી લાગી હતી. દક્ષિણ મધ્ય રેલ્વે(એસસીઆર)ના વિજયવાડા વિભાગ તરફથી એક પ્રેસ રિલીઝમાં જણાવાયું છે કે વધુ તપાસ ચાલુ છે. મૃતકોના પરિવારને વળતરની રકમ આપવાની જાહેરાત કરવામાં આવી છે. ■

મેક્સિકોમાં ટ્રેન ખડી પડતા ૧૩નાં મોત

મેક્સિકો સિટી: દક્ષિણ મેક્સિકોમાં રવિવારે એક ટ્રેન અકસ્માત સર્જાયો હતો, જેમાં પેસિફિક મહાસાગરને ગલ્ફ ઓફ મેક્સિકો સાથે જોડતી 'ઇન્ટરઓશિયેનિક ટ્રેન' ખડી પડી હતી. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૧૩ લોકોનાં મોત થયા હતા અને ૯૮ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. અહેવાલો અનુસાર, ટ્રેન જ્યારે ઓક્સાકા અને વેરાક્રુઝની સરહદ પર આવેલા નિઝાન્ડા શહેર નજીક એક વળાંક પરથી પસાર થઈ રહી હતી, ત્યારે તે પાટા પરથી નીચે ઉતરી ગઈ હતી. ■

'હું અને માલ્યા સૌથી મોટા ભાગેડુ' કમેન્ટ બદલ લલિત મોદીએ માફી માગી

લંડન: આઈપીએલના સ્થાપક લલિત મોદીએ સોમવારે સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરેલા એક વીડિયોમાં પોતાને અને વિજય માલ્યાને ભારતના બે સૌથી મોટા ભાગેડુ કહેવા બદલ માફી માંગી હતી અને કહ્યું કે તેમના નિવેદનનું ખોટુ અર્થઘટન કરવામાં આવ્યુ છે.

લંડનમાં માલ્યાના ૭૦મા જન્મદિવસની ઉજવણીમાંથી હાલમાં ડિલીટ કરાયેલા વીડિયોમાં, લલિત મોદીએ આ જોડીના ભારતના બે સૌથી મોટા ભાગેડુ તરીકેના દરજ્જા અંગે મજાક કરી હતી.

લલિત મોદીએ એક્સ પર માફી માંગતા કહ્યું કે, જો મેં કોઈની લાગણીઓને ઠેસ પહોંચાડી હોય, ખાસ કરીને ભારત સરકાર, જેના માટે હું સૌથી વધુ આદર ધરાવું છું, તો હું માફી માંગુ છું.

તેણે ઉમેર્યું હતું કે, ખોટુ અર્થઘટન'' કરવામાં આવ્યુ છે. અને તેનો ક્યારેય એવો હેતુ નહોતો.

તેણે ખૂબ માફી માંગીને પોસ્ટનો અંત કર્યો હતો.ભારતે લલિત મોદી અને માલ્યા સહિત વિદેશથી આર્થિક ભાગેડુઓને દેશમાં કાયદાનો સામનો કરવા માટે પાછા લાવવા માટે પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું તેના થોડા દિવસો પછી આ માફી માગવામાં આવી છે.

લલિત મોદી અને માલ્યા બંને નાણાકીય ગેરરીતિના આરોપોને લઈને ભારતમાં કાનૂની પડકારોનો સામનો કરી રહ્યા છે.

લલિત મોદી ભારતીય તપાસ એજન્સીઓ દ્વારા મની લોન્ડરિંગમાં કથિત સંડોવણી અને ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, ૧૯૯૯ (ફેમા)ના ઉલ્લંઘન માટે વોન્ટેડ છે. ■

મુંબઈવાસીઓ માટે સારા સમાચાર!

૩૧મી ડિસેમ્બરે મેટ્રો ‘એક્વાલાઇન’ આખી રાત

મુંબઈ : મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશને (એમએમઆરસી) નવા વર્ષનું સ્વાગત કરવા માટે ઘર બહાર નીકળેલા મુંબઈકરોને આરામદાયક અને સલામત મુસાફરી સુનિશ્ચિત કરવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ૩૧ ડિસેમ્બરની રાત્રે ઉજવણી માટે બહાર જતા મુસાફરોની સુવિધા માટે ‘એક્વાલાઇન’ (મેટ્રો-૩) આખી રાત ચાલુ રહેશે. જેથી, મધ્યરાત્રિએ ઘરે પાછા ફરતા મુસાફરોને ટેક્સી કે રિક્ષાની રાહ જોવાની જરૂર રહેશે નહીં.

આ ખાસ સેવા ૩૧ ડિસેમ્બરના રોજ રાત્રે ૧૦:૩૦ વાગ્યાથી શરૂ થઈને ૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ સવારે ૫:૫૫ વાગ્યા સુધી સતત ચાલુ રહેશે. ત્યારબાદ, ૧ જાન્યુઆરીના રોજ નિયમિત મેટ્રો સેવા સવારે ૫:૫૫ વાગ્યાથી રાબેતા મુજબ ફરી શરૂ થશે. આનો અર્થ એ થયો કે

(જુઓ પાનું ૪) ▸▸

જાન્યુઆરીથી બોરીવલી અને ચર્ચગેટ વચ્ચે નવી ૨૨ લોકલ ટ્રેનો

મુંબઈ : પશ્ચિમ રેલવે પર બહુપ્રતિક્ષિત કાંદિવલી અને બોરીવલી વચ્ચે છઠ્ઠી લાઇનનું કામ પૂર્ણ થવાને આરે છે. આ કામ પૂર્ણ થયા પછી, બોરીવલી અને ચર્ચગેટ વચ્ચે ૨૨ નવી સેવાઓનો ઉમેરો થશે, જેથી મુસાફરોને નોંધપાત્ર રાહત મળશે.

જાન્યુઆરીથી લોકોને આ સુવિધા મળવાનું શરૂ થવાની અપેક્ષા છે. આ સુવિધા ટૂંક સમયમાં નવા સમયપત્રકમાં સામેલ થઈ શકે છે.

પશ્ચિમ રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે મુસાફરોને ઓછામાં ઓછી અસુવિધા થાય તે માટે કામ ખૂબ જ

(જુઓ પાનું ૪) ▸▸

રદ થયેલી ટ્રેનોએ મુશ્કેલીઓમાં વધારો કર્યો

પશ્ચિમ રેલ્વેના મુસાફરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. કાંદિવલી અને બોરીવલી વચ્ચે ચાલી રહેલા માળખાગત કામને કારણે, આખા દિવસમાં આશરે ૨૩૫ લોકલ ટ્રેનો રદ કરવામાં આવી હતી. આની સીધી અસર મુખ્ય સ્ટેશનો પર પડી, જ્યાં પ્લેટફોર્મ પર સામાન્ય દિવસો કરતાં વધુ મુસાફરોની ભીડ જોવા મળી હતી. રવિવારે અન્ય દિવસો કરતાં વધુ સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હોવાનું

(જુઓ પાનું ૪) ▸▸

પહેલા દિવસે મોટા પક્ષોએ માત્ર ૧૪ ગુજરાતી-મારવાડીઓને ઉમેદવારી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની સવા કરોડની વસતીમાં ૩૫ લાખથી વધુ ગુજરાતીઓની વસતિ હોવા છતાં જયારે રાજકીય ક્ષેત્રે પ્રતિનિધિત્વ આપવાની વાત આવે ત્યારે તમામ રાજકીય પક્ષો હંમેશાથી ગુજરાતીઓ તરફ અન્યાય કરતા આવ્યા છે. પહેલા દિવસે માત્ર ૧૪ ગુજરાતી-મારવાડીને ઉમેદવારી આપી હતી, જેમાં કૉંગ્રેસે છ ગુજરાતી-મારવાડી અને ભાજપે માત્ર આઠ ઉમેદવારને સ્થાન આપ્યું હતું. ઉદ્ધવની યુબીટી અને શિંદે સેનાના પહેલા દિવસની યાદીમાં એક પણ ગુજરાતી નામ જોવા મળ્યા નહોતા.

ભાજપે સોમવારે મોડે સુધી ૮૬થી વધુ ઉમેદવારને ‘એબી’ ફોર્મ આપ્યા હતા, તેમાંથી માત્ર આઠ ગુજરાતીઓને સ્થાન મળ્યું હતું. આ ગુજરાતીઓમાં દહિસર વોર્ડ નંબર આઠમાંથી ભૂતપૂર્વ નગરસેવક જીતેન્દ્ર પટેલને ફરી ટિકિટ આપવામાં આવી છે. વોર્ડ નંબર ૧૫થી જીજ્ઞા શાહને ઉમેદવારી આપવામાં આવી છે. ૨૦૧૭માં અહીંથી પ્રવીણ શાહ ચૂંટાયા હતા. વોર્ડ નંબર ૫૮માંથી ભૂતપૂર્વ નગરસેવક સંદીપ પટેલને ફરી ઉમેદવારી આપવામાં આવી છે. વોર્ડ નંબર ૯૭માથી ભૂતપૂર્વ નગરસેવિકા હેતલ ગાલાને પણ ફરી ટિકિટ આપવામાં આવી છે. વોર્ડ નંબર ૧૦૩ મુલુંડમાં હેતલ ગાલા- મોર્વેકરને ટિકિટ આપી છે. ૨૦૧૭માં અહીંથી મનોજ કોટક જીત્યા હતા. વોર્ડ નંબર ૧૦૭માંથી ભૂતપૂર્વ નીલ સોમૈયાને ટિકિટ આપવામાં આવી છે. ૨૦૧૭માં તેઓ વોર્ડ નંબર ૧૦૮માંથી ચૂંટણી લડયા હતા પણ તેમનો ઓબીસી મહિલાને અનામત

(જુઓ પાનું ૪) ▸▸

ભાજપ ૧૩૭ અને શિંદે સેના ૯૦

મુંબઈ મહાનગરપાલિકાની આગામી મહિને યોજાઈ રહેલી ચૂંટણીમાં ભાજપ અને શિંદે સેના વચ્ચે યુતિનો અંતિમ આંકડો સોમવારે મોડી રાતે જાહેર કરવામાં આવ્યો હતો. ભાજપ ૧૩૭ અને શિંદે સેના ૯૦ બેઠકો પર ઉમેદવાર આપશે. આ ઉપરાંત બંને પક્ષોએ પોતાના સહયોગીઓને પોતાના ક્વોટામાંથી ટિકિટ આપવાની રહેશે. આમ આઠવલેને ભાજપ પોતાના ક્વોટામાંથી કેટલી બેઠકો આપે છે તે જોવાનું રહેશે. ■

નવા વર્ષની ઉજવણીમાં ડ્રગ્સનું સેવન રોકવા પોલીસની ચાંપતી નજર

પાર્ટીઓ પર નજર રાખવા સ્પેશિયલ ટીમ્સ બનાવાઈ

ડ્રગ્સ મળ્યું તો કડક કાર્યવાહીની ચેતવણી

વીતેલા વર્ષમાં ૮૧૪ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત

ચાર આરોપી પ્રત્યર્પણ દ્વારા ભારત લવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવા વર્ષની ઉજવણી દરમિયાન ડ્રગ્સનું સેવન કરનારાઓ પર ચાંપતી નજર રાખવા એન્ટિ-નાર્કોટિક્સ સેલ (એએનસી) અને પોલીસ સ્ટેશનોની સ્પેશિયલ ટીમ્સ બનાવવામાં આવી છે. આ ટીમના અધિકારીઓ થર્ટીફર્સ્ટની રાતે થનારી પાર્ટીઓ પર નજર રાખશે અને ડ્રગ્સનો ઉપયોગ થતો હોવાનું જણાશે તો કડક કાર્યવાહી કરશે. વીતેલા વર્ષમાં ડ્રગ્સ સિન્ડિકેટ ચલાવનારા ચાર આરોપીને પ્રત્યર્પણ દ્વારા ભારત લાવવામાં પોલીસને સફળતા મળી હતી.

ડેપ્યુટી પોલીસ કમિશનર નવનાથ ઢવળેએ જણાવ્યું હતું કે ૨૦૨૫માં એનડીપીએસ ઍક્ટ હેઠળ ૧,૦૯૬ કેસ નોંધાયા હતા, જેમાં ૧,૩૮૬ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓ પાસેથી અંદાજે ૮૧૪ કરોડ રૂપિયાનું ૧,૬૫૩ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું.

(જુઓ પાનું ૪) ▸▸

વાયુ પ્રદૂષણ રોકવા માટે કડક પગલાં

ચાર પ્લાન્ટને તાળાં, ૩૭ સામે કાર્યવાહી અને ૧.૮૭ કરોડનો દંડ

મુંબઈ : વાયુ પ્રદૂષણને કાબૂમાં લેવા મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (એમપીસીબી)એ મુંબઈમાં ચાર રેડી-મિક્સ કોંક્રિટ (આરએમસી) પ્લાન્ટ બંધ કરી દીધા છે અને ૩૭ યુનિટ સામે કાર્યવાહી શરૂ કરી છે. એટલું જ નહીં, રૂ. ૧.૮૭ કરોડનો દંડ પણ વસૂલવામાં આવ્યો છે.

એમપીસીબીના સભ્ય સચિવ એમ દેવેન્દ્ર સિંહે વાયુ પ્રદૂષણમાં નિમિત્ત બનતા આરએમસી પ્લાન્ટ સામે શરૂ થયેલી કાર્યવાહીનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે ‘નિર્ધારિત શરતોના પાલનની ખાતરી કરવા સ્પેશિયલ ફ્લાઇંગ સ્ક્વોડ તાત્કાલિક નિરીક્ષણ શરૂ કરશે અને ઉલ્લંઘન કરનારાઓ સામે પ્લાન્ટ બંધ કરવા સહિત અન્ય કડક કાર્યવાહી કરવામાં આવશે.’

રવિવારે દેવેન્દ્ર સિંહ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે કે મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડ

(જુઓ પાનું ૪) ▸▸

મુંબઈ-અમદાવાદ હાઈવેની હાલત ખરાબ ₹ ૬૨૧ કરોડ ખર્ચવા છતાં ખાડા અને ૨૦ કિમી. લાંબો ટ્રાફિક જામ

વ્હાઈટ ટોપિંગ પ્રોજેક્ટમાં ભ્રષ્ટાચારના આક્ષેપો અને રજાઓના માહોલમાં પ્રવાસીઓની ભારે હાલાકી

મુંબઈઃ કરોડો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલાં મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર ટ્રાફિકની સમસ્યા સહિતની અન્ય સમસ્યાઓ સમય જતાં ઉકેલાવાના બદલે દિવસે-દિવસે વણસતી જ જઈ રહી છે. રૂપિયા ૬૨૧ કરોડ રૂપિયાના જંગી ખર્ચે બનાવવામાં આવેલાં આ હાઈવે પર જ્યાં જુઓ ત્યાં બસ ખાડાઓ જોવા મળી રહ્યા છે અને એને કારણે પ્રવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

મુંબઈ અને ગુજરાતને જોડતાં ખૂબ જ મહત્ત્વના અને વ્યસ્ત એવા મુંબઈ-અમદાવાદ હાઈવેની હાલત અત્યારે દયનીય બની ગઈ છે. એમાં પણ ખાસ

(જુઓ પાનું ૪) ▸▸

એક્સપ્રેસ ટ્રેનમાં પ્રવાસીની સતર્કતાથી નકલી ટિકિટ ઈન્સ્પેક્ટર પકડાયો

થાણેઃ એક્સપ્રેસ ટ્રેનમાં પ્રવાસીઓની ટિકિટ ચેક કરનારો નકલી ટિકિટ ઈન્સ્પેક્ટર સતર્ક પ્રવાસીને કારણે ઝડપાઈ ગયો હતો.

ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ સુરેન્દ્ર રાજેન્દ્ર મૌર્ય (૨૭) તરીકે થઈ હતી. ઉત્તર પ્રદેશના વતની મૌર્યને કસારા સ્ટેશન નજીક પકડી પાડવામાં આવ્યો હતો.

ગવર્નમેન્ટ રેલવે પોલીસના જણાવ્યા મુજબ ઘટના ૨૬ ડિસેમ્બરે મનમાડથી છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) આવતી તપોવન એક્સપ્રેસમાં બની હતી. ટિકિટ ઈન્સ્પેક્ટરના સ્વાંગમાં મૌર્ય પ્રવાસીઓની ટિકિટ તપાસી રહ્યો હતો ત્યારે એક પ્રવાસીને શંકા ગઈ હતી.

સતર્ક પ્રવાસીએ તાત્કાલિક ચીફ ટિકિટ ઈન્સ્પેક્ટર (સીટીઆઈ)ને

(જુઓ પાનું ૪) ▸▸

‘જસ્ટિસ ચંદ્રચુડ’ને નામે ૩.૭૧ કરોડનું સાયબર ફ્રોડઃ સુરતથી યુવાન પકડાયો

મની લોન્ડરિંગના કેસમાં ડિજિટલ અરેસ્ટ બતાવી વૃદ્ધા પાસેથી નાણાં પડાવ્યાં

મુંબઈઃ મની લોન્ડરિંગના કેસમાં ડિજિટલ અરેસ્ટ બાદ જસ્ટિસ ચંદ્રચુડના સ્વાંગમાં અંધેરીની ૬૮ વર્ષની વૃદ્ધા સાથે ૩.૭૧ કરોડ રૂપિયાનું સાયબર ફ્રોડ કરવા પ્રકરણે પોલીસે સુરતથી યુવાનની ધરપકડ કરી હતી.

ડિજિટલ અરેસ્ટને બહાને સાયબર ઠગ ટોળકી ફરિયાદી પર સતત નજર રાખતી હતી. ૧૮ ઑગસ્ટથી ૧૩ ઑક્ટોબર દરમિયાન ફરિયાદીને વિવિધ બૅન્ક ખાતામાં ૩.૭૧ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવાની ફરજ પડાઈ હતી. બાદમાં આરોપીઓના કૉલ આવવાનું બંધ થતાં ફરિયાદીને પોતે છેતરાઈ હોવાની જાણ થઈ હતી. તેણે સાયબર પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદને આધારે વેસ્ટ રિજન સાયબર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે ફરિયાદીએ જે બૅન્ક ખાતાઓમાં નાણાં ટ્રાન્સફર કર્યાં હતાં તેમાંથી એક સુરતના યુવાનનું હતું. પોલીસની ટીમ તાત્કાલિક સુરત પહોંચી હતી અને યુવાનને પકડી પાડ્યો હતો. જોકે તેની ઓળખ છતી કરવાનો પોલીસે ઇનકાર કર્યો હતો.

આરોપી યુવાને કાપડ વ્યવસાયને લગતી બનાવટી કંપનીને નામે બૅન્કમાં કરન્ટ એકાઉન્ટ ખોલાવ્યું હતું. બાદમાં એકાઉન્ટ સાયબર ઠગ ટોળકીને ઑપરેટ કરવા આપ્યું હતું. આ ખાતામાં ફરિયાદી પાસેથી પડાવેલાં નાણાંમાંથી સૌથી મોટી રકમ ૧.૭૧ કરોડ રૂપિયા જમા થઈ હતી. આના માટે તેને ૬.૪૦ લાખ રૂપિયાનું કમિશન મળ્યું હતું. પૂછપરછમાં યુવાને જણાવ્યું હતું કે

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

ભાજપના વર્ચસવાળા અને દલિત વસ્તી ન હોય એવી બેઠકો પર વીબીએને ઉમેદવારી

છેલ્લી ઘડીના ગઠબંધનની જાહેરાતથી કૉંગ્રેસ કાર્યકર્તાઓ અસ્વસ્થ

મુંબઈઃ ઉમેદવારી પત્રો ભરવાની અંતિમ તારીખના થોડા દિવસો પહેલા જ આગામી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં એકલા ઊતરવાના નિર્ણયને રદ કરીને કૉંગ્રેસે યુ-ટર્ન લીધો છે. જોકે, પક્ષના આ નિર્ણયથી કાર્યકરો ચોંકી ગયા છે.

અગાઉ કૉંગ્રેસે દાવો કર્યો હતો કે તે ૧૫ જાન્યુઆરીએ યોજાનારી ચૂંટણી તમામ ૨૨૭ વોર્ડ પર પક્ષ એકલપંડે લડશે. જોકે, રવિવારે પ્રકાશ આંબેડકરની આગેવાની હેઠળની વંચિત બહુજન આઘાડી (વીબીએ) સાથે હાથ મિલાવી કૉંગ્રેસે તેને ૬૨ બેઠક ફાળવી છે. નેતાઓએ જણાવ્યું હતું કે વીબીએ ઉપરાંત, કૉંગ્રેસે રાષ્ટ્રીય સમાજ પક્ષ (આરએસપી)ને ૧૦ અને રિપબ્લિકન પાર્ટી ઑફ ઈન્ડિયા (ગવઈ જૂથ)ને બે બેઠક ફાળવી છે આ નિર્ણય પક્ષના શહેર એકમના કાર્યકરોને અસ્વસ્થ કરી રહ્યો છે.

પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ દ્વારા મુંબઈ એકમ અંગે આટલો મહત્વપૂર્ણ નિર્ણય અગાઉ ક્યારેય જાહેરમાંથી કરવામાં આવ્યો એ બાબત પર વરિષ્ઠ નેતાઓએ ધ્યાન દોર્યું હતું. જોકે, શહેર એકમના પ્રમુખ વર્ષા ગાયકવાડે કહ્યું હતું કે તેઓ ગઠબંધન અને બેઠક કરારથી ખુશ છે. રાજ્ય કૉંગ્રેસને લાગે છે કે તે એક સ્વતંત્ર રાજકીય કેડી તૈયાર કરી રહી છે.

વીબીએ સાથેની બેઠક વહેંચણીની ગોઠવણથી મુંબઈ કૉંગ્રેસના કાર્યકર્તાઓને આઘાત લાગ્યો છે, કારણ કે પક્ષે છ લોકસભા મત વિસ્તારમાંથી દરેકમાં વીબીએને ૧૦ થી વધુ વોર્ડ ફાળવ્યા હોવાના અહેવાલ છે.

રસપ્રદ વાત એ છે કે, આમાંના ઘણા વોર્ડ ભાજપનો ગઢ માનવામાં આવે છે. કૉંગ્રેસે સ્પર્ધામાં ઉતરવાનું નક્કી નહીં કરી આ વિસ્તાર છોડી દીધા હશે એવું વિશ્લેષકોનું તારણ છે. કૉંગ્રેસના એક વરિષ્ઠ કાર્યકર્તાએ દાવો કર્યો હતો કે શહેરના નેતૃત્વના કેટલાક લોકોએ અંગત હિતોનું રક્ષણ કરવા માટે શાસક ભાજપ સાથે સમજૂતી કરી હતી.

એક નેતાએ જણાવ્યું હતું કે ‘પ્રભાદેવી-માહિમ પટ્ટામાં

(જુઓ પાનું ૪) ▸▸

અરવલ્લીની વ્યાખ્યા પર સુપ્રીમ કોર્ટના સ્ટેને આદિત્ય ઠાકરેએ આવકાર્યો

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ સોમવારે અરવલ્લી પર્વતમાળાની નવી વ્યાખ્યા પર સુપ્રીમ કોર્ટના ૨૦ નવેમ્બરના પોતાના આદેશ પર સ્ટે મૂકવાના નિર્ણયનું સ્વાગત કરી જણાવ્યું હતું કે રાહત, ભલે મોટી હોય, તેને કાયમી બનાવવી જોઈએ. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર એક પોસ્ટમાં ઠાકરેએ રજૂઆત કરી હતી કે અરવલ્લી પર્વતમાળા સુરક્ષિત હોવા અંગેની ખોટી માહિતીના અભિયાનનો શિકાર ન બનવું પણ મહત્ત્વનું છે.

સુપ્રીમ કોર્ટે સોમવારે ૨૦ નવેમ્બરના ચુકાદામાં આપેલા નિર્દેશોને સ્થગિત રાખ્યા હતા. એ ચુકાદામાં વરિષ્ઠ અદાલતે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયની સમિતિ દ્વારા ભલામણ કરાયેલ અરવલ્લી ટેકરીઓ અને પર્વતમાળાઓની એક સમાન વ્યાખ્યા સ્વીકારી હતી. સિવાય આ મુદ્દાની સંપૂર્ણ અને સર્વાંગી તપાસ કરવા માટે ડોમેન નિષ્ણાતોની

(જુઓ પાનું ૪) ▸▸

મતભેદોને બાજુ પર રાખો, મુંબઈને બચાવવા માટે સેના સાથે એક થઈને કામ કરોઃ રાજ ઠાકરે

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ સોમવારે તેમના પક્ષના કાર્યકરોને મતભેદોને બાજુ પર રાખીને શિવસેના (યુબીટી) સાથે એક થઈને કામ કરવા અને ૧૫ જાન્યુઆરીએ યોજાનારી ચૂંટણીમાં બંને પક્ષોના ગઠબંધનને વિજયી બનાવવા જણાવ્યું હતું.

પાર્ટી કાર્યકરોને સંબોધતા ઠાકરેએ કહ્યું હતું કે કેટલાક લોકો મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવાનું સપનું જોઈ રહ્યા છે અને તેના માટે યોજનાઓ બનાવવામાં આવી રહી છે. ‘‘મુંબઈને અલગ કરવાનું આ સપનું નષ્ટ થવું જોઈએ. મુંબઈ મરાઠી માણસ અને મહારાષ્ટ્રનું છે. આ ચૂંટણી મરાઠી માણસ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. મહારાષ્ટ્રથી મોટી કોઈ લડાઈ નથી,’’ પાર્ટી નેતા બાલા નાંદગાંવકરે ઠાકરેને ટાંકીને કહ્યું હતું.

ઠાકરેએ વધુમાં જણાવ્યું હતું કે, પાર્ટીના કાર્યકરોએ ગઠબંધન ધર્મનું પાલન કરવું જોઈએ કારણ કે આ મહાનગરપાલિકાની ચૂંટણીમાં દરેક બેઠક મહત્ત્વની છે.

મુંબઈને બચાવવા માટે મતભેદો બાજુ પર રાખો. શિવસેના (યુબીટી) અને એનસીપી (એસપી) ના ઉમેદવારોના

(જુઓ પાનું ૪) ▸▸

યમન નાગરિક વિરુદ્ધ કેસના નિકાલમાં ઝડપ કરોઃ હાઈ કોર્ટ

અટકાયતથી સરકાર પર આર્થિક બોજ પડે છે

મુંબઈઃ માદક દ્રવ્યોના બે કેસમાં યમનના નાગરિક સામેનો ખટલો ઝડપી બનાવવાનો નિર્દેશ બોમ્બે હાઈ કોર્ટે મુંબઈની અદાલતને આપી જણાવ્યું છે કે કેસનો નિકાલ ન આવવાના કારણે ભારતમાં તેને અટકાયતમાં રાખવાથી સરકારી તિજોરી પર બિનજરૂરી બોજ પડી રહ્યો છે.

ગયા અઠવાડિયે આપવામાં આવેલા આદેશમાં ન્યાયમૂર્તિ એ એસ ગડકરી અને ન્યાયમૂર્તિ આર આર ભોસલેની ખંડપીઠે જણાવ્યું હતું કે ‘યમનના નાગરિક વિરુદ્ધ ફરિયાદો પર અંતિમ નિર્ણય લેવાનો બાકી હોવાથી તેને તેના દેશમાં નથી મોકલી શકાતો અને તેને ભારતમાં અટકાયતમાં રાખવો પડશે. એને જીવનની મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડવા માટે સરકારી તિજોરી પર બિનજરૂરી બોજ પડી રહ્યો છે.’ ખંડપીઠે સંબંધિત મેજિસ્ટ્રેટ કોર્ટને ત્રણ મહિનાના સમયગાળામાં બંને કેસનો નિકાલ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

આરોપી ગલાલ નાજી મોહમ્મદે

(જુઓ પાનું ૪) ▸▸

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.